કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૭ જૂન, ૨૦૨૬ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૩♦વર્ષ : 33 ♦પાના -૧૨ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH-184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૨ ♦ જેઠ વદ - ૭ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# દેશમા મોંઘવારીનો વધુ એક માર

**ઘરનો ચૂલો સળગાવવો મોંઘો થયો, ગેસના બાટલામાં ૨૯ રૂપિયાનો ભાવ વધારો ઝીંકાયો : રસોડાનું બજેટ ખોરવાયું! ત્રણ મહિનામાં બીજી વખત વધ્યા રાંધણગેસના ભાવ**



નવી દીલ્હી : :સામાન્ય ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝાટકો આપતા સરકારે ઘરેલુ રસોઈ ગેસ સિલિન્ડરની કિંમતોમાં રૂપિયા ૨૯નો વધારો કર્યો છે.નવો દરો પ્રમાણે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે ૧૪.૨ કિલોગ્રામનો ઘરેલુ LPG સિલિન્ડર હવે રૂપિયા ૯૧૩થી વધીને રૂપિયા ૯૪૨ પર ઉલબ્ધ બનશે. આ ભાવ વધારો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે.

## કોંગ્રેસે પણ સરકાર પર નિશાન સાધ્યું

નવી દીલ્હી અગાઉ, કોંગ્રેસ પાર્ટીએ તેના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી પોસ્ટ કર્યું હતું કે, મોંઘવારી માણસ મોદીએ ફરી એકવાર ચાબુક મારી છે. હવે, ઘરેલુ ગેસ સિલિન્ડર ૨૯ રૂપિયા મોંઘા કરવામાં આવ્યા છે. પીએમ મોદીની રણનીતિ સ્પષ્ટ છે. જનતા પાસેથી પૈસા વસૂલ કરો, તેમના શ્રીમંત મિત્રની તિજોરી ભરો. સરકારી તેલ કંપનીઓએ ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે, દિલ્હીમાં સિલિન્ડરની કિંમત ૯૧૩ રૂપિયાથી વધીને ૯૪૨ રૂપિયા થઈ ગઈ છે.

છેલ્લા ત્રણ મહિનામાં ઘરેલુ ગેસની કિંમતમાં આ બીજી વખતનો ભાવ વધારો છે. આ અગાઉ ૭મી માર્ચના રોજ સરકારે ઘરેલુ ગેસ LPG સિલિન્ડરની કિંમતમાં રૂપિયા ૬૦ વધારો કર્યો હતો. સતત બીજી વખત ભાવ વધારો કરવામાં આવતા ગ્રાહકોના માસિક ઘરેલુ બજેટ પર બોજ વધશે.ઔદ્યોગિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે પશ્ચિમ એશિયામાં જે ભૂ-રાજકીય તણાવની સ્થિતિ પ્રવર્તિ રહી છે અને વૈશ્વિક એનર્જી બજારોમાં ભારે અફરા-તફરીનો માહોલ પ્રવર્તિ રહ્યો છે તેને લીધે LPGની કિંમતમાં આ ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે માર્ચ મહિનામાં કિમતમાં જે રૂપિયા ૬૦નો ભાવ વધારો કરવામાં આવ્યો હતો તેમ છતાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ ઘરેલુ LPGના વેચાણમાં ભારે નુકસાન કરી રહી છે તેવો દાવો કરવામાં આવતો હતો.

આજે જે ભાવ વધારો કરવામાં આવ્યો તે અગાઉ આ કંપનીઓને દરેક ઘરેલુ સિલિન્ડર પર આશરે રૂપિયા ૭૦૩ નુકસાન થતો હોવાનો દાવો કરવામાં આવતો હતો.

અનુસંધાન પાના નં.૪ પર

## અમદાવાદ પોલીસ કમિશનરની ખાલી પડેલી જગ્યાનો અન્ય અધિકારીને ચાર્જ સોંપાશે કે રેગ્યુલર નિમણૂક કરાશે ?



પિયુષ પટેલ | અનુપમસિંહ ગેહલોત | શરદ સિંઘલ

**અમદાવાદ પોલીસ કમિશનર ની રેસમાં એસીબીના વડા પિયુષ પટેલ સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને બરોડા પોલીસ કમિશનર ના નામોની ચર્ચા**

ગાંધીનગર : રાજ્યના ડીજીપી તરીકે જી.એસ.મલિક ની નિમણૂંક કરવામાં આવતા અમદાવાદ પોલીસ કમિશનર ની ખાલી પડેલી જગ્યા પર હવે કોની નિમણૂંક કરવામાં આવશે તે અંગે ત્રણ નામો ની અટકળો વહેતી થઈ છે. અમદાવાદ પોલીસ કમિશનરની ખાલી પડેલી જગ્યા પર સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, બરોડાના પોલીસ કમિશનર અને એસીબી ના વડા પિયુષ પટેલના નામો ચર્ચાઈ રહ્યા છે.સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ. મલિક ને રાજ્યના પોલીસ વડા તરીકે નિમણૂંક આપવામાં આવતા અમદાવાદ પોલીસ કમિશનર ની જગ્યા ખાલી પડી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ પોલીસ કમિશનરની ખાલી પડેલી જગ્યા પર હાલ જો કોઈ નિમણૂંક કરવામાં ન આવે તો અમદાવાદ પોલીસ કમિશનર નો ચાર્જ ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલ ને સોંપવામાં આપવામાં આવે તેવી શક્યતા છે.અમદાવાદ પોલીસ કમિશનરની ખાલી પડેલી જગ્યા નો હાલ ચાર્જ સોંપવામાં આવશે કે પછી રેગ્યુલર નિમણૂંક કરવામાં આવશે તે અંગે આગામી બે-ચાર દિવસમાં જ રાજ્ય સરકાર નિર્ણય લે તેવી શક્યતા છે.

અનુસંધાન પાના નં.૪ પર

## આગામી ટૂંક સમયમાં રાજ્યના ૧૦થી વધુ ગેસ કેડરના અધિકારીઓને આઈએએસમાં નોમિનેશન મળશે

ગાંધીનગર: રાજ્યના ૧૫ જેટલા અધિકારીઓને નોમિનેશન આપવા માટે ટૂંક સમયમાં યુપીએસસીની કમિટીની બેઠક મળનારી હોય આગામી સપ્તાહ બાદ ગેસ કેડરના અધિકારીઓને આઈએએસમાં નોમિનેશન મળે તેવી શક્યતા છે. રાજ્યમાં ગેસ કેડરમાંથી આઈએએસ માં નોમિનેશન થયેલા ૧૦ જેટલા અધિકારીઓ ૨૦૨૫ માં વય નિવૃત થતા આ જગ્યાઓ ખાલી પડી હતી. આઈએએસ માં નોમિનેશન થયેલી

### આ સપ્તાહમાં યુપીએસસીની કમિટીની મહત્વની બેઠક મળશે


જગ્યાઓ પર ગેસ કેડરના અધિકારીઓને આઈએએસ માં નોમિનેશન આપીને ભરવામાં આવતી હોય છે. ગત સપ્તાહે યુપીએસસી કમિટીની બેઠક મળનારી હતી પરંતુ કોઈ કારણોસર આ બેઠક મુલતવી રહી હતી. જોકે હવે આ સપ્તાહના અંતમાં અથવા આગામી સપ્તાહમાં યુપીએસસી કમિટીની બેઠક મળનારી હોય આ બેઠકમાં સંભવત ગુજરાતના ગેસ કેડરના ૧૫ જેટલા અધિકારીઓને આઈએએસ કેડરમાં નોમિનેશન આપવા માટે ની દરખાસ્ત ને મંજૂરી આપવામાં આવે અને બંધ કવરમાં નામોની યાદી રાજ્ય સરકારને મોકલી આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આમ ગેસ કેડર માંથી આઈએએસ કેડરમાં નોમિનેશન આપવા માટેની પ્રક્રિયા આ સપ્તાહમાં હાથ ધરવામાં આવનારી હોય ગુજરાતના ૧૫ જેટલા ગેસ કેડર ના અધિકારીઓને આગામી ટૂંક સમયમાં સારા સમાચાર મળે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત મહિનામાં પણ રાજ્યના ૭ સનદી અધિકારીઓ વય નિવૃત્ત થતા આ જગ્યાઓ ખાલી પડી છે. જોકે ગેસ કેડરમાંથી આઈએએસ કેડરમાં નોમિનેટ થયેલા આ સાત અધિકારીઓ વય નિવૃત્ત થતા આ જગ્યા પર આગામી વર્ષે અધિકારીઓને બઢતી આપવામાં આવે તે સમયે આ જગ્યાઓ ભરવામાં આવશે.

## ચોમાસાએ ગતિ પકડી: મહારાષ્ટ્ર, દક્ષિણના અનેક રાજ્યોમાં પહોંચ્યું

નવી દીલ્હી : કેરળમાં ચોમાસાના આગમન સાથે જ દેશમાં ચાર મહિના લાંબી વર્ષાઋતુનો પ્રારંભ થયો છે. સામાન્ય રીતે પહેલી જૂને શરૂ થતું ચોમાસાનું આ વર્ષે ત્રણ દિવસના વિલંબ સાથે આગમન થયું છે. જોકે તેણે ગતિ પકડી લીધી છે. હાલમાં મણિપુર, મિઝોરમ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ભારત હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પ

અનુસંધાન પાના નં.૪ પર

## જામનગર દરિયાકાંઠે 'હાઈ એલર્ટ': અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે મરીન ટાસ્ક ફોર્સનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગ



વેસ્ટ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે સર્જાયેલી ગંભીર યુદ્ધ પરિસ્થિતિને પગલે ભારતની આંતરરાષ્ટ્રીય સરહદો પર સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય બનાવી દેવામાં આવી છે. ખાસ કરીને ગુજરાતના સંવેદનશીલ દરિયાઈ વિસ્તારની સુરક્ષા સુદ્રઢ કરવા માટે મરીન ટાસ્ક ફોર્સને

અનુસંધાન પાના નં.૪ પર

## ભારત-ઇન્ડોનેશિયા સંબંધોમાં નવો અધ્યાય



નવી દીલ્હી : ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે ઈન્ડોનેશિયાના વિદેશ પ્રધાન સુગિઓનો નવી દિલ્હી આવી પહોંચ્યા છે. તેમની આ મુલાકાત બંને દેશો વચ્ચેના પરંપરાગત અને આધુનિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં અત્યંત

અનુસંધાન પાના નં.૪ પર

## ટ્રમ્પના નવા ટેરિફ બોમ્બથી વધ્યો સળવળાટ : કંડલા-મુંદરા સહિતના બંદરો પર શું થશે અસરો?




### કન્ટેનર ટ્રાફિકમાં અસ્થિરતા : કિંમતોમાં વધઘટની આશંકા

**સરકાર-ઉદ્યોગ જગતે અત્યારથી જ આવા પડકારોને સમજી, સાચા વિકલ્પો શોધી અને <u>આફતને અવસર</u> માં પલટાવવા આદરવી જોઈએ કવાયત : સ્થાનિક ઉત્પાદન-મેક ઈન ઈન્ડીયા હેઠળ ગુણવત્તા યુક્ત ઉત્પાદન ક્ષમતા વધારવી જોઈએ : અમેરીકાના બદલે હવે ભારતે મધ્યપૂર્વ-આફ્રીકા, યુરોપ જેવા દેશોની બજાર પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ**

ગાંધીધામ : વૈશ્વિક વ્યાપાર જગતમાં ફરી એકવાર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. અમેરિકી પ્રશાસન દ્વારા તાજેતરમાં ૬૦ દેશો સામે 'સેક્શન ૩૦૧' હેઠળ સંભવિત વધારાની ટેરિફ લાદવાની જે જાહેરાત કરવામાં આવી છે, તેણે ભારત સહિત સમગ્ર વિશ્વના નિકાસકારોની ચિંતામાં વધારો કર્યો છે. ટ્રમ્પ પ્રશાસનની આ નીતિ, જે આયાતને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી છે, તે ભારતીય અર્થતંત્ર અને ખાસ કરીને ગુજરાતના કંડલા-મુંદરા સહિતના બંદર આધારિત વેપાર પર કેવી અસરો પાડી શકે છે, તે અભ્યાસનો વિષય છે. કંડલા અને મુન્દ્રા જેવા મોટા બંદરો ભારતની નિકાસનું પ્રવેશદ્વાર છે. અમેરિકા જતી શીપમેન્ટમાં જો ઘટાડો આવે, તો તેની સીધી અસર આ બંદરોની

### કેવા પ્રકારની રાખવી જોઈએ વ્યૂહાત્મક તૈયારી?

● બંદર ઓપરેટરોએ હવે માત્ર અમેરિકા તરફ જતા માલ પર નિર્ભર રહેવાને બદલે ટ્રાન્સ-શિપમેન્ટ અને અન્ય એશિયન રૂટ્સ પર ધ્યાન આપવાની જરૂર પડશે. ● અમેરિકાનો આ નિર્ણય પ્રોટેક્શનિસ્ટ (સંરક્ષણવાદી) માનસિકતા દર્શાવે છે. જોકે, ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધો મજબૂત છે, જેથી આ મુદ્દે ડિપ્લોમેટિક ચેનલો દ્વારા ઉકેલ આવવાની પૂરી શક્યતા છે. ભારતીય ઉદ્યોગોએ ગભરાયા વગર અત્યારથી જ વૈશ્વિક બજારોમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે 'વિકલ્પ શોધવાની નીતિ' અપનાવવી પડશે. ● આવનારા સમયમાં અમેરિકા સાથે થનારી સુનાવણી અને દ્વિપક્ષીય વાટાઘાટો જ આ વેપાર યુદ્ધનું ભાવિ નક્કી કરશે. સરકાર અને ઉદ્યોગ જગતે સાથે મળીને આ પડકારને તકમાં ફેરવવાની જરૂર છે.

લોજિસ્ટિક્સ કામગીરી પર પડે છે અમેરિકા જવા માટે તૈયાર રહેલા માલના શીપમેન્ટમાં વિલંબ કે કેન્સલેશન જોવા મળી શકે છે, જે બંદર પરના સ્ટોરેજ અને ટર્નઅરાઉન્ડ ટાઈમ પર દબાણ લાવશે. ટેરિફ વધવાના ડરથી નિકાસકારો અત્યારે જ સાવચેત બની ગયા છે, જેની અસર પોર્ટ ચાર્જીસ અને ફ્રેટ દરો પર પડી શકે છે.આ નવી જાહેરાત ફરી એકવાર વેપારી સમુદાય માટે ચિંતાનું કારણ બની છે. હાલમાં આ દરખાસ્ત છે, અને ૭ જુલાઈ ૨૦૨૬ સુધીમાં તેના પર અંતિમ નિર્ણય લેવાતા પહેલા જાહેર સુનાવણી હાથ ધરવામાં આવશે.

## ટ્રમ્પ વહીવટીતંત્રને મોટો ઝટકો : AI નીતિ સલાહકાર શ્રીરામ કૃષ્ણનનું રાજીનામું

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : અમેરિકાના રાજકીય અને ટેક જગતમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વ્હાઈટ હાઉસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નીતિ સલાહકાર તરીકે સેવા આપી રહેલા શ્રીરામ કૃષ્ણને પોતાના પદ પરથી રાજીનામુ આપવાની જાહેરાત કરી છે. શનિવારે તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ નિર્ણયની જાણકારી આપી હતી, જેમાં તેમણે જણાવ્યું છે કે તેઓ જૂન મહિનાના અંત સુધીમાં પોતાની ભૂમિકા છોડી દેશે.શ્રીરામ કૃષ્ણનનું રાજીનામું ટ્રમ્પ વહીવટીતંત્ર માટે એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. કૃષ્ણને પોતાની પોસ્ટમાં ભાવુક થતા લખ્યું, "આ યાત્રા મારા જીવનનો સૌથી મોટો લહાવો રહ્યો છે. અમેરિકન લોકોની સેવા કરવાની તક મળવી મારા માટે ગૌરવની વાત છે." જોકે, તેમણે રાજીનામું આપવા પાછળના કોઈ સ્પષ્ટ કારણોનો ખુલાસો કર્યો નથી. તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે થોડા સમયના વિરામ બાદ, તેઓ અમેરિકા સામેના મુખ્ય AI પડકારોને ઉકેલવા માટે ફરીથી કામ શરૂ કરશે.શ્રીરામ કૃષ્ણન ટ્રમ્પ વહીવટીતંત્રના છૈં વિકાસ અને તેને નિયંત્રિત કરવા માટે રાષ્ટ્રીય માળખું તૈયાર કરવામાં એક મુખ્ય કડી હતા. હાલના સમયમાં AI સિસ્ટમની સુરક્ષાને લઈને વોશિંગ્ટનમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને, એન્થ્રોપિકના માયથોસે જેવા છૈં મોડેલો દ્વારા બેંકિંગ જેવી મહત્વની સિસ્ટમોમાં સાયબર સુરક્ષાની નબળાઈઓ ઉજાગર થવાની ક્ષમતાએ સરકારી તંત્રને સતર્ક કર્યું છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**તમારા ભ્રષ્ઠાચાર સહિતના કુસંસ્કારો બાળકોમો ઉતરશે તેની તો ચિંતા કરો...!**

## સુરતમાં દુર્ઘટના: ETP પ્લાન્ટની ટેંકમાં સફાઈ માટે ઉતરેલા ૪ કામદારોના મોત



ગાંધીનગર : સુરત શહેરમાં રવિવારે એક દુ:ખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ચોર્યાસી ડેરી નજીક આવેલા એક ETP (Effluent Treatment Plant)ની ટેંક ચેમ્બરમાં

અનુસંધાન પાના નં.૪ પર

## ચાલતી ટ્રેનના અચાનક થયા બે ભાગ! વૈષ્ણોદેવી જતી ટ્રેનમાં હાદસો : ૧૨૦૦ મુસાફરોનો જીવ જોખમમાં



નવી દીલ્હી : પંજાબના લુધિયાણા રેલવે સ્ટેશન પર શનિવારે એક ગંભીર રેલવે ઘટના સામે આવી હતી. નવી દિલ્હીથી શ્રી માતા વૈષ્ણોદેવી

અનુસંધાન પાના નં.૪ પર

## પરિમલ નથવાણીની એન્ટ્રીથી ઝારખંડ રાજ્યસભા ચૂંટણી રસપ્રદ બની : બીજી બેઠક પર જંગ



નવી દીલ્હી : ઝારખંડમાં આવનારી રાજ્યસભાની બે બેઠકો માટેની ચૂંટણી પહેલા રાજકીય વાતાવરણ ખૂબ ગરમાઈ ગયું છે. તેનું મુખ્ય કારણ ઉદ્યોગપતિ અને હાલ આંધ્ર પ્રદેશથી રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીની સંભવિત એન્ટ્રી માનવામાં આવે છે. તેમની એન્ટ્રી બાદ બીજી બેઠકનું સમીકરણ સંપૂર્ણ રીતે બદલાઈ ગયું છે.ઝારખંડમાં રાજ્યસભાની બે બેઠકો માટે સ્પર્ધા છે, જેમાં: JMM તરફથી પૂર્વ MLA Baidhyanath Ram, Congress તરફથી રાષ્ટ્રીય સચિવ Pranav Jha, ભાજપ તરફથી Gaurav Vallabh આ વચ્ચે પરિમલ નથવાણીના પગલાંએ સમગ્ર ચૂંટણીને રસપ્રદ બનાવી દીધી છે. પરિમલ નથવાણીનો ઝારખંડની રાજનીતિ સાથે લાંબો સંબંધ રહ્યો છે. તેઓ અગાઉ ૨૦૦૮ અને ૨૦૧૪માં પણ ઝારખંડથી રાજ્યસભા માટે ચૂંટાઈ ચૂક્યા છે.૨૦૦૮: Madhu Koda સરકાર દરમિયાન જીત ૨૦૧૪:

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
તંત્રી સ્થાનેથી....
જેઠ વદ - ૭, તા.૭ જૂન, રવિવાર

## મધ્ય-પૂર્વમાં વધતો તણાવ અને યુદ્ધનું જોખમ



મધ્ય-પૂર્વમાં શાંતિની આશા એકવાર ફરી ધૂંધળી બની રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી તણાવપૂર્ણ સ્થિતિમાં હવે સીધો સંઘર્ષ જોવા મળી રહ્યો છે. બુધવારે બનેલી ઘટનાઓએ સમગ્ર વિશ્વને ફરી એકવાર ગંભીર ચિંતામાં મૂકી દીધું છે. કુવૈત અને બહેરીનમાં રહેલા યુએસ લશ્કરી ઠેકાણાઓ પર ઈરાન દ્વારા ડ્રોન અને મિસાઈલ હુમલા અને તેના જવાબમાં યુએસ દ્વારા કેશમ ટાપુ પર કરવામાં આવેલી કાર્યવાહીએ પ્રદેશમાં યુદ્ધના ભણકારા વગાડી દીધા છે.નિઃસંદેહ, આ ઘટનાક્રમ અત્યંત ચિંતાજનક છે. બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણાના જે પ્રયાસો થઈ રહ્યા હતા, તે આ હુમલાઓ બાદ તૂટતા જણાય છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના અહેવાલ મુજબ, ઈરાનના હુમલા નિષ્ફળ રહ્યા હોવા છતાં, આ હુમલા પાછળનો ઈરાદો સ્પષ્ટ છે કે તેહરાન હવે પ્રત્યક્ષ સંઘર્ષ માટે તૈયાર છે. બીજી તરફ, યુએસનો વળતો પ્રહાર એ સાબિત કરે છે કે તે પોતાની સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી.સવાલ એ થાય છે કે શું આ ઘટનાઓ એક 'ભયાનક યુદ્ધ' તરફ દોરી જશે? ઈતિહાસ સાક્ષી છે કે બે મહાસત્તાઓ કે પ્રાદેશિક તાકાતો વચ્ચેનું આવું ઘર્ષણ માત્ર તે દેશો પૂરતું સીમિત નથી રહેતું. તેની આર્થિક અને સામાજિક અસર સમગ્ર વિશ્વ પર પડે છે. તેલના ભાવમાં વધારો, વૈશ્વિક પુરવઠા સાંકળમાં અવરોધ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટેનું જોખમ – આ બધું જ ભવિષ્યના ગર્ભમાં છે.આ સમયે સમજદારી અને સંયમની સૌથી વધુ જરૂર છે. યુદ્ધ ક્યારેય કોઈપણ સમસ્યાનો કાયમી ઉકેલ નથી હોતું. તે માત્ર વિનાશ અને અશાંતિ નોતરે છે. જો આ તણાવને સમયસર ડામવામાં નહીં આવે, તો પરિસ્થિતિ હાથમાંથી બહાર નીકળી શકે છે. વિશ્વના અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ તાત્કાલિક અસરથી મધ્યસ્થી કરીને આ સંઘર્ષને રોકવા માટે સક્રિય ભૂમિકા ભજવવી પડશે.યુદ્ધના મેદાનમાં જે પણ જીતે કે હારે, પણ માનવતા તો હારી જ જશે. બંને દેશોના નેતૃત્વએ સમજવું પડશે કે પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓ કરતાં માનવજીવન અને વિશ્વશાંતિ વધુ મૂલ્યવાન છે. શાંતિ વાટાઘાટો જ એકમાત્ર માર્ગ છે, અન્યથા વિનાશક યુદ્ધની આ આગ સમગ્ર વિશ્વને પોતાની ઝપેટમાં લઈ શકે છે.

# કચ્છ કલેક્ટરે કર્યું વાંકી ગામમાં આધુનિક ગૌશાળા અને 'અદાણી વન'નું લોકાર્પણ






મુન્દ્રા : અદાણી ફાઉન્ડેશન દ્વારા મુન્દ્રા તાલુકાના વાંકી ગામમાં આધુનિક સુવિધાઓથી સજ્જ વિશાળ ગૌશાળાનું લોકાર્પણ તેમજ ''અદાણી વન''નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ગ્રામ વિકાસ, પશુ કલ્યાણ અને પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રમાં રાખી હાથ ધરાયેલી આ બંને પહેલો અદાણી ફાઉન્ડેશનની ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.વાંકી ગામમાં વિકસાવાયેલી અત્યાધુનિક ગૌશાળામાં ૬૦૦થી વધુ ગાયો માટે સુરક્ષિત, સ્વચ્છ અને સુવિધાસભર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ત્રણેય ઋતુઓમાં ગાયો માટે આરામદાયક વાતાવરણ મળી રહે તે માટે નવીન અને આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગૌશાળા વિસ્તારના ગૌસંવર્ધન અને પશુ કલ્યાણ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસશે.આ પ્રસંગે ગામના વથાણ વિસ્તારમાં ''અદાણી વન''નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું. મિયાવાકી પદ્ધતિ આધારીત આ વનમાં ૫,૦૦૦થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, જેમાં ૪૫થી વધુ પ્રજાતિઓના સ્થાનિક વૃક્ષો, ફળઝાડ, વેલીઓ, ફૂલછોડ અને ઔષધીય વનસ્પતિનો સમાવેશ થાય છે. કચ્છ જેવા અર્ધ-શુષ્ક પ્રદેશમાં જૈવવિવિધતા વધારવા અને પર્યાવરણીય સંતુલન જાળવવા આ પહેલ મહત્વપૂર્ણ સાબિત થશે.

અદાણી ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૬ દરમિયાન સમગ્ર કચ્છ જિલ્લામાં ૫૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કચ્છમાં ત્રણ લાખ વૃક્ષોના વાવેતર સાથે ૨૫થી વધુ ''અદાણી વન''નું નિર્માણ કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયા (IAS), APSEZ મુન્દ્રા પોર્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રક્ષિત શાહ, વાંકી ગામના સરપંચ શ્રી ભરતસિંહ જાડેજા અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે બોલતા કચ્છ જિલ્લાના કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયાએ આ કાર્યક્રમમાં મહિલાઓની બહોળી હાજરીને બિરદાવતા કહ્યું હતું કે પર્યાવરણ સાથે સ્વચ્છતાને પણ પ્રાધાન્ય આપતા આહ્વાન કર્યું હતુંકે આવતા વર્ષે આ ગામને સ્વચ્છતા માટે એવોર્ડ આપું એવા કર્યો ગામ કરે એવી લાગણી વ્યક્ત કરી હતી.અદાણી પોર્ટ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રક્ષિત શાહે જણાવ્યું હતું કે વૃક્ષારોપણ માત્ર પર્યાવરણ સંરક્ષણ પૂરતું સીમિત નથી, પરંતુ આવનારી પેઢી માટે સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્યનું નિર્માણ કરવાનું મહત્વપૂર્ણ સાધન છે. ગૌશાળાના માધ્યમથી પશુ કલ્યાણ માટે ઉભી કરવામાં આવેલી સુવિધાઓ પ્રશંસનીય હોવાનું તેઓએ ઉમેર્યું.અદાણી ફાઉન્ડેશન દ્વારા ગૌસેવા, સમુદાય આધારિત વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ સહિતના વિવિધ પ્રયાસો દ્વારા કચ્છને વધુ હરિયાળું અને પર્યાવરણમૈત્રી બનાવવાના પ્રયાસો સતત આગળ ધપાવવામાં આવી રહ્યા છે. આ પહેલ વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ની થીમ Inspired by Nature. For Climate. For Our Future. સાથે સુસંગત રહી સમુદાયમાં પર્યાવરણ જાગૃતિ અને સક્રિય ભાગીદારીનો શક્તિશાળી સંદેશ આપે છે.

## માધાપરમાં મહિલા પર હુમલો કરાયો

ભુજ - કચ્છઉદય : તાલુકાના માધાપર ગામે હાઈવે પર જુની અદાવતને લઈને મામલો બિચક્યો હતો. ફરિયાદી રેખાબેનના જણાવ્યા પ્રમાણે આરોપી આસીફ અબ્દુલ મજીદ ખલીફા સામે સાહેદ દ્વારા અરજી કરવામાં આવી હતી. આરોપી સાહેદને ધમકાવતો હોઈ ફરીયાદી સમજાવવા માટે ગયા હતા ત્યારે આરોપીએ ગાળો આપી દુકાનમાંથી ધોકો લાવી માર મારી ઈજા પહોંચાડી હતી. જેથી માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

# પીજીવીસીએલનો સપાટો : પશ્ચિમ કચ્છમાં ૧.૯૮ કરોડની વીજચોરી પકડાઈ

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ ભુજ વર્તુળ કચેરી હેઠળ આવતા વિવિધ વિસ્તારોમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજચોરી અને ગેરરીતિ ડામવા માટે એક વ્યાપક ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તારીખ ૧ થી ૬ જૂન દરમિયાન સળંગ છ દિવસ સુધી ચાલેલી આ કડક ઝુંબેશમાં વીજ કંપનીની ટીમોએ જુદા જુદા વિસ્તારો ખૂંદી વળતાં વીજચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ દિવસો દરમિયાન કુલ ૨૭ જેટલી વીજચેકિંગ ટીમોએ પશ્ચિમ કચ્છના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી હતી. આ સફળ ઝુંબેશ અંતર્ગત ભુજ વર્તુળ કચેરી હેઠળની વિવિધ પેટા વિભાગીય કચેરીઓ જેવી કે ભુજ શહેર, ભુજ ગ્રામ્ય, ભુજોડી, ખાવડા, માંડવી શહેર, માંડવી ગ્રામ્ય, મુંદ્રા, મુન્દ્રા ગ્રામ્ય, ગુંદાલા, નખત્રાણા, રવાપર, નલિયા અને દયાપર સહિતના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. આ ટીમો દ્વારા સમગ્ર પશ્ચિમ કચ્છ વિસ્તારમાં થઈને કુલ ૩૦૨૬ જેટલા વીજ જોડાણોનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. વીજ કંપનીના આ સપાટા દરમિયાન કુલ ૩૦૨૬ જોડાણોની ચકાસણીમાંથી ૨૮૦ જેટલા વીજ જોડાણોમાં જુદા જુદા પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાનું સપાટી પર આવ્યું હતું. તંત્ર દ્વારા આ તમામ ગેરરીતિ આચરતા આસામીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને કુલ રૂપિયા ૧૯૮.૩૧ લાખના દંડનીય આકારણીના ગેરરીતિના બિલો ફટકારવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ વીજ કંપની દ્વારા આ પ્રકારની કડક ચેકિંગ ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

# આદિપુર પોલીસનો રાજસ્થાનમાં સપાટો: વર્ષોથી ફરાર બે આરોપી ઝડપાયા



ગાંધીધામ - કચ્છઉદય : વર્ષો સુધી પોલીસની પકડથી દૂર રહી રાજસ્થાનમાં આશરો લેનારા બે ફરાર આરોપીઓને આદિપુર પોલીસે સફળતા પૂર્વક ઝડપી પાડ્યા છે. ટેકનિકલ સર્વેલન્સ, ગુપ્ત બાતમી અને ચોક્કસ આયોજનના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં એક ૨૦૧૪ના વાહન ચોરીના ગુનાનો અને બીજો ૨૦૦૮ના પ્રોહિબિશન કેસનો આરોપી પોલીસ હાથે ચઢ્યો છે. રાજસ્થાનના જાલોર અને બાડમેર જિલ્લામાં દરોડા પાડી બંને આરોપીઓને ઝડપી કાયદાની જાળમાં લાવવામાં આવ્યા છે. આ કામગીરી આદિપુર પોલીસ સ્ટાફની સતત મહેનત અને ગુનાખોરી સામેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

# અંજારના સિનુગ્રા ગામે સરકારી જમીન પરથી ગેરકાયદેસર કરોડોનું દબાણ દૂર કરાયું

**દબાણદારને રૂ. ૩.૩૪ લાખથી વધુનો દંડ ફટકારાયો : એન્ટી સોશિયલ એલિમેન્ટ્સ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કડક કાર્યવાહી : અંદાજે ૫૧૮૪ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાઈ**



અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના સિનુગ્રા ગામે સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર અને બિનઅધિકૃત દબાણોને દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા કડક અને નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કચ્છ-ભુજના કલેક્ટર અનીલકુમાર રાણાવસીયા તથા અંજારના નાયબ કલેક્ટર એસ.જે. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ મામલતદાર બી.વી. ચાવડા, સર્કલ ઓફિસર અને નાયબ મામલતદારની ટીમ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખીને આ સંયુક્ત ડિમોલિશનની કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. આ સરકારી જમીન પર અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વો દ્વારા લાંબા સમયથી ગેરકાયદેસર કબજો જમાવી દેવામાં આવ્યો હતો, જેને તંત્ર દ્વારા આજે સંપૂર્ણપણે ખુલ્લો કરાવવામાં આવ્યો છે. અગાઉ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા સોંપવામાં આવેલી અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમોની યાદીના આધારે સ્થાનિક સ્તરે મિલકતોની સઘન ખરાઈ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સિનુગ્રા ગામના સર્વે નંબર ૧૫૫/પૈકી ૧૫ વાળી સરકારી જમીન પર દાઉદ ભચુ કકલ નામના ઈસમ દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાનું સત્તાવાર રીતે માલુમ પડ્યું હતું. જેના પગલે નાયબ કલેક્ટરની સૂચનાથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ અને લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ હેઠળ મામલતદાર અંજાર દ્વારા સંબંધિત દબાણદારને નોટિસ પાઠવીને જમીનની માલિકીના જરૂરી પુરાવા અને આધારો રજૂ કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો.

જો કે, દબાણદાર દ્વારા નિયત સમયમર્યાદામાં પોતાની માલિકીના કોઈ પણ કાયદેસરના આધારો રજૂ કરવામાં આવ્યા ન હતા. આથી વહીવટી તંત્ર દ્વારા કડક વલણ અપનાવીને દબાણદારને પોતાના દ્વારા કરવામાં આવેલું ગેરકાયદેસર બાંધકામ આગામી બે દિવસમાં જ સ્વખર્ચે ખુલ્લું કરવા આદેશ કરાયો હતો, તેમજ સરકારી તિજોરીમાં કુલ રૂપિયા ૩,૩૪,૯૩૪નો દંડ ભરપાઈ કરવાનો આકરો હુકમ પણ કરવામાં આવ્યો હતો. આ આદેશ અને નોટિસ છતાં પણ દબાણદાર દ્વારા સરકારી જમીન પરથી દબાણ હટાવવામાં ન આવતા આખરે મામલતદાર દ્વારા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૨૦૨ હેઠળ આખરી નોટિસ ફટકારવામાં આવી હતી.

તંત્રની તમામ નોટિસોને અવગણીને પણ જ્યારે દબાણ યથાવત રાખવામાં આવ્યું, ત્યારે વહીવટી તંત્રની ટીમે પોલીસ કાફલાને સાથે રાખીને સિનુગ્રા સીમની આ સરકારી જમીન પર બુલડોઝર ફેરવી દીધું હતું. આ સરકારી જમીન પર કરવામાં આવેલું આશરે ૧૨૫ ચોરસ મીટર જેટલું રહેણાંકનું અને ૫૦૫૯ ચોરસ મીટર જેટલું વાણિજ્યિક હેતુનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડીને કુલ ૫૧૮૪ ચોરસ મીટર જેટલી વિશાળ જમીન દબાણમુક્ત કરાવવામાં આવી છે. જંત્રીના સત્તાવાર દરો મુજબ આ ખુલ્લી કરાવવામાં આવેલી સરકારી જમીનની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૧૬,૭૭,૪૮૪ જેટલી થવા જાય છે. તંત્રની આ આકરી અને સપાટાબંધ કામગીરીના કારણે પંથકના ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ભુજથી બાંદ્રા ટર્મિનસ જતી સ્પેશિયલ ટ્રેનો આંશિક રીતે રદ

**બોરીવલી સ્ટેશને જ શોર્ટ ટર્મિનેટ થશે**

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાંથી પસાર થતી કેટલીક સ્પેશિયલ ટ્રેનોના મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પરિચાલન સંબંધિત અનિવાર્ય કારણોસર ભુજ અને વેરાવળથી મુંબઈના બાંદ્રા ટર્મિનસ તરફ જતી ત્રણ સ્પેશિયલ ટ્રેનોને બોરીવલી સ્ટેશન પર જ ટૂંકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા સત્તાવાર યાદી જાહેર કરીને જણાવવામાં આવ્યું છે કે આ તમામ ટ્રેનો બોરીવલી અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે, જેથી મુસાફરોએ આ ફેરફારોને ધ્યાનમાં રાખીને જ પોતાની મુસાફરીનું આયોજન કરવું. આ યાદી અનુસાર આગામી તારીખ ૭/૬ ના રોજ ભુજથી ઊપડનારી ટ્રેન નંબર ૦૯૦૩૮ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ બાંદ્રાને બદલે બોરીવલી સ્ટેશન પર જ શોર્ટ ટર્મિનેટ થશે. તેવી જ રીતે ૮/૬ના ઊપડનારી ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ પણ બોરીવલી સ્ટેશન સુધી જ દોડશે અને ત્યાંથી આગળની મુસાફરી રદ રહેશે. આ ઉપરાંત તારીખ ૧૦/૬ ના રોજ દોડનારી ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલને પણ બોરીવલી સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવશે. આ ત્રણેય ટ્રેનો બોરીવલીથી બાંદ્રા વચ્ચે ઉપલબ્ધ નહીં રહે, તેથી પ્રવાસીઓને રેલવે તંત્ર દ્વારા સહકાર આપવા અને સમયસર વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી લેવા વિનંતી કરવામાં આવી છે.

# ગાયની સેવાનું ફળ

**અધિકમાસનું કથામૃત**
**કનકચંદ્ર સી વ્યાસ**
**દેવેન કે.વ્યાસ**

પૂર્વે જબાલા નામની એક સારા આચરણ વાળી બ્રાહ્મણી હતી. તે નિર્દોષ સ્વભાવ સ્ત્રીને ત્યાં તેના જેવો જ નિર્દોષ સત્યકામનામનો પુત્ર હતો. એ સત્યકામને જ્ઞાન મેળવાવની ખૂબ જ ઈચ્છા હતી તેથી તેણે પોતાની માતા જબાલાને નમ્રતા પૂર્વક કહ્યું, ''હે માતા, મને જ્ઞાન મેળવવાની ખૂબ જ ઈચ્છા છે. જો તમે મને રજા આપો તો હું કોઈ ગુરૂકૂળમાં જઈ અને કોઈ સદગુરૂ પાસે જ્ઞાન મેળવી આવું.'' પુત્રના આવા વચન સાંભળી પહેલા તો માતા જબાલા પણ ખુશખુશાલ થઈ ગઈ પરંતુ અચાનક જ કંઈક યાદ આવતા તે મૂંઝવણમાં પડી ગઈ અને કહેવા લાગી, ''બેટા, તારી વાત સાચી કે જ્ઞાનની પ્રાપ્તિ તો કરવી જ જોઈએ. પરંતુ આપણને આપણા ગામની જ ખબર નથી. તારો જન્મ થયો ત્યારે તારા પિતાજી ખૂબ જ પ્રવૃત્તિમય રહેતા અને લોકો પણ ખૂબ જ આવજાવ કરતા એટલે તેમની સેવામાં હું સતત પ્રવૃત્તિમય રહેતી. જેના કારણે હું આપણું ગોત્ર ક્યું છે ? પૂછી જ ન શકી અને તું કોઈપણ ગુરૂ પાસે વિદ્યા મેળવવા જઈશ ત્યાં સૌ પ્રથમ તને તારું ગોત્ર પૂછવામાં આવશે તો તું જ્યાં જાય ત્યાં સાચું જ કહી દે છે કે, હું મારી માં જબાલાનો પુત્ર છું અને મને મારા ગોત્રની ખબર નથી.'' ત્યારબાદ માતા જબાલાએ પુત્રને પહેરવાના કપડા, ભાથું , કોપીન અને દંડ આપ્યા અને પુત્ર માતાને પગે લાગ્યો એટલે માતાએ તેને આશીર્વાદ પણ આપ્યા ત્યારે તેની આંખો હર્ષના આંસુથી ભીની થઈ ગઈ. સત્યકામ પોતાના ઘેરથી રવાના થયો. નાની ઉંમર, માથે શિખા , કપાળે ભસ્મનું ત્રિપુંડ, હાથમાં દંડ વડે વામનજી ભગવાન જેવો શોભતો સત્યકામ ગૌતમ ઋષિના આશ્રમે પહોંચ્યો.

આશ્રમની અંદર જઈ તેણે ગૌતમ ઋષિને જોયા અને તેમની પાસે જઈ અને તેમને દંડવત પ્રણામ કર્યા. એટલે તેજસ્વી એવા સત્યકામને જોઈ અને ગૌતમ ઋષિએ પૂછ્યું , ''બેટા, તું કોણ છો ? અને મારી પાસે કઈ અપેક્ષાએ આવ્યો છો ?'' ''હું, આપશ્રી પાસે જ્ઞાન મેળવવા આવ્યો છું આપ મને શિષ્ય તરીકે સ્વીકારો તો હું તમારું ઋણ ક્યારે નહી ભૂલું '' સત્યકામે ગૌતમ ઋષિને કહ્યું. ''હું તને જ્ઞાન તો આપુ અને તને મારો શિષ્ય પણ બનાવું પરંતુ બેટા તારું ગોત્ર ક્યું છે ? એ તું મને જણાવીશ '' ગૌતમ ઋષિએ પ્રશ્ન કર્યો. ઋષિનો પ્રશ્ન સાંભળી અને બાળક સત્યકામે જવાબ આપ્યો, ''ક્ષમા કરજો, પરંતુ સાચું કહું તો મને મારા ગોત્રની ખબર નથી. વળી એ વિષે મેં મારી માતા જબાલાને પૂછા કરેલી તો તેણે જવાબ આપેલો કે, હું જેમ પરણીને આવી તેમ તારા પિતા પાસે આવતા મહેમાનોની સેવામાં જ વ્યસ્ત રહેતી અને એવા સંજોગો વિષે હું તારા પિતાને આપણા ગોત્ર વિષે કશું પૂછી ન શકી અને એ દરમ્યાન તારા પિતાજી અચાનક જ અવસાન પામી ગયા. અને તારે જ્યાં વિદ્યા પ્રાપ્ત કરવી હોય ત્યાં ગોત્ર અંગે પૂછવામાં આવે ત્યારે તું કહે છે કે, હું જબાલાનો પુત્ર છું અને મારું નામ સત્યકામ છે. તું સાચે સાચું બોલી દેજે, વિદ્યા પ્રાપ્તિ માટે ખોટું ન બોલજે.''

ગૌતમ ઋષિ તેજસ્વી એવા એ નાનકડા બાળકને જોઈ ખૂબ જ આનંદ પામ્યા અને પછી કહ્યું, ''તું સાચુ જ બોલે છે, તું નક્કી બ્રાહ્મણનો પુત્ર છો. માટે સૌ પ્રથમ તો તને જનોઈ આપીશ.'' એમ કહી અને સૌ પ્રથમ તેને જનોઈ આપી, પછી બરોબર વેદનો અભ્યાસ કરાવ્યો. પરંતુ માત્ર વેદાભ્યાસથી જ્ઞાનની તો પ્રાપ્તિ થતી નથી. પરંતુ તે માટે જ્ઞાનનો અનુભવ કે સાક્ષાત્કાર થવો જોઈએ. એમ વિચારી અને ગુરૂ એવા ગૌતમ ઋષિએ પોતાની ગૌશાળામાંથી સાવ નબળી એવી પાંચસો ગાયો કાઢી આપી અને એ ગાયો સત્યકામને સોંપી અને તેને ગુરૂ તરીકે આજ્ઞા આપી કે, '' બેટા, તું મારી આ ગાયોને લઈને વનમાં જા, ત્યાં તેને તું ચરાવ જે અને અને એ ગાયોની સંખ્યા અત્યારે છે તેનાથી બમણી થઈ જાય ત્યારે તું તે ગાયોને લઈ અને પાછો આવે ત્યાં સુધી તું એ ગાયોની સતત સેવા કરતો રહેજે.'' ગુરૂજીની આજ્ઞા સાંભળી અને સત્યકામ બોલી ઉઠ્યો કે, ''હે ગુરૂજી, હું તમારી આજ્ઞા મુજબ જ કરીશ. જ્યાં સુધી આ ગાયોની સંખ્યા બમણી નહી થાય ત્યાં સુધી હું કોઈ પણ હિસાબે પાછો નહી જ આવું.''

આ પ્રમાણે વચનો કહી અને સત્યકામ એ નબળી ગાયોને લઈ વનમાં ગયો. વનમાં તેણે ગાયો માટે એક સરસ વૃક્ષના છાંયડા વાળી જગ્યા શોધી અને ત્યાંજ એક નાનકડું ઝુંપડું બનાવ્યું. તેણે માતા જબાલા પાસેથી શ્રી કૃષ્ણએ કરેલી ગાયોની સેવાની કથા અનેક વાર સાંભળી હતી તેથી સારા દયથી તે ગાયોની સેવા કરતો હતો. તે દરેક રીતે ગાયોની રક્ષા કરતો. તેને ચરાવવા જતો. તેને પાણી પીવડાવવા જતો. જાણે તેના જીવનનું એકમાત્ર કાર્ય ગાયોની સેવા જ કરવાનું હોય તેમ તેણે ગાયોની સેવા કરવા માંડેલી. સમય જતાં એક દિવસ એવો આવ્યો કે, તે નબળી ગાયો સશક્ત બની ગઈ અને તેમની સંખ્યા પણ બમણી થઈ ગઈ. એટલે તે ગાયોના ધણમાં એક નંદી હતો. તે સત્યકામની પાસે જઈને બોલ્યો, બેટા સત્યકામ ! તે નંદીને દૈવી શક્તિ વડે બોલતો જોઈ અને સત્યકામ બોલી ઉઠ્યો, આજ્ઞા આપો ભગવાન ! '' વત્સ, સત્યકામ અમારી સંખ્યા બમણી થઈ ગઈ છે. હું તમારી ભક્તિથી ખૂબ જ પ્રસન્ન થયો છું. માટે જ હવે હું તને બ્રહ્માના એક પાદનો ઉપદેશ આપું છું.''

નંદીએ કહ્યું. જરૂર કહો, પ્રભુ ! સત્યકામએ નમ્રતાપૂર્વક કહ્યું. નંદીએ સત્યકામને ઉપદેશ આપતા કહ્યું, ''બ્રહ્મ તો પ્રકાશવાન છે. તારે એને સમજવા એ પ્રકાશવાનને જોવો પડશે તેથી હું તને એ પ્રકાશ બતાવું છું. એમ કહી ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ એ દિશાઓમાં બ્રહ્મના દર્શન કરાવ્યા અને કહ્યું, ''હવે તને રસ્તામાં દરરોજ એક એક વિભૂતિ એક એક પાદના દર્શન કરાવશે. તને જે દર્શન થાય તે દર્શનનું તો સતત ચિંતન કરતો રહેજે તેથી તું બ્રહ્મને પામીશ. ચાલ હવે અમને બધને તારા ગુરૂજીના આશ્રમે લઈ જા.''

આ પ્રમાણે આજ્ઞા કરતા અનુભવાનંદ મેળવતા બ્રહ્મના ત્રીજે દિવસે હંસ સ્વરૂપે, સૂર્યદેવે બ્રહ્મના જ્યોતિ સ્વરૂપે અને ચોથે દિવસે જડકુકડી સ્વરૂપે શરીરમાં બ્રહ્મના દર્શન કરાવ્યા. આ બધા દર્શન થતાં સત્યકામને સર્વવ્યાપક બ્રહ્મ એવા ઈશ્વરનો અનુભવ થયો. આમ, ગાયોની સેવા કરતાં કરતાં સત્યકામને ઈશ્વરની અનુભૂતિ થઈ તેથી તે બ્રહ્મમય બની ગયો. પાંચમે દિવસે તે ગુરૂ ઋષિ ગૌતમ સમક્ષ ઉપસ્થિત થયો અને તેમને સાક્ષાત દંડવત પ્રણામ કર્યા. ગુરૂએ આશીર્વાદ આપ્યા અને સત્યકામને જોઈ તે સમજી ગયા કે, આને તો બ્રહ્મ જ્ઞાન થઈ ગયું છે તેથી તેમણે સત્યકામને કહ્યું, ''બેટા, તું તો બ્રહ્મવેત્તા બની ગયો હોય તેવું લાગે છે. તને આ ઉપદેશ કોણે આપ્યો ? '' ત્યારે સત્યકામે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, '' આપશ્રીએ જ મારી ગૌ સેવાથી પ્રસન્ન થઈ અને જુદા જુદા દેવો દ્વારા મને બ્રહ્મનું અનુભવથી જ્ઞાન કરાવ્યું. પરંતુ જ્ઞાનીજનો કહે છે, ગુરૂવિનાનું જ્ઞાન અધુરું છે માટે હવે તમે મને ફરીથી તમે ગુરૂ તરીકે જ્ઞાન આપો.'' આમ, સત્યકામની નમ્રતા જોઈ અને ફરીથી ગુરૂએવા ગૌતમ ઋષિએ તેને બ્રહ્મજ્ઞાન આપ્યું. આમ, ગૌસેવાના ઉત્તમ ફળ રૂપે સત્યકામને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું.

**આજનું ભજન**
**વ્હાલા શ્યામ મુરારિ રે, આંગણે આવો,**
**દર્શનનો છું ભિખારી રે, આંગણે આવો.**
**દેહ નગરીની મધ્યે મનડાની મારી શેરી,**
**એ શેરી છે અનેરી રે, આંગણે આવો.**
**શનડાની શેરી મધ્યે મંદિર મારું આવ્યું,**
**મેં બહુ બહુ તો શણગાર્યું રે, આંગણે આવો.**
**આ ગરીબની ઝુંપડી વ્હાલા પાવન કરજો,**
**પાવલિયાં ત્યાં ધરજો રે, આંગણે આવો.**
**પુનિત તારે ચરણે પુનિત મંદિર થાશે,**
**વાલ પુનિત થઈ જશે રે, આંગણે આવો.**

**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**

# શિફા હોસ્પિટલને રૂા.૨૫ લાખનું દાન



ભુજ - કચ્છઉદય : પીર સૈયદ મોહમ્મદ કમરાનહુસેન જાફરી બાવા સાહેબ, શિયા જાફરી મશાયખી મોમીન જમાત સિધ્ધપુરના આદેશ અને માર્ગદર્શથી સિધ્ધપુર (જિ. પાટણ)ના શિયા જાફરી મશાયખી મોમીન જમાતના સદગૃહસ્થોએ ભુજ ખાતે કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકીએ પ્રોજેક્ટની સઘળી વિગતો રજૂ કરી હતી.

મહેમાનોએ નવનિર્મિત હોસ્પિટલ ઈમારતનું નિરીક્ષણ કર્યું હતું અને બાંધકામની ગુણવત્તા અને ઝડપ પર થતાં સમગ્ર પ્રોજેક્ટ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને રૂ. ૨૫ લાખનું દાન અર્પણ કર્યું હતું. આ પ્રાતિતિધિ મંડળમાં અહમદ વિકાસ મંડળ, મકરબા જાફરીયા-નોલેજ એન્ડ રિસર્ચ એકેડેમી સોન્દ્રાના સ્ક્વેર તા. સિધ્ધપુર જિલ્લો પાટણ (ઉ.ગુજરાત)ના પ્રમુખ અબ્બાસભાઈ ડી. મોમીન, ઉપપ્રમુખ ઈબ્રાહીમભાઈ જે. ચારોલિયા, મંત્રી હબીબભાઈ આઈ. સુનસરા તથા ટ્રસ્ટીઓ તાલિબભાઈ જે. સુનસરા, હૈદરઅલી જે. કડીવાલ જોડાયા હતા અને પીર સાહેબની સૂચના અને માર્ગદર્શનથી શિફા હોસ્પિટલના બાંધકામમાં મદદરૂપ થવા રૂા.૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. શિફા હોસ્પિટલના ટ્રસ્ટી હાજી ઈશાક હિંગોરા અને માનદ મેનેજર હાજીઈબ્રાહીમ જત ઉપસ્થિત રહ્યા હતા.

## ભુજના સુરલભીટ્ટ પાસે જુની અદાવતે મારામારી

ભુજ - કચ્છઉદય : શહેરના સુરલભીટ્ટ પાસે શીવ મંદિર નજીક મારામારી થઈ હતી. ફરીયાદી દિલીપ મામદ કોલીના જણાવ્યા પ્રમાણે આરોપી સુરેશ કોલી, દર્શન કોલી, હરેશ કોલીએ ભેગા મળી જુની અદાવતે ઝઘડો કર્યો હતો. ફરીયાદીના મિત્ર પરેશ કોલી સાથે આ કામેના આરોપીઓએ જુની અદાવતે ગાળાગાળી કરી હતી. આરોપીઓએ લોખંડના પાઈપ અને ધોકા વડે માર મારી ઈજા પહોંચાડતા બી ડીવીઝનમાં ગુનો દાખલ કરાવાયો છે.

જંબો બુક જંબો બુક
૧૨ નંગ સાથે ૬ નંગ ફ્રી
૧૦૨ પેજ થી ૪૦૦ પેજ સુધી ઉપલબ્ધ
શ્રી મોમાઈ જૈન મહિલા ગૃહ ઉદ્યોગ
ફરસાણી દુનિયા સામે, ભુજ બસ સ્ટેન્ડથી
૩ મીનીટના અંતરે, ભુજ M.9724501928
સમય સવારે ૯ થી રાત્રે ૧૦ સુધી
Free Gift

# અબડાસાના ધાવડા ફાર્મ પર યુવાન પર કરાયેલા હુમલામાં પાંચ ઈસમો સામે ફોજદારી

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના વિંઝાણ વિસ્તારમાં આવતા ધાવડા ફાર્મમાં આવેલ ફરિયાદીની વાડીએ યુવાન પર હુમલો કરાયો હતો. જેમાં પાંચ ઈસમો સામે ફરીયાદ કરવામાં આવી છે. અબડાસાના ગઢવાડા વાડી વિસ્તારમાં રહેતા પ્રદીપકુમાર ભીમજીભાઈ ડાયાણી (પટેલ)ના જણાવ્યા પ્રમાણે આરોપી સમીર હુસેન વેણ, મુસ્તફા અનવર વેણ, સાજીદ અનવર વેણ, સરફરાઝ હુસેન વેણ (રહે. તમામ નુંધાતડ) અને મોહીન મામદ વેણ (રહે. બીટ્ટા) વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. આરોપીઓ ફરીયાદીની માલિકીની વાડીમાં બે અલગ અલગ બાઈકથી ગુનાહિત કૃત્ય કરવાના ઈરાદે આવ્યા હતા. ફરીયાદીએ મારી વાડીમાં કેમ આવ્યા છો ? તેમ કહેતા સમીરે લોખંડનો હવા ભરવાનો પંપ મારી ઈજા પહોંચાડી હતી. મુસ્તફાએ ચાકુ ફરીયાદીને હોઠના નીચેના ભાગે મારતા ત્રણ ટાંકા આવ્યા હતા. મોહીને લાકડી વડે માર માર્યો હતો. જ્યારે અન્ય આરોપીઓએ ગાળાગાળી કરી હતી. ફરીયાદીએ હિંમત દાખવી આરોપીઓને પકડવા જતા મોહીન ત્યાંથી ભાગી ગયો હતો. જ્યારે સાજીદ અને સરફરાઝ પાછળથી આવ્યા અને ધારીયું અને કુહાડી લઈ ફરીયાદી અને સાહેદોને બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કોઠારા પોલીસે ગુનો દાખલ કરીને પીઆઈ પી. કે. રાડાએ તપાસ હાથ ધરી છે.

# મુંદરામાં સ્પીડમાં ગાડી ચલાવવા બાબતે યુવાનને ધોકાવાયો

મુંદરા - કચ્છઉદય : શહેરના ધ્રબ વિસ્તારમાં ન્યુ પોર્ટ રોડ પર આઈસીડી ટ્રાન્સપોર્ટની ઓફીસ નજીક સ્પીડમાં ગાડી ચલાવવા બાબતે યુવાનને ધોકાવાયો હતો. ફરીયાદી મોહમદ અલી આસીના અલીના જણાવ્યા પ્રમાણે ફરીયાદી પોતાની બોલેરો ગાડીથી જતો હતો ત્યારે આરોપીએ બોલેરોમાં આગળના ભાગે ગાડી ભટકાવતા ફરીયાદીએ આટલી ઝડપે કેમ ગાડી ચલાવે છે ? મારી ગાડીમાં કેમ ગાડી ભટકાવી ? તેમ કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો અને હાથાપાઈ કરી હતી. મુંદરામાં કીરણ લોજીસ્ટીક વાળા જયદીપસિંહે ધોકા વડે હુમલો કરતા સંદીપને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમજ જમણી આંખમાં ગંભીર ઈજાઓ થતા તેની આંખમાં જોવાની શક્તિનો નાશ થયો હતો. જેથી જયદીપસિંહ અને અન્ય બે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**એચ.બી.વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, રાપરની કોર્ટમાં**

ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૨૩૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી નીલીબેન ગણેશા વાળંદ, રહે.મુ.રાપર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂદ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, વ્રજવાણી, તા.રાપર-કચ્છ. .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી નીલીબેન ગણેશા વાળંદ, રહે.રાપર, તા.રાપર વાળાએ તા.૨૬/૦૭/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે-વ્રજવાણી, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૬/૦૮/૧૯૬૫ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે વ્રજવાણી, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૬૫ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૨૩૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૨૨/૦૫/૨૦૨૬ (કોર્ટનો સિક્કો)

(એચ.બી.વાઘેલા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, રાપર-કચ્છ

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

**કચ્છથી કારકીર્દી શરૂ કરનાર અધિકારી ડીજીપી બન્યા : કચ્છીમાડુઓ માટે ગૌરવની વાત**

# ગુજરાતના નવા પોલીસ વડા શ્રી જી.એસ.મલિક : કચ્છથી ડીજીપી સુધીની સફર



**ઈન્ચાર્જ ડીજીપી શ્રી રાવના સ્થાને અમદાવાદ કમિશ્નર પદે સેવારત રહેલા શ્રીજ્ઞાનેન્દ્રસિંહ મલિકને કરાયા આરૂઢ : કચ્છમાં એએસપી પદેથી કારકીર્દીની શ્રી મલીકે કરી હતી શરૂઆત, જે બાદ ગુજરાતભરમાં તેઓએ સુરત-વડોદરા-ગાંધીનગર-ભરૂચ-અમદાવાદ- કચ્છ એસપી-ડીઆઈજી પદે નિભાવી છે બહોળી સેવાઓ : શ્રી મલિક પોલીસતંત્રનો વિશાળ અનુભવ ધરાવી રહ્યા છે, કાયદાના તજજ્ઞ, વહીવટીતંત્રની આગવી કુનેહ ધરાવે છે શ્રી મલિક**

**કેન્દ્રમાં પ્રતિનિયુકિતના ધોરણે શ્રી મલીક ગુજરાત બીએસએફ ફ્ન્ટીયરના આઈજી તરીકે પણ દાખવી હતી જાબાંજી : તેમના કાર્યકાળમાં કચ્છ સહિતની આંતરરાષ્ટ્રીય સરહદ બની હતી જડબેસલાક : હરામીનાળામાંથી અનેકવિધ પાકીસ્તાની બોટ તે સમયમાં પકડાઈ હતી, શ્રી મલિકનો સામેપાર સુધી નાપાક તત્વોમાં રહ્યો હતો ફફડાટ : તે બાદ સીઆઈએસએફમાં એડીજી નોર્થ તરીકે આરૂઢ થયા, ૨૦૨૩થી અમદાવાદ કમિશ્નર તરીકે સંભાળી કમાન : અમદાવાદમાં ટ્રાફિક વ્યવસ્થાઓથી લઈ અને ચંડોળા તળાવની આસપાસમા બાંગ્લાદેશીઓ સામેની સ્ટ્રાઈક સહિતની નિભાવી છે અનેકવિધ યશસ્વી સેવા**

**૨૪ લાખની નકલી નોટોના કૌભાંડનો મધદરિયે કરાવ્યો હતો પર્દાફાશ**

## કચ્છમાં દેશવિરોધી તત્વો સામે કડક કાર્યવાહી માટે જાણીતા રહ્યા જી.એસ.મલિક



**કરાંચીથી જખૌ સુધીના ૨૪ લાખના નકલી કન્સાઈનમેન્ટને તે વખતે એસપીશ્રી જી એસ મલીક અને તેમની એસઓજીની ટીમના પીએઈ દીલીપ અગ્રવાતે કર્યો હતો સનસખીખેજ ભાંડાફોળ : દેશના અર્થતંત્રને બચાવવાની દીશામાં તે વખતે હતી ઐતિહાસીક કામગીરી**

ગાંધીધામ : ગુજરાતના નવા પોલીસ વડા તરીકે નિયુક્ત થયેલા જી.એસ. મલિકનો કચ્છ સાથેનો સંબંધ માત્ર વહીવટી ફરજ પૂરતો જ નહીં પરંતુ રાષ્ટ્ર સુરક્ષા સાથે જોડાયેલી અનેક મહત્વપૂર્ણ કામગીરીઓ માટે પણ યાદ કરવામાં આવે છે. કચ્છના પોલીસ અધિક્ષક (એસપી) તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન સરહદી જિલ્લામાં દેશવિરોધી પ્રવૃત્તિઓ, દાણચોરી અને પાકિસ્તાન પ્રેરિત ગેરકાયદે નેટવર્ક સામે તેમણે અસરકારક અભિયાન ચલાવ્યું હતું.તેમના કાર્યકાળની સૌથી ચર્ચિત અને મહત્વપૂર્ણ કામગીરીઓમાં જખૌ નજીક મધદરીયે વિસ્તારમાં પર્દાફાશ કરાયેલ નકલી ચલણી નોટોનું મોટું કૌભાંડ ગણવામાં આવે છે. તે સમયે કરાચીથી દરિયાઈ માર્ગે ભારતમાં ઘૂસાડવામાં આવી રહેલી આશરે રૂ. ૨૪ લાખની બનાવટી ભારતીય ચલણી નોટોનો જથ્થો કચ્છ પોલીસ અને એસઓજીની ટીમે ઝડપી પાડ્યો હતો. આ સમગ્ર ઓપરેશનમાં તે સમયના એસઓજી અધિકારી દિલીપ અગ્રાવત સેવારા અને તેમની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે પાકિસ્તાનના કરાચીમાંથી દરિયાઈ માર્ગે મોકલવામાં આવેલી નકલી નોટો કચ્છના દરિયાકાંઠે ઉતારી દેશના વિવિધ ભાગોમાં પહોંચાડવાની સાજિશ ઘડાઈ હતી. જોકે કચ્છ પોલીસની સતર્કતા અને ગુપ્તચર માહિતીના આધારે સમયસર કાર્યવાહી થતાં આ કન્સાઇનમેન્ટ ઝડપાઈ ગયું હતું. આ કાર્યવાહીથી માત્ર એક મોટા આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ જ થયો નહોતો પરંતુ દેશના અર્થતંત્રને પણ મોટું નુકસાન થતું અટકાવવામાં સફળતા મળી હતી. જી.એસ. મલિકના કાર્યકાળ દરમિયાન કચ્છ જેવા સંવેદનશીલ સરહદી જિલ્લામાં દેશવિરોધી ગતિવિધિઓ, દાણચોરી, ઘૂસણખોરી અને રાષ્ટ્ર સુરક્ષાને પડકારરૂપ પ્રવૃત્તિઓ સામે સતત કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. સરહદી અને દરિયાઈ વિસ્તારોમાં પોલીસ તથા ગુપ્તચર એજન્સીઓ વચ્ચે વધુ સંકલન ઉભું કરી અનેક શંકાસ્પદ પ્રવૃત્તિઓને કાબૂમાં લેવામાં આવી હતી.પોલીસ અને સુરક્ષા વર્તુળોમાં માનવામાં આવે છે કે કચ્છમાં મળેલા આવા અનુભવો અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર તેમની પકડને કારણે જ જી.એસ. મલિક બાદમાં બીએસએફ અને સીઆઈએસએફ જેવા કેન્દ્રીય સુરક્ષા દળોમાં પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ સુધી પહોંચ્યા હતા. આજે તેઓ ગુજરાતના પોલીસ વડા તરીકે નિયુક્ત થયા છે ત્યારે કચ્છમાં તેમની યાદગાર કામગીરીઓ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે.

**શ્રી જી.એસ. મલિકને વર્ષ ૨૦૧૦માં પોલીસ મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ અને વર્ષ ૨૦૧૭માં પ્રેસિડેન્ટ્સ પોલીસ મેડલ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.**

### હવે અમદાવાદ કમિશ્નર પદે કોણ? સૌ કોઈના મંડાયા મીટ..!

ગાંધીધામ : જી.એસ. મલિકની નિમણૂક બાદ હવે અમદાવાદના નવા પોલીસ કમિશનર કોણ બનશે તેના પર સૌની નજર છે. જી.એસ. મલિકની ડીજીપી તરીકેની નિમણૂક બાદ હવે અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશનર તરીકે કયા અધિકારીની પસંદગી કરવામાં આવશે તે અંગે પોલીસ અને વહીવટી વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ છે. રાજ્ય સરકાર ટૂંક સમયમાં અમદાવાદ પોલીસ કમિશનર પદ માટે પણ નવી નિમણૂક જાહેર કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**અમદાવાદ પોલીસ કમિશનરથી રાજ્યના પોલીસ વડા સુધી**

## જી.એસ. મલિકની વિશ્વસનીય કામગીરીએ અપાવ્યું ટોચનું સ્થાન

**જી.એસ. મલિક એવા અધિકારી તરીકે ઓળખાય છે જેઓ મેદાની કામગીરી, કડક અમલવારી અને શાંત પરંતુ અસરકારક વહીવટ માટે જાણીતા રહ્યા છે**

ગાંધીધામ : ગુજરાતના નવા પોલીસ વડા તરીકે નિયુક્ત થયેલા જી.એસ. મલિકની કારકિર્દી પર નજર કરીએ તો તેમની નિમણૂક માત્ર વરિષ્ઠતાના આધારે નહીં પરંતુ લાંબા સમયથી આપેલી પરિણામલક્ષી અને વિશ્વસનીય કામગીરીનું પરિણામ હોવાનું માનવામાં આવે છે. પોલીસ તંત્ર અને વહીવટી વર્તુળોમાં જી.એસ. મલિક એવા અધિકારી તરીકે ઓળખાય છે જેઓ મેદાની કામગીરી, કડક અમલવારી અને શાંત પરંતુ અસરકારક વહીવટ માટે જાણીતા રહ્યા છે. અમદાવાદ પોલીસ કમિશનર તરીકેનો તેમનો કાર્યકાળ ખાસ નોંધપાત્ર રહ્યો હતો. રાજ્યની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની જટિલ પરિસ્થિતિ, મોટા જાહેર કાર્યક્રમો, વીઆઈપી સુરક્ષા, સામાજિક સંવેદનશીલ મુદ્દાઓ અને વધતી સાયબર ક્રાઈમ જેવી પડકારજનક બાબતો વચ્ચે તેમણે પોલીસ તંત્રને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કર્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન પોલીસની ટેક્નોલોજી આધારિત કામગીરી, ગુનાખોરી નિયંત્રણ અને ઈન્ટેલિજન્સ નેટવર્કને વધુ મજબૂત બનાવવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય દળો જેવી કે બીએસએફ અને સીઆઈએસએફમાં ઉચ્ચ હોદ્દા પર સેવા બજાવવાનો અનુભવ પણ તેમની કારકિર્દીનું મહત્વપૂર્ણ પાસું રહ્યું છે. સરહદી સુરક્ષા, આંતરિક સલામતી અને સંવેદનશીલ વિસ્તારોમાં કામગીરીના અનુભવને કારણે તેઓ રાજ્ય અને કેન્દ્ર સરકાર બંનેના વિશ્વાસપાત્ર અધિકારીઓમાં ગણાતા રહ્યા છે. રાજકીય અને વહીવટી વર્તુળોમાં પણ જી.એસ. મલિકનું નામ એવા અધિકારી તરીકે લેવામાં આવે છે કે જેઓ વિવાદોથી દૂર રહીને પરિણામ આધારિત કામગીરીમાં વિશ્વાસ રાખે છે. રાજ્ય સરકારના વિવિધ મહત્વપૂર્ણ નિર્ણયો દરમિયાન તેમને જવાબદારી સોંપવામાં આવતી રહી છે, જે તેમની કાર્યશૈલી પ્રત્યેના વિશ્વાસને દર્શાવે છે. અમદાવાદ પોલીસ કમિશનર જેવા અત્યંત મહત્વના પદની જવાબદારી અને ત્યારબાદ સીધા રાજ્યના પોલીસ વડા તરીકેની પસંદગી પણ આ વિશ્વાસનું પ્રતિબિંબ માનવામાં આવે છે.

ગાંધીધામ :ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૩ બેચના વરિષ્ઠ IPS અધિકારી શ્રી જી.એસ. મલિકને રાજ્યના કાયમી પોલીસ વડા (DGP) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાલ અમદાવાદ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી રહેલા જી.એસ. મલિક મૂળ હરિયાણાના રહેવાસી છે અને ગુજરાત તેમજ BSFમાં વિવિધ મહત્વપૂર્ણ પદો પર સફળતાપૂર્વક સેવા આપી ચૂક્યા છે.કચ્છ સાથે પણ તેમનો વિશેષ નાતો રહ્યો છે. તેઓએ કચ્છમાં ASP અને જી સહિતના મહત્વના હોદ્દાઓ પર રહી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નોંધપાત્ર કામગીરી કરી હતી.

ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા (ડીજીપી) તરીકે નિયુક્ત થયેલા જી.એસ. મલિક (જ્ઞાનેન્દ્ર સિંહ મલિક) ૧૯૯૩ બેચના ગુજરાત કેડરના વરિષ્ઠ આઈપીએસ અધિકારી છે. મૂળ હરિયાણાના જીંદ જિલ્લાના રહેવાસી મલિકે બી.ટેક. (ઈલેક્ટ્રિકલ) તેમજ એલએલબી સુધીનું શિક્ષણ મેળવ્યું છે અને ૮ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ ભારતીય પોલીસ સેવામાં જોડાયા હતા. તેમની પોલીસ કારકિર્દીની શરૂઆત કચ્છ જિલ્લામાં આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ તરીકે થઈ હતી. કચ્છમાં સેવા દરમિયાન તેમણે કાયદો અને વ્યવસ્થાના અનેક પડકારજનક કેસોમાં કામગીરી કરી હતી. કચ્છ સાથેનો તેમનો સંબંધ આજે પણ પોલીસ તંત્રમાં યાદ કરવામાં આવે છે. ગુજરાત પોલીસમાં તેઓ અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, નર્મદા, ભરૂચ સહિતના વિવિધ જિલ્લાઓ અને મહત્વપૂર્ણ હોદ્દાઓ પર ફરજ બજાવી ચૂક્યા છે. ભરૂચ જિલ્લાના એસપી તરીકે ફરજ દરમિયાન તેમણે કાયદાની અમલવારીમાં કડક વલણ અપનાવ્યું હતું અને તે સમયના પ્રભાવશાળી આદિવાસી નેતા તથા ધારાસભ્ય છોટુ વસાવા સામે પણ કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી, જેના કારણે તેમની કામગીરી રાજ્યભરમાં ચર્ચામાં રહી હતી. કેન્દ્રીય પ્રતિનિયુક્તિ દરમિયાન જી.એસ. મલિકે બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં ગુજરાત ફ્રન્ટિયર ખાતે ઈન્સ્પેક્ટર જનરલ તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી હતી. કચ્છની દરિયાઈ સીમા અને હરામી નાળા વિસ્તારમાં પાકિસ્તાની ઘૂસણખોરી તથા શંકાસ્પદ હિલચાલ સામે તેમણે અનેક સફળ ઓપરેશનોને નેતૃત્વ આપ્યું હતું. તેમની આગેવાનીમાં અનેક પાકિસ્તાની બોટો જપ્ત કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા વધુ મજબૂત બની હતી. બાદમાં તેઓ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળમાં એડિશનલ ડિરેક્ટર જનરલ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. કેન્દ્રીય સુરક્ષા દળોમાં લાંબી સેવા આપ્યા બાદ વર્ષ ૨૦૨૩માં તેઓ ગુજરાત કેડરમાં પરત ફર્યા અને અમદાવાદ શહેરના પોલીસ કમિશનર તરીકે નિયુક્ત થયા હતા. અમદાવાદ પોલીસ કમિશનર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા, ગુનાખોરી નિયંત્રણ અને આધુનિક પોલીસિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમના વહીવટી અનુભવ અને નેતૃત્વ ક્ષમતાને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે હવે તેમને ગુજરાતના પોલીસ વડા તરીકે જવાબદારી સોંપી છે. કચ્છમાં છજી તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર અધિકારી આજે ગુજરાત પોલીસના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા છે, જે કચ્છ માટે પણ ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.રાજ્યના પોલીસ વડા તરીકે જી.એસ. મલિકની નિમણૂકને પોલીસ તંત્ર માટે મહત્વપૂર્ણ ઘટના માનવામાં આવી રહી છે અને તેમના અનુભવનો લાભ સમગ્ર ગુજરાતના કાયદો અને વ્યવસ્થા તંત્રને મળશે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
HOTEL Lake View
Opp. Rajendra Park, Bhuj-Kutch-370001.
Ph.:(02832), 253422
9023223048, 08980922740

## સિનિયર સિટીઝનોને એસટી બસ ભાડામાં ૨૫ ટકા રાહત આપવા રજૂઆત

ભુજ-કચ્છઉદય : રાજ્યના સિનિયર સિટીઝન નાગરિકોને એસ.ટી. બસમાં મુસાફરી દરમિયાન ભાડામાં ૨૫ ટકા છૂટછાટ આપવામાં આવે તેવી માંગ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત ભાજપના વરિષ્ઠ સદસ્ય હરિદાન ગઢવી દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. રજૂઆતમાં જણાવાયું છે કે સિનિયર સિટીઝન લોકોને વિવિધ કામકાજ, આરોગ્ય સેવાઓ અને સામાજિક પ્રસંગો માટે વારંવાર મુસાફરી કરવી પડતી હોય છે. આવી સ્થિતિમાં એસ.ટી. બસના ભાડામાં રાહત આપવામાં આવે તો વડીલ નાગરિકોને આર્થિક રીતે સહાયરૂપ બનશે તેમજ તેઓ વધુ સરળતાથી જાહેર પરિવહનનો લાભ લઈ શકશે. વધુમાં રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુજરાત સરકારના સુશાસનના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે વડીલ નાગરિકોના હિતમાં આ નિર્ણય લેવામાં આવે તો તે કલ્યાણકારી પગલું સાબિત થશે. સિનિયર સિટીઝનોને એસ.ટી. મુસાફરીમાં ૨૫ ટકા ભાડા રાહત આપવાની માંગ સાથે સરકારને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ધારા એસ્ટેટ
એવન ડ્રાયકલીનની સામે, સરકારી દવાખાનાની બાજુમાં, છઠ્ઠીબારી રીંગરોડ, ભુજ-કચ્છ.
કરન રૂપારેલ - Mo. 6353314300, 9825229572

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
હનીફ વાય. ખત્રી
એડવોકેટ
ભુજ-કચ્છ



પ્રજાના પોતિકા અખબાર તરીકે લોહહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક કચ્છ ઉદયને ૩૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...
વોરા અશોકકુમાર હરખચંદ
વોરા રૂપેશ અશોકભાઈ

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...

RPI Athawale
રાજેન્દ્ર ટાંક
રાષ્ટ્રીય સચિવ, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)




સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
G.P. પ્રોજેક્ટ
આનંદ ચેમ્બર, પહેલા માળે,
હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.

# સીંધી સમાજનું ગૌરવ : મનપાના પ્રથમ મેયરનું ભવ્ય સન્માન

**ઝુલેલાલ મંદીર મધ્યે ઝુલેલાલ મંદીર ટ્રસ્ટ તથા સીંધી સમાના સંયુકત ઉપક્રમે મનપાના પ્રથમ મહીલામેયર દિવ્યાબેન નાથાણીનું કરાયું વિશિષ્ટ બહુમાન : વિવિધ સામાજીક-ધાર્મિક, સેવાકીય સંસ્થાઓએ હાજર રહી કર્યુ સન્માન : સન્માના પ્રત્યુત્તરમાં દિવ્યાબેને સમાજસેવા અને શહેરના વિકાસ માટે સતત કાર્યરત રહેવાની વ્યકત કરી તિબદ્ધતા**

**સિંધી સમાજ દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણીના સન્માન સમારોહમાં અખિલ ભારતીય સિંધી ભાનુશાલી મહાજન સરોવરના પ્રમુખ ગંગારામભાઈ ભાનુશાલી વિશેષ ઉપસ્થિત રહ્યા**



તસવીર : યોગેશ લીંબાચીયા



















ગાંધીધામ : તાજેતરમાં જ શહેરના ઝૂલેલાલ મંદિર ખાતે સાંજે ૭:૩૦ વાગ્યે ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ અને ગાંધીધામ સિંધી સમાજ દ્વારા શહેરના પ્રથમ મહિલા સિંધી મેયર દિવ્યાબેન નાથાણીના સન્માનમાં ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભગવાન ઝૂલેલાલની આરતી ઉતારીને કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા મેયરશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ અને ગાંધીધામ સિંધી સમાજ તરફથી દાદા કુંદનકુમાર ગુવાલાણી, દાદા કુમાર રામચંદાણી, અશોક તલરેજા, શેવક લાખવાણી, પ્રેમ પરિયાણી, દેવ દાદલાણી, હરેશ કંજાણી, સુનિલ ચેલાણી તથા અન્ય આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ઝૂલેલાલ મહિલા ગ્રુપ તરફથી શ્રીમતી રજની લાખવાણી, સપના દાદલાણી તથા અન્ય બહેનો દ્વારા મેયરશ્રીનું સન્માન કરાયું હતું.

આ ઉપરાંત સતગુરુ સેવા ટ્રસ્ટના હરેશ મૂળચંદાણી અને તેમની ટીમ, નિર્મલ મમતા ચેરિટેબલ ટ્રસ્ટના મમતા મંગલાણી, સિંધી સેવા મંચના આશા ગુલરાજાણી અને નરેન્દ્ર લાખવાણી, ઝૂલેલાલ મંદિર-સાધુ વસવાણી કુંજના મનુ ગોપલાણી, સંત કંવરરામ મંડળના ગોરધન રૂચંદાણી, રામ દાદલાણી અને તેમની ટીમ, ઉર્વશી કારિયા ઈવેન્ટ, કંજાણી હોલના સુરેશ ધનવાણી અને અનિલ નાથાણી, લાડી લોહાણા સિંધી પંચાયત-આદીપુરના વિનોદ ખુબચંદાણી અને તેમની ટીમ, શાહપુર ચકર ભ્રાદરી મંડળ, કિરણ જીવ દયા ગ્રુપના કિરણ જિતેન્દ્ર રોચિરામાણી, અપનાનગર પંચાયતના રજની લાખવાણી, આદીપુર-ગાંધીધામ સિંધી ફોટોગ્રાફર ગ્રુપના રાજેશ લાલવાણી, ગોપાલ તીર્થાણી અને તેમની ટીમ, ઝૂલેલાલ સેવા મંડળના હરેશ ભોજવાણી, સિંધી સદાબહાર ચેરિટેબલ ટ્રસ્ટના ચંદ્રપ્રકાશ ગોપલાણી અને તેમની ટીમ, શ્રી સિંધી ભાનુશાળી મહાજન સરોવરના દીપક ગગલાણી તથા ભારતીય સિંધી સભાના આશા ગુલરાજાણી અને નરેન્દ્ર લાખવાણી સહિત અનેક આગેવાનો અને સંસ્થાઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઝૂલેલાલ મંદિરના મેનેજર ગોપ આસનાણી તથા મંદિરના સમગ્ર સ્ટાફે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગે પોતાના સંબોધનમાં મેયર દિવ્યાબેન નાથાણીએ જણાવ્યું હતું કે, ‘‘મારા સન્માન માટે બૂકેના બદલે બુક આપવાની અપીલને સમાજે સ્વીકારી તે બદલ હું સૌની આભારી છું. ફૂલોના બૂકેના બદલે મળતી પુસ્તકો જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવશે, જેથી તેમના શિક્ષણમાં મદદરૂપ બની શકે. આ પ્રયાસથી ફૂલોના બગાડને પણ અટકાવી શકાશે.’’ અંતમાં મેયરશ્રીએ સમગ્ર સિંધી સમાજ, ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ અને તમામ સંસ્થાઓનો આભાર વ્યક્ત કરી સમાજસેવા અને શહેરના વિકાસ માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## પહેલા પાનાથી...

### દેશમા મોંઘવારીનો

આ સંજોગોમાં ગ્રાહકો પર આ ભાવ વધારાનો બોજ નાંખવામાં આવી રહ્યો છે.અહેવાલ પ્રમાણે તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરાયા બાદ પણ ઓઈલ કંપનીઓ આ ઈંધણના વેચાણમાં ભારે નુકસાન થતું હોવાની વાત આગળ ધરી રહી છે. કંપનીઓ પ્રતિ લીટર પેટ્રોલમાં રૂપિયા ૧૧ અને ડીઝલ પ્રતિ લીટર રૂપિયા ૩૩.૬ નુકસાન થતું હોવાનો દાવો કરી રહી છે.

### અમદાવાદ પોલીસ

છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટૂંક સમયમાં રાજ્યના પોલીસ તંત્રમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા પોલીસ અધિકારીઓની બદલીઓ કરવામાં આવે તેવી શક્યતા છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી બે મહિનામાં વધુ એક આઈપીએસ અધિકારી વય નિવૃત્ત થઈ રહ્યા હોય બે થી ત્રણ જગ્યાઓ ખાલી પડશે આથી આ જગ્યાઓ પર આગામી ટૂંક સમયમાં નિમણૂકો કરવામાં આવે તેવી શક્યતા છે.

### ચોમાસાએ ગતિ

પશ્ચિમ ચોમાસું બંગાળની ખાડી, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તમિલનાડુ, મિઝોરમ અને મણિપુરના મોટાભાગના વિસ્તારોમાં સક્રિય થઈ ગયું છે. આગામી એક સપ્તાહ સુધી પૂર્વોત્તર અને દક્ષિણ ભારતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### જામનગર દરિયાકાંઠે

ફોર્સને અત્યંત એક્ટિવ મોડમાં મૂકી દેવાઈ છે. રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને રાખીને કોઈ પણ પ્રકારની રાષ્ટ્રવિરોધી, આતંકવાદી કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દેશની સરહદમાં પ્રવેશી ન શકે તે માટે તંત્ર દ્વારા અતિ આવશ્યક અને કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે.

### ભારત-ઇન્ડોનેશિયા

અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રાજદ્વારી સ્તરે આ હાઈ-પ્રોફાઈલ મુલાકાતને પગલે બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવશે.ભારત-ઈન્ડોનેશિયા સંયુક્ત આયોગની બેઠકમાં લેશે ભાગવિદેશ પ્રધાન સુગિઓનો ભારતની મુલાકાત દરમિયાન ‘ભારત-ઈન્ડોનેશિયા સંયુક્ત આયોગ‘ ની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેશે. આ ખાસ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકર અને ઈન્ડોનેશિયાના વિદેશ પ્રધાન સંયુક્ત રીતે કરવાના છે. બેઠક દરમિયાન બંને નેતાઓ અત્યાર સુધીની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરશે.

### પરિમલ નથવાણીની

Soren સરકાર દરમિયાન જીત. તેમનો અનુભવ અને political management ચૂંટણીમાં મહત્વપૂર્ણ ગણાય છે.

### ચાલતી ટ્રેનના અચાનક

કટરા જતી સ્પેશિયલ ટ્રેનનો એક કોચ અચાનક બાકીની ટ્રેનથી અલગ થઈ ગયો હતો. સદનસીબે ટ્રેન સ્ટેશન પરથી ધીમી ગતિએ આગળ વધી રહી હતી.જેના કારણે લગભગ ૧૨૦૦ મુસાફરોનો આબાદ બચાવ થયો અને મોટી દુર્ઘટના ટળી ગઈ.માહિતી મુજબ ટ્રેન નંબર ૦૪૦૮૧ નવી દિલ્હીથી રાત્રે ૨:૩૦ વાગ્યે રવાના થઈ હતી અને સવારે ૮:૪૭ વાગ્યે લુધિયાણા પહોંચી હતી.સ્ટેશન પરનો નિર્ધારિત સ્ટોપ પછી ટ્રેન આગળ વધવા લાગી ત્યારે અચાનક જોરદાર અવાજ સંભળાયો. શરૂઆતમાં મુસાફરોને કોઈ વિસ્ફોટ થયો હોવાની આશંકા થઈ હતી.

### સુરતમાં દુર્ઘટના: ETP

સફાઈ માટે ઉતરેલા ચાર સફાઈ કામદારોના મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, ટેંકની અંદર રહેલા ઝેરી વાયુઓ અથવા ઓક્સિજનના અભાવને કારણે ગૂંગળામણ સર્જાઈ હતી, જેના કારણે ચારેય કામદારો બેભાન થઈ ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. રવિવારે સવારે આશરે ૧૦:૨૨ વાગ્યે ફાયર કંટ્રોલ રૂમને ચોર્યાસી ડેરીની બાજુમાં, ખાંડ બજાર પાસે આવેલા રતિ હાઉસ ખાતે વ્યક્તિઓ ફસાયા હોવાની માહિતી મળી હતી.

## રાજ્યસભા ચૂંટણીને લઈ ભાજપની તૈયારીઓ તેજ : ઉમેદવારોની પરિચય બેઠક યોજાઈ

ગાંધીનગર : આગામી રાજ્યસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. આ અનુસંધાને આજે મુખ્યમંત્રી નિવાસસ્થાને ભાજપના રાજ્યસભા ઉમેદવારોની પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં પક્ષના વરિષ્ઠ નેતાઓ, મંત્રીઓ તેમજ ભાજપના ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન રાજ્યસભા માટે જાહેર કરાયેલા ઉમેદવારોનો ધારાસભ્યો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. ઉમેદવારોએ પોતાના વિચારો અને પક્ષ પ્રત્યેની પ્રતિબદ્ધતા અંગે માહિતી આપી હતી. સાથે જ રાજ્યસભા ચૂંટણીમાં પક્ષના તમામ ધારાસભ્યો એકજૂથ રહી ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે રાજ્યસભા ચૂંટણીમાં પક્ષના ઉમેદવારોનો વિજય નિશ્ચિત છે અને સંગઠનની મજબૂતાઈ તથા ધારાસભ્યોના સહકારના આધારે ભાજપ ચારેય બેઠકો પર સફળતા પ્રાપ્ત કરશે. બેઠક દરમિયાન ચૂંટણી પ્રક્રિયા, મતદાનની પદ્ધતિ તેમજ જરૂરી સંગઠનાત્મક મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યસભા ચૂંટણીને લઈને ભાજપ દ્વારા કરવામાં આવી રહેલી સઘન તૈયારીઓ વચ્ચે યોજાયેલી આ પરિચય બેઠકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પક્ષના નેતાઓએ ઉમેદવારોને શુભેચ્છા પાઠવી હતી અને ચૂંટણીમાં ઐતિહાસિક જીત માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર હાઈ-એલર્ટ : બાંગ્લાદેશીઓનો ઘૂસણખોરીનો પ્રયાસ, BSFએ સુરક્ષા વધારી

કોલકાતા : ભારત-બાંગ્લાદેશ સરહદે થોડા સમય માટે તંગદીલી જેવો માહોલ સર્જાયો હતો, બાંગ્લાદેશીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો જોકે તાત્કાલીક બીએસએફના જવાનો એલર્ટ થઇ જતા સ્થિતિ કાબુમાં લઇ શકાઇ હતી. કૂચવિહાર જિલ્લાના મેખલીગંજ બ્લોકમાં આ ઘટના સામે આવી હતી. અચાનક મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ ભારતની સરહદ પાસે એકઠા થવા લાગ્યા હતા.

ભારત અને બાંગ્લાદેશ સરહદની કેટલીક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે જેમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ સરહદ પાસે જોવા મળ્યા હતા.

એક બાદ એક અનેક બાંગ્લાદેશીઓ એકઠા થઇ ગયા હતા, તેઓ ઘૂસણખોરી કરવા માગતા હતા કે કેમ તેને લઇને અનેક સવાલો ઉઠી રહ્યા છે.

જોકે જેવા તેઓ એકઠા થતા ગયા કે તુરંત જ બોર્ડર સિક્યોરિટી ફોર્સ બીએસએફ પણ એલર્ટ થઇ ગયું અને સરહદે જવાનોની તૈનાતી વધારી દેવામાં આવી હતી. આ દરમિયાન ૧૦ બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા ઘૂસવા પ્રયાસ થયો હતો જેને નિષ્ફળ બનાવાયો હતો.બીજી તરફ હાલમાં પશ્ચિમ બંગાળમાંથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો સરહદે પહોંચી રહ્યા છે અને તેઓ પરત બાંગ્લાદેશમાં પ્રવેશવા પ્રયાસ કરી રહ્યા છે.

## અમેરિકામાં તેલંગાણાના યુવકની ક્રૂર હત્યાઃ ‘ફેક’ પિત્ઝા ડિલિવરીના બહાને જાળમાં ફસાવી ગોળી મારી

નવી દીલ્હી : અમેરિકાના ફિલાડેલ્ફિયામાં તેલંગાણાના ૨૮ વર્ષીય ભારતીય યુવક અંશુલ કુંચાની પિત્ઝા ડિલિવરી કરવા દરમિયાન ગોળી મારીને ઘાતકી હત્યા કરવામાં આવી છે. પ્રાથમિક અહેવાલો મુજબ, આ સમગ્ર ઘટના એક સુનિયોજિત કાવતરું હોવાનું સામે આવ્યું છે, જેમાં અંશુલને પિત્ઝાના ‘ફેક’ (નકલી) ઓર્ડર આપીને બોલાવવામાં આવ્યો હતો. અંશુલ અમેરિકામાં એક મલ્ટીનેશનલ કંપનીમાં કાયમી નોકરી કરતો હતો, પરંતુ વધારાની કમાણી કરવા માટે તે વીકેન્ડ (શનિ-રવિ) પર પાર્ટ-ટાઈમ પિત્ઝા ડિલિવરી એક્ઝિક્યુટિવ તરીકે કામ કરતો હતો.શનિવારે રાત્રે અંશુલને એક સુનશાન વિસ્તારમાંથી પિત્ઝા ડિલિવરીની રિક્વેસ્ટ મળી હતી. અંશુલ જ્યારે ત્યાં પિત્ઝા પહોંચાડવા ગયો ત્યારે તે વિસ્તારમાં કોઈ હાજર નહોતું. અચાનક ત્યાં બે નકાબપોશ હુમલાખોરો આવ્યા હતા અને અંશુલના માથાના ભાગે એક પછી એક કહીને ઘણી ગોળીઓ મારી દીધી હતી. ગોળીબાર કર્યા બાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

અંશુલના પરિવારના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ અંશુલ પાસેથી કોઈ લૂંટફાટ કરી નથી, જેના કારણે આ હત્યા પાછળ કોઈ મોટો હેતુ હોવાની શંકા દ્રઢ બને છે. ભૂતકાળમાં પણ અંશુલ અમેરિકામાં લૂંટનો શિકાર બન્યો હતો, જેમાં તેનો ફોન, ચેન અને રોકડ ચોરાઈ ગયા હતા, પરંતુ ત્યારે તેના પર આવો જીવલેણ હુમલો થયો નહોતો. અંશુલની બહેન તન્વીએ રડતાં રડતાં આરોપ લગાવ્યો છે કે આ પિત્ઝા ઓર્ડર માત્ર તેના ભાઈની હત્યા કરવા માટે બિછાવવામાં આવેલી એક ચાલ હતી.

**નરેન્દ્ર મોદીની સરકારના ૧૨ વર્ષ ઉજવણી અંતર્ગત**

# અંજાર તાલુકા ભાજપની કાર્યશાળા યોજાઈ



અંજાર - કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ એન.ડી.એ. સરકારને ૧૨ વર્ષ પૂર્ણ થયા હોવાથી કેન્દ્ર સરકારની યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે એ હેતુ માટે અંજાર તાલુકા ભાજપની કાર્યશાળા ધારાસભ્ય કાર્યાલય અંજાર મધ્યે મળી હતી.

કાર્યશાળાની શરૂઆત તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી મહેશભાઈ ડાંગર સાંઘિક ગીતથી કરાવી ત્યારબાદ ભારત માતા, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી અને પંડિત દિનદયાળ ઉપાધ્યાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી અને વંદે માતરમ્‌નું પૂર્ણ ગીત ગવડાવવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન કરતા તાલુકા ભાજપ પ્રમુખ બી. એન. આહિરે સૌને આવકારી તાલુકા પંચાયત જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકામાં વિજેતા થયેલા મંડળના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

અંજાર તાલુકા ભાજપના પ્રભારી મોમાયાભા ગઢવીએ તા. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસથી ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ સુધી મંડળ કક્ષાએ કરવાના કાર્યક્રમોની માહિતી આપી હતી.

જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મશરૂભાઈ રબારીએ અંજાર તાલુકો કોઈપણ કાર્યક્રમમાં અગ્રેસર રહેતો હોય છે તો આગામી કાર્યક્રમોને પણ સફળ બનાવવાની વાત કરી હતી.

રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ અંજાર વિસ્તારમાં થયેલા વિકાસકાર્યો, પ્રગતિ હેઠળના વિકાસકાર્યોની ચર્ચા કરી અંજાર તાલુકામાં કુલ મળીને ૨૦ હજાર ઉપરાંત મતોથી તાલુકા અને જિલ્લા પંચાયતમાં ભાજપનો વિજય થતા એનો શ્રેય સૌ કાર્યકર્તાઓને આપ્યો હતો. આવી જ રીતે સંગઠન બળની સૌને આગળ વધવાની અપીલ કરી હતી.

આ કાર્યશાળામાં અંજાર તાલુકાની ભીમાસર ચકાસર જિલ્લા પંચાયત બેઠક પરથી ભવ્ય વિજય મેળવ્યા બાદ જિલ્લા પંચાયતના પ્રમુખની જવાબદારી મળવા બદલ પ્રભાબેન રબારી અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને અંજાર તાલુકા ભાજપના મેઘપર ગામમાંથી ચૂંટાયેલા કોર્પોરેટરોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ કલ્પેશભાઈ આહિર, ભુજ તાલુકા ભાજપના પ્રભારી આણંદભાઈ માતા, તાલુકા પંચાયત નવનિયુક્ત પ્રમુખ સંદીપભાઈ ચાવડા, ઉપપ્રમુખ પ્રતિનિધિ ગોપાલભાઈ વીરા, કારોબારી ચેરમેન દીપકસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા જીવાભાઈ રબારી, દંડક નૌતમભાઈ ચૌહાણ, જિલ્લા પંચાયત સદસ્ય નરેશભાઈ થારૂ, જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ રાજેશભાઈ વરાયા, વિપુલભાઈ ડાંગર, ગાંધીધામ મહાનગરપાલિકાના કોર્પોરેટર અજીતસિંહ રાજપૂત, શિલ્પાબેન પટેલ, પારૂલબેન દાફડા, તાલુકા ભાજપના મહામંત્રી રૂપાભાઈ રબારી, કાર્યક્રમના તાલુકાના સહ ઈન્ચાર્જ ગોપાલભાઈ ડાંગર સહિતના અપેક્ષીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્ય શાળાનું સંચાલન અંજાર તાલુકા ભાજપના મહામંત્રી કાનજીભાઈ આહિરે અને આભારવિધિ તાલુકાના કાર્યક્રમના સહ ઈન્ચાર્જ મેહૂલભાઈ આહિરે કરી હતી.

# ટ્રાન્સપોર્ટ વાહનોમાં જીપીએસ લગાવ્યા બાદ આરટીઓ કચેરીમાં લઈ જવાના નિયમમાં મુક્તિ

**ઈંધણની અછત વચ્ચે વેરીફીકેશન માટે વાહનને કચેરીમાં લઈ જવાની જોગવાઈથી ટ્રાન્સપોર્ટરોમાં ફેલાઈ હતી ચિંતા : ગાંધીનગર કમિશનર કચેરીએ પરિપત્ર જારી કર્યો : જો જીપીએસ નહીં હોય તો કાર્યવાહી થશે**

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા પરિવહન ક્ષેત્રને મહત્વપૂર્ણ રાહત આપતો નિર્ણય લેવામાં આવતા કચ્છ સહિત સમગ્ર ગુજરાતના હજારો વાહનમાલિકો અને ટ્રાન્સપોર્ટરોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. વાહનોમાં વ્હીકલ લોકેશન ટ્રેકિંગ ડિવાઈસ (વીએલટીડી) એટલે કે જીપીએસ સિસ્ટમ ફિટ કરાવ્યા બાદ તેની મંજૂરી માટે વાહનને આરટીઓ અથવા એઆરટીઓ કચેરી ખાતે ભૌતિક ચકાસણી માટે લઈ જવાની ફરજિયાત જોગવાઈ હવે રદ કરવામાં આવી છે. વાહનવ્યવહાર કમિશનરની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રથી ખાસ કરીને કચ્છ જેવા વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા જિલ્લામાં પરિવહન વ્યવસાય સાથે જોડાયેલા લોકોને સીધો લાભ મળશે.

અગાઉના નિયમો મુજબ કોઈપણ પરિવહન વાહનમાં વીએલટીડી સિસ્ટમ સ્થાપિત થયા બાદ તેની મંજૂરી માટે વાહનને સંબંધિત આરટીઓ અથવા એઆરટીઓ કચેરી સુધી લઈ જવું ફરજિયાત હતું.

આ પ્રક્રિયાના કારણે ટ્રાન્સપોર્ટરોને વધારાનો ખર્ચ, સમયનો વ્યય અને કામગીરીમાં વિલંબનો સામનો કરવો પડતો હતો. કચ્છ જિલ્લામાં તો અનેક વાહનોને માત્ર ચકાસણી માટે લાંબા અંતર સુધી લઈ જવાની ફરજ પડતી હતી, જેના કારણે ઈંધણનો બિનજરૂરી ખર્ચ થતો હતો.

તાજેતરમાં ડીઝલની ઉપલબ્ધતા અને વધતા ખર્ચ વચ્ચે વાહનધારકો માટે આ નિયમ વધુ મુશ્કેલીજનક બની ગયો હતો. રાજ્યભરમાંથી વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસિએશનો, વાહનમાલિકો અને સંગઠનો દ્વારા સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી કે વીએલટીડી સિસ્ટમ ફિટ થયા બાદ વાહનને ફરી કચેરી સુધી લઈ જવાની પ્રક્રિયા સરળ બનાવવી જોઈએ. આ રજૂઆતોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નવા પરિપત્ર અનુસાર હવે વીએલટીડી ફિટમેન્ટ બાદ વાહનને ભૌતિક ચકાસણી માટે ફરજિયાત રીતે આરટીઓ કે એઆરટીઓ કચેરી ખાતે રજૂ કરવાની જરૂર રહેશે નહીં. પરિણામે ટ્રાન્સપોર્ટરોને લાંબા અંતરના બિનજરૂરી ફેરા ટાળવા મળશે અને ઈંધણ તેમજ સમય બંનેની બચત થશે.

સત્તાવાર પરિપત્રમાં જણાવાયું છે કે ભવિષ્યમાં કોઈપણ પ્રકારની તપાસ અથવા નિરીક્ષણ દરમિયાન જો કોઈ વાહનમાં નિયમ મુજબ વીએલટીડી સિસ્ટમ કાર્યરત ન હોવાનું, ફિટ કરેલી ન હોવાનું અથવા ખોટી વિગતોના આધારે મંજૂરી લેવામાં આવી હોવાનું જણાશે તો સંબંધિત વાહનમાલિક અને સંચાલક સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

કચ્છ જિલ્લા મોટારિંગ પબ્લિક સલાહકાર અને સેવા સમિતિના પ્રમુખ ઉમર સમાએ આ નિર્ણયને આવકારતાં જણાવ્યું હતું કે પરિવહન ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો લાંબા સમયથી આ મુદ્દે રજૂઆતો કરી રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવાતા હજારો પરિવહનકારોને મોટી રાહત મળશે. તેમણે આ પ્રશ્નના નિરાકરણ બદલ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કચ્છની સરહદ ડેરીને હાર્મોની કોર્પોરેટ એવોર્ડ એનાયત

**પશુપાલકોના ઉત્કર્ષ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ કરાયું સન્માન**




અંજાર - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પશુપાલકોના હિતમાં સતત કાર્યરત અને શ્વેતક્રાંતિના માધ્યમથી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપતી સરહદ ડેરીની સિદ્ધિઓમાં વધુ એક છોગું ઉમેરાયું છે. તાજેતરમાં અંજાર ખાતે હાર્મોની આર્ટસ એન્ડ કલ્ચર સંસ્થા દ્વારા આયોજિત એક ભવ્ય એવોર્ડ વિતરણ સમારંભમાં સરહદ ડેરીને પ્રતિષ્ઠિત 'હાર્મોની કોર્પોરેટ એવોર્ડ ૨૦૨૬' એનાયત કરીને વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર અને અનુકરણીય કામગીરી કરનાર મહાનુભાવો તેમજ સંસ્થાઓને બિરદાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં કોર્પોરેટ ક્ષેત્રે નવીનતા, સમર્પણ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ સરહદ ડેરીની આ સર્વોચ્ચ સન્માન માટે પસંદગી કરવામાં આવી હતી. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલના કુશળ અને દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ ડેરીએ માત્ર વ્યાવસાયિક ક્ષેત્રે જ અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત નથી કરી, પરંતુ પશુપાલકોના સામાજિક-આર્થિક ઉત્કર્ષ, સમાજસેવા અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડેરી ઉત્પાદનો પૂરા પાડવામાં પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે.

આ એવોર્ડ ડેરી પ્રશાસનની સખત મહેનત, પશુપાલકો પ્રત્યેની સંવેદનશીલતા અને દૂરંદેશીભર્યા અભિગમનું સુખદ પરિણામ છે, જેના કારણે આજે સરહદ ડેરીએ ગુજરાતના ડેરી ઉદ્યોગમાં પોતાનું અગ્રેસર સ્થાન જાળવી રાખ્યું છે. નોંધનીય છે કે સરહદ ડેરી દ્વારા સમયસમય પર પશુપાલકોના હિતમાં અનેક કલ્યાણલક્ષી અને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ડેરી પ્રશાસને માત્ર પશુપાલકોની આર્થિક ઉન્નતિની જ ચિંતા નથી કરી, પરંતુ દુધાળા પશુઓના આરોગ્ય અને સંવર્ધનની પણ પૂરતી કાળજી લીધી છે. કચ્છ જેવા સરહદી વિસ્તારમાં દૂધ ક્રાંતિને વધુ વેગવંતી બનાવવા માટે ડેરી દ્વારા આધુનિક ટેકનોલોજીનો પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ અનેક રાષ્ટ્રીય અને પ્રાદેશિક એવોર્ડથી સન્માનિત થઈ ચૂકેલી સરહદ ડેરીના નામે આ નવો એવોર્ડ જોડાતા સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને પશુપાલકોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# નવી સુંદરપુરી હુસેની એકતા કમિટી દ્વારા મોહરમ નિમિત્તે નિશાન ચઢાવવામાં આવશે

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ નવી સુંદરપુરી હુસેની એકતા કમિટી દ્વારા શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈનની યાદમાં મોહરમ મનાવવામાં આવે છે. મોહરમ નિમિત્તે તા.૧૫/૬ના રોજ સાંજે ૬ વાગ્યે ઈમામ ચોક ખાતે નિશાન ચઢાવવામાં આવશે. આ દિવસે મોહરમનો ચાંદ દેખાશે તો તે દિવસે તકરીર કરવામાં આવશે નહીં તો તારીખ ૧૬/૬ના રોજ રાત્રે ૧૦ વાગે તકરીર કરવામાં આવશે અને દશ દિવસ સુધી તકરીરનું આયોજન કરવામાં આવ્યું છે. દશ દિવસ સુધી ન્યાઝ અને સબીલે જેવા કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાઈઓ - બહેનો અને યુવાઓને ઉપસ્થિત રહેવા લતીફ આર. ખલીફા પ્રમુખ હુસેની એકતા કમિટીની યાદીમાં જણાવાયું છે.

# ચેક પરત ફરવાના કેસમાં એક વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના માધાપર ગામના ફરિયાદી લક્ષ્મણ દવેએ મૂળ ભચાઉના આરોપી રાજેન્દ્રકુમાર વનરાજભાઈ વિરુદ્ધ ભુજ ચીફ જ્યુ. કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપીને ઉછીના આપેલા નાણાંની અવેજીમાં આપેલ રૂા. ૬.૫૦ લાખનો ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફર્યો હતા.

આ કેસ અદાલતમાં ચાલી જતાં બંને પક્ષની દલિલો અને ૧૦ જેટલા દસ્તાવેજી આધારોને ધ્યાને લઈ ભુજના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ કે.સી. જોષીએ આરોપીને એક વર્ષની સાદી કેદ અને રૂા. ૬.૫૦ લાખ ૯ ટકા વ્યાજ સાથે ફરિયાદીને એક માસમાં ચુકવી આપવા હુકમ કર્યો હતો. જો આરોપી નાણાં ન ચુકવે તો વધુ ત્રણ માસની સજા સંભળાવી હતી. ફરિયાદી પક્ષે સિનિયર ધારાશાસ્ત્રી મયુર પુરોહિત અને પાર્થ પુરોહિત હાજર રહ્યા હતા.

# સેલારીના સરપંચને બીજી વખત હોદ્દા પરથી દૂર કરાયા: ડીડીઓનો આદેશ

**૩.૪૭ કરોડના કૌભાંડની ફરિયાદ મામલે સેશન્સ કોર્ટમાંથી કેસનો નિકાલ ન આવે અથવા સરપંચના હોદ્દાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા**

રાપર - કચ્છઉદય : રાપર તાલુકાના બહુચર્ચિત સેલારી ગામના સરપંચને બીજી વખત સરપંચ પદેથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સેલારીના સરપંચ મહેશભાઈ ધનજીભાઈ ચૌધરીને સરપંચના હોદ્દા પરથી દૂર કરતો આ હુકમ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ દ્વારા કરવામાં આવ્યો છે.

આ મામલાની વિગત મુજબ સેલારીના સરપંચ વિરુદ્ધ રૂપિયા ૩,૪૭,૦૦,૦૦૦ ની છેતરપિંડીની ફરિયાદ કાંતિલાલ ભાનુશાલીએ તારીખ ૨૪-૦૪-૨૦૨૨ના રોજ મુંબઈના કલ્યાણ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જો કે, બાદમાં ફરિયાદી દ્વારા આ ફરિયાદ પરત ખેંચી લેવામાં આવી હતી. આ બાબત સામે આવતા સેલારી ગામના ભચુભાઈ ગોવિંદભાઈ રાવરિયાએ સરપંચને પદ પરથી દૂર કરવા માટે અરજી કરી હતી.

ડીડીઓએ જણાવ્યું હતું કે, નાણાકીય છેતરપિંડીના નૈતિક અધઃપતનના ગુનામાં આક્ષેપિત અને છેતરપિંડીના ગુના અંતર્ગત જેલમાં જઈ આવેલા સરપંચને હોદ્દા પર ચાલુ રાખવાથી ગામલોકો અને સમાજમાં તેમજ ગ્રામ પંચાયતના વહીવટમાં વિપરીત અસર પડી શકે તેમ છે. આથી જ્યાં સુધી સેશન્સ કોર્ટમાંથી આ કેસનો નિકાલ ન આવે અથવા સરપંચના હોદ્દાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે, સરપંચના પત્ની હાલમાં જ સેલારી બેઠક પરથી તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં પશુઓની વિશેષ સંભાળ રાખવી જરૂરી : ડૉ. રાજેશ પટેલ

**દૂધ ઉત્પાદનમાં થતો ઘટાડો અટકાવવા જિલ્લા પશુપાલન અધિકારી દ્વારા અપાયું માર્ગદર્શન : પશુઓને બપોરના સમયે ચરાણ માટે બહાર ન મોકલવા અને પૂરતો લીલો ચારો તેમજ ઠંડું પાણી આપવા પશુપાલકોને આપી સલાહ**

ભુજ - કચ્છઉદય : હાલ સમગ્ર કચ્છ જિલ્લામાં ઉનાળાની ઋતુ તેની ચરમસીમા પર છે અને સૂર્યદેવ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે. આ કાળઝાળ ગરમીની સીધી નકારાત્મક અસર મનુષ્યોની સાથોસાથ અબોલ પશુઓ પર પણ જોવા મળતી હોય છે. ઉનાળાની આ સિઝનમાં ગરમીના ઊંચા પારોના કારણે પશુઓમાં દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાતો હોય છે, જેના લીધે પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લાના પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે પશુપાલકોને પશુઓની યોગ્ય માવજત કરવા અને દૂધનું ઉત્પાદન જાળવી રાખવા માટે અત્યંત ઉપયોગી અને વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે આ અંગે વિસ્તૃત ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, ઉનાળાની ગરમીના દિવસો દરમિયાન દૂધાળા પશુઓ કાં તો વસૂકવાની એટલે કે દૂધ આપવાનું બંધ કરવાની તૈયારીમાં હોય છે અથવા તો વસૂકેલા હોય છે, જેના કારણે કુદરતી રીતે જ દૂધ ઉત્પાદન ઘટતું હોય છે. પરંતુ વાતાવરણના તાપમાનમાં થતા અતિશય વધારાને લીધે પશુઓના શરીરમાં પણ ફેરફારો થાય છે અને દૂધની માત્રા વધુ ઘટી જાય છે. આ દૂધ ઉત્પાદનનો ઘટાડો અટકાવવા માટે પશુપાલકોએ પશુધનની દિનચર્યામાં થોડા ફેરફારો કરવા અનિવાર્ય છે. સૌથી મહત્વની બાબત એ છે કે પશુપાલકોએ પોતાના પશુઓને બપોરના સમયે એટલે કે સવારે ૧૦ વાગ્યાથી લઈને સાંજના ૪ વાગ્યા સુધીના ગાળામાં ચરાણ માટે બહાર જંગલમાં કે સીમમાં બિલકુલ ન મોકલવા જોઈએ.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બપોરના આકરા તડકા દરમિયાન પશુઓને કોઈ મોટા ઝાડની શીતળ છાયા નીચે અથવા તો વ્યવસ્થિત હવા ઉજાસવાળા શેડ નીચે બાંધી રાખવા જોઈએ. પશુઓનો આશ્રયસ્થાન એવું હોવું જોઈએ જ્યાં પૂરતી માત્રામાં ખુલ્લી હવા મળી રહે. ખાસ કરીને ભેંસ વર્ગના પશુઓને ગરમી ખૂબ જ વધારે લાગતી હોવાથી તેમને નજીકના તળાવમાં નવડાવવા અથવા તો ઠંડા પાણીથી દિવસમાં એક-બે વાર નવડાવવાનો આગ્રહ રાખવો જોઈએ. આ જ રીતે ગાય વર્ગના પશુઓને પણ ઠંડા પાણીથી નવડાવવાથી તેમના શરીરને આંતરિક અને બાહ્ય રાહત મળે છે, જેના પરિણામે ગરમીના કારણે દૂધ ઉત્પાદનમાં થતો ઘટાડો આપણે ખૂબ જ સહેલાઈથી અટકાવી શકીએ છીએ. ગરમીના દિવસોમાં પશુઓના આહાર અને નાના બચ્ચાઓની સંભાળ અંગે માર્ગદર્શન આપતા ડૉ. રાજેશ પટેલે જણાવ્યું કે, આ દિવસોમાં પશુઓને બને તેટલો વધારે પ્રમાણમાં લીલો ચારો ખવડાવવો જોઈએ.

લીલો ચારો પશુના શરીરમાં પાણીનું સ્તર અને ભેજ જાળવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જેથી પશુઓમાં ડિહાઈડ્રેશન થતું નથી. આ ઉપરાંત ઘેટા-બકરા જેવા નાના પ્રાણીઓ અને પશુઓના નાના બચ્ચાઓને પણ આ જ રીતે સૂર્યના સીધા તાપથી બચાવીને ઠંડક વાળી જગ્યાએ રાખવા જોઈએ અને તેમને પણ બપોરના સમયે ચરાણ માટે જંગલમાં ન મોકલવા જોઈએ. જો પશુપાલકો આ નાની પણ અત્યંત મહત્વની બાબતોનું ધ્યાન રાખશે તો આકરા ઉનાળામાં પણ પોતાના પશુધનની તંદુરસ્તી જાળવી શકશે અને આર્થિક નુકસાનથી બચી શકશે.

## છેલ્લા પાનાનું ચાલુ...ભુજમાં ચુસ્ત પોલીસ




પરીક્ષા કેન્દ્રો પર કોપીરાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો અથવા તેના જવાબો કોપીઈંગ મશીન દ્વારા અસામાજિક તત્વો સુધી ન પહોંચે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી. ઉમેદવારો કોઈપણ પ્રકારના ભય કે ત્રાસ વિના શાંતિથી પરીક્ષા આપી શકે અને કેન્દ્રના સંચાલકો પણ કોઈ અડચણ વગર વ્યવસ્થા જાળવી શકે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભુજ શહેરના તમામ ૯ પરીક્ષા કેન્દ્રો અને તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં વિવિધ પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરવામાં આવ્યા હતા. પરીક્ષાના સફળ અને સુચારુ સંચાલન માટે દરેક કેન્દ્ર પર કેન્દ્ર ઈન્ચાર્જ તરીકે અનુભવી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી, જેમણે સમગ્ર પ્રક્રિયા પર ઝીણવટભરી નજર રાખી હતી. બપોરે બે વાગ્યે પરીક્ષા પૂર્ણ થતાં જ તમામ કેન્દ્રો પરથી પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

## કચ્છ - મુંબઈના રેલવે પ્રશ્નો અંગે રજૂઆત



કચ્છ પ્રવાસી સંઘના હોદ્દેદારો દ્વારા કેન્દ્રીય કેબીનેટ મંત્રી રામદાસ આઠવલે સમક્ષ કચ્છ અને મુંબઈના રેલવે સબંધિત પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. મંત્રીના નિવાસસ્થાને આ મુલાકાત માટે ચેતન શાહ (તલવાણા), ચંદ્રેશભાઈ હરીયા (શેરડી) નો સહકાર મળ્યો હતો તેવું કચ્છ પ્રવાસી સંઘના નિલેશ શ્યામ શાહે જણાવ્યું હતું.

# ગૌચર જમીનના દબાણો ગ્રામ્ય જીવન, સંસ્કૃતિ અને પર્યાવરણ માટે હાનિકારક : પૂ. ત્રિકમદાસજી મહારાજ




અંજાર - કચ્છઉદય : બરસાનાના ચીકસોલી ખાતે ચાલી રહેલા શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણના પાંચમા દિવસે કથાવક્તા પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે ગૌચર જમીનો પર થતા દબાણોને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગૌચર જમીનોનો અદૂરસંધાન ઉપયોગ અને તેમાં થતું ગેરકાયદેસર અતિક્રમણ માત્ર ગૌવંશ માટે જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામ્ય જીવન, સંસ્કૃતિ અને પર્યાવરણ માટે હાનિકારક છે.કથાની શરૂઆત મંગલાચરણ સાથે મનોરથી કર્માબેન રણછોડભાઈ રાઘુભાઈ રાવત પરિવાર દ્વારા પોથીપૂજન, અર્ચન અને ગુરુપૂજનથી કરવામાં આવી હતી. સમગ્ર મંડપમાં ભજન, કીર્તન, પદ, છંદો અને ગોપીગીતોની મધુર ગુંજ સાથે ભક્તિમય માહોલ સર્જાયો હતો. નંદલાલ છાંગાના સુમધુર ભજનો અને સંગીતમય પ્રસ્તુતિએ શ્રોતાઓને ભક્તિરસમાં ડૂબાવી દીધા હતા.

કથા પ્રસંગે ત્રિકમદાસજી મહારાજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પછી ગોકુળમાં ઉજવાયેલા નંદ મહોત્સવનું સુંદર વર્ણન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભગવાનના આગમનથી સમગ્ર વ્રજભૂમિ આનંદ અને ઉત્સાહથી ઝૂમી ઉઠી હતી. માતા યશોદા દ્વારા બાળગોપાલને યમુનાજીના પવિત્ર જળથી સ્નાન કરાવવાનો પ્રસંગ, બ્રહ્મા અને વિષ્ણુજીના દર્શન, ભગવાન શિવજી દ્વારા બાળગોપાલના દર્શન અને તાંડવ નૃત્ય, તેમજ પૂતના અને શકટાસુર જેવા અસુરોના સંહારની લીલાઓનું વિગતવાર નિરૂપણ કરવામાં આવ્યું હતું.

ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે ભગવાનનું પવિત્ર નામ માનવજીવનના તમામ ભય, દુઃખ અને સંકટોને દૂર કરવાની શક્તિ ધરાવે છે. નામ, રૂપ, ધામ અને લીલાનું સ્મરણ ભક્તને આધ્યાત્મિક ઊંચાઈ તરફ દોરી જાય છે અને જીવનને સત્ય માર્ગ પર આગળ વધારે છે. આહીર સમાજ સહિત સમગ્ર સમાજને સંબોધતા મહારાજશ્રીએ ગૌવંશની રક્ષા અને સંવર્ધન માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગૌસેવા એ માત્ર ધાર્મિક ફરજ નથી પરંતુ ભારતીય સંસ્કૃતિની આત્મા છે. ગૌચર જમીનોનું સંરક્ષણ એ જ ગૌવંશના ભવિષ્યની સુરક્ષા છે.

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે વ્યાસપીઠ પરથી ત્રિકમદાસજી મહારાજે દરેકને પોતાના આસપાસ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાની અપીલ કરી હતી. પર્યાવરણનું સંતુલન જાળવવું એ માનવજાતના ભવિષ્ય માટે અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું. કથા દરમિયાન રાવત પરિવારના બાળકો અને યુવા રસિકો દ્વારા ગ્રંથરાજની લીલાઓ આધારિત સુંદર રજૂઆત કરવામાં આવી હતી. અંતિમ તબક્કે બરસાનાના ઋષિકુમારો અને ઋષિકન્યાઓએ પૂજ્ય મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ગત રાત્રે રાધા-કૃષ્ણ ભક્તિથી ભરપૂર ભજનોના સ્વરોએ કથા મંડપને ભક્તિમય બનાવી દીધો હતો. રાધાવલ્લભ મંદિરના મોહિતજી મહારાજ દ્વારા ત્રિકમદાસજી મહારાજનું સન્માન કરવામાં આવ્યું હતું, જ્યારે અનેક સંતો, મહંતો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ..

### ભુજ આરટીઓમાં

ગણતરીની મિનિટોમાં જ અરજદારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા મોકલી દેવાશે. જેથી ભવિષ્યમાં રોડ અકસ્માતો ઘટાડી શકાય અને માત્ર કુશળ હોય તેવા ચાલકોને જ ડ્રાઈવિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે. આવતીકાલથી જ ભુજના વાહન ચાલકો માટે આ સુવિધા કાર્યરત થઈ જશે. આ બાબતે આરટીઓ અધિકારીનો સંપર્ક થઈ શકયો ન હતો.


### ભુજનો વિકાસ

કાયદેસરની સહમતીના બદલે વગર વળતરે કબજો લઈ લેવાની ગેરકાયદે પ્રથા ચલાવવામાં આવી રહી છે, જે ડીપી પ્લાન રિવાઈઝ થતી વખતે રસ્તા બદલાતા કાયદાકીય ગૂંચ ઉભી કરે છે. તેવી જ રીતે પુરાતત્વ ખાતા દ્વારા ડેવલપ ન કરાયેલી છતરડીની આજુબાજુના વિકસિત રહેણાંક વિસ્તારોમાં પણ નવી બાંધકામ પરવાનગીઓ અટકાવી દેવાતા લોકો પરેશાન થઈ રહ્યા છે, જેમાં વહેલી તકે સુધારો કરવો જરૂરી છે. બીજી તરફ, સીજીડીસીઆર-૨૦૧૭ના નિયમો અને ઓનલાઈન ઓડીપીએસ સોફ્ટવેરની ટેકનિકલ ખામીઓના કારણે સ્થાનિક એન્જિનિયરો અને અરજદારો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ડીઉ કેટેગરીમાં બિલ્ડિંગની મહત્તમ ઊંચાઈ અગિયાર મીટર નક્કી કરાયેલી છે, પરંતુ સોફ્ટવેરમાં માર્જિન એરિયામાં વ્હીકલ રેમ્પની મંજૂરી માત્ર પંદર મીટરથી વધુ ઊંચાઈ માટે સેટ હોવાથી નાની બિલ્ડિંગોની ફાઈલો સોફ્ટવેર દ્વારા રિજેક્ટ થઈ જાય છે. જો બેઝમેન્ટમાં જવા માટે સાઈડ કે રીઅર માર્જિનમાં રેમ્પ ન મળે તો બેઝમેન્ટનો પાર્કિંગ તરીકે ઉપયોગ જ શક્ય બનતો નથી અને તેના લીધે રહેવાસીઓ નિયમ મુજબની એફએસઆઈનો પૂરો ઉપયોગ કરી શકતા નથી. આ સોફ્ટવેરમાં માત્ર સાડા સાતસો ચોરસ મીટર સુધીના પ્લોટમાં જ રોડ સાઈડ માર્જિનમાં પાર્કિંગની મંજૂરી મળે છે, જે નિયમ તમામ કદના પ્લોટ માટે અને સાઈડ તેમજ રીઅર માર્જિન માટે પણ લાગુ કરવો જોઈએ. શહેરના જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર નાના પ્લોટો પર કોમર્શિયલ બાંધકામ માટે તમામ બાજુ ત્રણ મીટરનું માર્જિન છોડવું ફરજિયાત હોવાથી આવા પ્લોટ બિનઉપયોગી બની જાય છે, જેથી નાના પ્લોટોને રહેણાંકના માર્જિનના નિયમો મુજબ જ કોમર્શિયલ મંજૂરી આપવી જોઈએ. આ સોફ્ટવેરમાં હયાત બેઝમેન્ટ હોવા છતાં તેને નવું જ દર્શાવવાની ફરજ પડે છે અને સુધારા-વધારાની મંજૂરી વખતે જૂનું બાંધકામ કે હયાત પાર્કિંગ ધ્યાને લેવાતું નથી, જેને સુધારવા માટે સ્થાનિક એન્જિનિયર એસોસિએશન સાથે તાકીદે બેઠક યોજવી અનિવાર્ય છે.

ભુજની જૂની ટીપી સ્કીમોમાં બજારો સાંકડા રસ્તાઓ પર આવેલી છે અને મોટાભાગના પ્લોટ ખૂબ નાના હોવાથી ત્યાં પાર્કિંગની જગ્યા છોડવી અશક્ય છે, જેના લીધે ગેરકાયદે બાંધકામો વધે છે. આથી એંસી ચોરસ મીટર સુધીના નાના પ્લોટોને રસ્તાની પહોળાઈ કે પાર્કિંગના નિયમોના બંધન વગર સીધી કોમર્શિયલ મંજૂરી આપવી જોઈએ, કારણ કે ટીપી સ્કીમ બનાવતી વખતે ઓથોરીટીએ ઓલરેડી પાર્કિંગ પ્લોટો ફાળવેલા જ હોય છે. આ તમામ જમીન અને સોફ્ટવેર લક્ષી ટેકનિકલ વિસંગતતાઓ દૂર થાય તો જ ભુજ શહેરનો અટકેલો વિકાસ ફરી પાટા પર ચડી શકે તેમ છે તેવી લાગણી પ્રબુધ્ધ ભુજવાસીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## ભુજ તાલુકા પંચાયતમાં મારામારીનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો

ભુજ : શહેરમાં આવેલી તાલુકા પંચાયત કચેરીમાં મારામારી કરવામાં આવી હતી, શનિવારે બપોરે આ બનાવ બન્યો હતો. ભુજ તાલુકાના ભોજરડો ગ્રામ પંચાયતનું નવું મકાન બાંધવા માટે બે અલગ અલગ જુથ રજૂઆત કરવા આવ્યા હતા. બંને જુથો દ્વારા અલગ અલગ સ્થળે પંચાયત બનાવવાની માંગ કરાઈ હતી. બોલાચાલી ઉગ્ર બની અને હાથાપાઈ કરવામાં આવી હતી. પોલીસને બોલાવાઈ હતી. તે બાદ મામલો થાળે પડ્યો હતો. પંચાયતના મુદ્દે તાલુકા પંચાયતમાં હાથાપાઈ થતાં મામલો ચર્ચાસ્પદ બન્યો હતો.



**ભારાપર પાસે ખાંડ ભરેલી ટ્રક પલટી :** ભારાપર પાસે ખાણ ભરેલી ટ્રક પલટી મારી ગઈ હતી. ગાડી રોડની સાઈડમાં પલટી મારી ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી. વાહનમાં નુકશાન થયું હતું.

# સોની મહાજન સંગઠન અને જેવીસી ટ્રસ્ટ દ્વારા ગાંધીધામનાં પ્રથમ મેયરનું સન્માન

ગાંધીધામ:તા. ૫/૬/૨૦૨૬ નાં સોની મહાજન સંગઠન કચ્છ અને જેવીસી ટ્રસ્ટ ગાંધીધામ દ્વારા ગાંધીધામનાં પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન જીતેન્દ્રભાઈ નાથાણી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસભાઈ શેઠને અભિનંદન પાઠવી પુષ્પગુચ્છ, શાલ ઓઢાડીને અને સ્મૃતિચિહ્નથી સન્માનિત કરી શહેરનાં વિકાસ અને સેવા કર્યો માટે શુભેચ્છાઓ પાઠવી અને ભવિષ્યમાં બંને સંસ્થાઓએ સેવાકાર્યોમાં સહકાર આપવાની લાગણી વ્યક્ત કરેલ . આ પ્રસંગે સંસ્થા પ્રમુખ યોગેશકુમાર સોની, મંત્રી રાજેશભાઈ સોની, ઉપપ્રમુખ નરેશભાઈ સોની, ખજાનચી અનિલભાઈ સોની અને



જેવીસી સંસ્થા સ્થાપક એડવોકેટ પારૂલબેન સોની અને રેખાબેન સોની જોડાયેલ એવું સેક્રેટરી એકલવ્ય સોનીએ જણાવ્યું હતું.

# અંજાર નગરપાલિકામાં પદાધિકારીઓને નિયમવિરુદ્ધ ચેમ્બર ફાળવાઈ હોવાનો આક્ષેપ

અંજાર - કચ્છઉદય : અંજાર નગરપાલિકામાં શાસક પક્ષના નેતા, ઉપપ્રમુખ અને દંડકને ફાળવવામાં આવેલી વ્યક્તિગત ચેમ્બર મુદ્દે વિવાદ સર્જાયો છે. આ બાબતે આમ આદમી પાર્ટી અંજાર દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે, જેમાં આ ફાળવણી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં ચીફ ઓફિસર સમક્ષ સ્પષ્ટતા માંગવામાં આવી છે કે શાસક પક્ષના નેતા, ઉપપ્રમુખ અને દંડકને કયા નિયમ, ઠરાવ અથવા પરિપત્રના આધારે આ વ્યક્તિગત ચેમ્બરો ફાળવવામાં આવી છે તેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવે. આ સાથે જ પક્ષ દ્વારા ઉગ્ર માંગણી કરવામાં આવી છે કે જો આ ચેમ્બરની ફાળવણી



**આમ આદમી પાર્ટીએ ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી ચેમ્બરો ખાલી કરાવવા માંગ કરી**

નગરપાલિકાના પ્રવર્તમાન નિયમો અને કાયદાકીય જોગવાઈઓ અનુસાર ન થઈ હોય, તો આ તમામ ચેમ્બરો તાત્કાલિક અસરથી ખાલી કરાવવામાં આવે. નગરપાલિકાના વહીવટમાં પારદર્શિતા જળવાઈ રહે અને નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે તેમ જણાવતા આમ આદમી પાર્ટીએ ઉમેર્યું હતું કે જાહેર નાણાં અને સરકારી મિલકતોનો ઉપયોગ હંમેશા કાયદેસર અને યોગ્ય રીતે જ થવો જોઈએ. જનતાના હક અને નિયમોના સન્માનના મુદ્દાને આગળ ધરીને આમ આદમી પાર્ટી દ્વારા આ મામલે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | | | | 9 | |
| | | 5 | 8 | | | | | 2 |
| | 9 | | | 6 | | | | |
| 7 | 6 | | 3 | | | | | 8 |
| | | 9 | | | | 4 | | |
| 5 | | | | | 4 | | 1 | 3 |
| | | | | 8 | | | 3 | |
| 9 | | | | | 7 | 2 | | |
| | 8 | | | | 2 | 6 | 7 | 5 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 4 | 9 | 2 | 5 | 1 | 6 | 3 |
| 6 | 1 | 3 | 4 | 8 | 7 | 9 | 5 | 2 |
| 2 | 5 | 9 | 1 | 3 | 6 | 8 | 4 | 7 |
| 9 | 3 | 5 | 8 | 4 | 2 | 7 | 1 | 6 |
| 8 | 4 | 7 | 6 | 9 | 1 | 3 | 2 | 5 |
| 1 | 2 | 6 | 7 | 5 | 3 | 4 | 8 | 9 |
| 4 | 7 | 2 | 5 | 1 | 9 | 6 | 3 | 8 |
| 5 | 6 | 8 | 3 | 7 | 4 | 2 | 9 | 1 |
| 3 | 9 | 1 | 2 | 6 | 8 | 5 | 7 | 4 |

# મિલે સૂર હમારા વુમન કરાઓકે ગ્રુપ દ્વારા ડો. મહીપતરાય મહેતાની પુણ્યતિથિ નિમિત્તે સ્વરાંજલિનો કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છઉદય : કચ્છના સંસદ સભ્ય એકલવીર અને અડીખમ નેતા ડો મહીપ તરાય મહેતાની પુણ્યતિથિ નિમિત્તે તારીખ ૨૭ મે ૨૦૨૬ ના સાંજે ૬ વાગે સ્વરાંજલિ નો એક કાર્યક્રમ સંસ્થા વતી તેમના નિવાસસ્થાને યોજવામાં આવેલ. પૂજાબેન અયાચીની અધ્યક્ષતામાં આ કાર્યક્રમયોજવામાં આવેલ. અતિથિવિશેષ તરીકે નિશા દિપક મહેતા ઉપસ્થિત રહ્યા હતા. પૂજાબેને પોતાની પ્રસ્તુતિ પેલા ડૉ મહેતાના કચ્છ વિકાસ બોર્ડ અને અલગ કચ્છની ચળવળ ને વાગોળી હતી. નિશા મહેતા એ ડૉ મહેતા



એ કરેલ બ્રોડગેજ, નર્મદાના પાણી, કન્યાકેળવણી માટે કરેલ કાર્યો યાદ કર્યા પૂજાબેન અયાચી સંગીતાબેન મહેતા તૃપ્તિબેન ઠાકર રક્ષાબેન ઠાકર સરોજબેન શુક્લા અનિતાબેન વર્મા હીનાબેન ડાભી તેમજ નૂતન બેન મહેતા એ ગુજરાતી તેમજ સંસ્કૃત ગીતો ગઈ સ્વરાંજલી અર્પણ કરેલ હતી અંતમાં દેશના પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ ને બધા એ સાથે મળી સ્વરાંજલિ અર્પી હતી. લીનાબેન ડાભી એ સ્વાગત પ્રવચન કરેલ. અનિતાબેન વર્મા એ આભારવિધિ કરેલ.

# દનિચા પરિવાર દ્વારા વિશ્વ પર્યાવર દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીધામ : શ્રીકેણીયા વાળા ખેતરપાળ દાદા ગામ કંથકોટ તાલુકો ભચાઉ કચ્છ ખાતે સમસ્ત દનીચા પરિવાર દ્વારા આયોજિત ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ભચાઉ તાલુકાના ઐતિહાસિક ગામ કંટકોટ મધ્ય ખેતરપાળ દાદા દર્શન કરી અને મંદિરના સાનિધ્યમાં વૃક્ષારોપણ ની ઉજવણી દનિચા પરિવાર દ્વારા કરવામાં આવેલ. આ નિમિત્તે અમારા વડીલ શ્રીઓ બચુભાઈ દનીચા ગાંધીધામ, શામજીભાઈ દનીચા કુન્દ્રોડી, આશાભાઈ દનીચા ખેડોઈ , પુનસીભાઈ દનિચા રામાણીયા, કરસન પી દનીચા ગાંધીધામ, શંકરભાઈ દનિચા ગાંધીધામ, મેઘજીભાઈ દનિચા ગાંધીધામ, હંસરાજભાઈ વિંઝોડા, કંથકોટ સંઘાર ભાઈ વગેરે આ કાર્યમાં ઉપસ્થિત થયેલ હતા. આ પ્રસંગે "એક પેડ ખેતરપાળ દાદા ઓર માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો તેમજ ઉપસ્થિત ભાઈઓને રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું. વૃક્ષો માત્ર પ્રકૃતિની શોભા નથી, પરંતુ આવનારી પેઢી માટે સ્વચ્છ હવા, હરિયાળું પર્યાવરણ અને ઉજ્જવળ ભવિષ્યનું આધારસ્તંભ છે. ચાલો, આપણે સૌ મળીને વૃક્ષારોપણ કરાવીએ અને સમગ્ર ભારતને હરિયાલો બનાવીએ.

# શિકારપુર ગામના આગેવાનોએ રાપરના ધારાસભ્યની શુભેચ્છા મુલાકાત લીધી

ભચાઉ - કચ્છ ઉદય : ભચાઉ તાલુકાના શિકારપુર ગામના આગેવાનોએ રાપર વિધાનસભાના ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજાની શુભેચ્છા મુલાકાત લીધી અને પોતાની વિવિધ સમસ્યાઓની રજૂઆત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યે તેમની આ સમસ્યા વહેલી તકે નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.આ પ્રસંગે ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ અને જિલ્લા પંચાયત સદસ્ય વાઘજીભાઈ છાંગા, ભચાઉ એપીએમસીના ચેરમેન વાઘુભા જાડેજા, રામજીભાઈ જગાભાઈ ભુટક, હીરજીભાઈ મોમાયાભાઈ ઢાઢી, હરજીવનભાઈ આંબાભાઈ



રાવરીયા, નરેન્દ્રસિંહભાઈ જાડેજા, રમેશભાઈ ભવનભાઈ ઢાઢી, દેવજીભાઈ મૂળજીભાઈ ઢાઢી, જીવણભાઈ નથાભાઈ રાવરીયા, રવજીભાઈ નસિંહભાઈ ચૌધરી, મેઘાભાઈ દેવાભાઈ આરેઠીયા, કરસનભાઈ ગોકળભાઈ રાવરીયા, ગાંગજીભાઈ ખીમજીભાઈ ધંધત, મૂળજીભાઈ મોમાયાભાઈ ઢાઢી, જગદીશભાઈ હરખાભાઈ સાંઢા, રમેશભાઈ કરવાનભાઈ ઢાઢી, ગોવિંદભાઈ ધરમશીભાઈ ભુટક, લાલજીભાઈ રાઘુભાઈ ભાસડિયા, જગદીશભાઈ આંબાભાઈ ચૌધરી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સમાઘોઘાની જીન્દાલ કંપનીના શ્રમિકો હડતાલ પર ઉતર્યા



**ઠેકેદારે પગાર વધારાની લાલચ આપી પણ લાભ ન આપતા અંતે શ્રમિકોની ધીરજ ખુટી : ૨૪ હજાર પગારની વાત કરી વતનથી લઈ આવ્યા અને ૧૨ - ૧૨ કલાક કરાવાય છે કામ**

મુંદરા - કચ્છઉદય : માણસો રોજીરોટી મેળવવા માટે પરિવારને મુકીને આવે છે. ત્યારે મુંદરાના સમાઘોઘામાં આવેલ જીન્દાલ કંપનીમાં ૮૦થી ૧૦૦ જેટલા યુપી, બિહાર, એમપી જેવા વિસ્તારોમાંથી રોજીરોટી કમાવા ઠેકેદારો લાલચ આપીને અહીં લઈ આવે છે. તેઓને પહેલા ૨૪ હજાર પગાર આપવાની વાત કર્યા બાદ સતત બાર કલાક કામ કરાવે છે.

કંપની દ્વારા પગાર વધારો કરાયો છે તેમ છતાં કોન્ટ્રાકટર દ્વારા પગાર વધારો ન કરીને ૧૨ - ૧૨ કલાક કામ મજૂરો પાસેથી લેવામાં આવે છે. જેના કારણે આજે સવારે મજૂરોએ પગાર વધારાની માંગ સાથે હડતાલ પર ઉતર્યા છે. જો કંપની પગાર વધારો કરે તો કોન્ટ્રાકટરો કેમ ન કરે તેવા સવાલો ઉઠાવ્યા હતા. જયાં સુધી પગાર વધારો કરવામાં નહીં કરવામાં આવે તો આંદોલોન કરવામાં આવશે. મજૂરોએ જણાવ્યું હતું કે, જો કંપનીમાં મહેનત કરીએ છતાં પણ કોન્ટ્રાકટરો દ્વારા પગાર પુરો ન આપીને ખાઈકી કરવામાં આવી રહી છે તેમ મજૂરોએ જણાવ્યું હતું.

# આર્ટ ઓફ લિવિંગ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન



ગાંધીધામ : આજની વ્યસ્ત અને ભાગદોડ ભરી જિંદગીમાં લોકો શારીરિક અને માનસિક થાક અનુભવી રહ્યા છે, ત્યારે મનને શાંત કરવા અને જીવનમાં નવી ઉર્જા ભરવા માટે આદિપુરમાં એક સુંદર આયોજન થવા જઈ રહ્યું છે. પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી કાર્યરત વિશ્વપ્રસિદ્ધ સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ' દ્વારા આગામી તારીખ ૧૬/૦૬/૨૦૨૬ થી ૨૧/૦૬/૨૦૨૬ દરમિયાન ૬ દિવસના વિશેષ 'હેપીનેસ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં જોડાનાર લોકોને વિશ્વવિખ્યાત શ્વસન તકનીક 'સુદર્શન ક્રિયા' શીખવવામાં આવશે. આ ક્રિયા કરવાથી નકારાત્મક વિચારો દૂર થાય છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે અને માનસિક શાંતિ મળે છે. આ સાથે જ ૬ દિવસ દરમિયાન પ્રાણાયામ, હળવા આસનો, ધ્યાન અને જીવન જીવવાની અદભુત કળાઓ પણ શીખવવામાં આવશે, જે રોજિંદા જીવનના તણાવને સરળતાથી દૂર કરવામાં મદદરૂપ બને છે.

આ પ્રોગ્રામમાં લોકો પોતાની અનુકૂળતા મુજબ સવાર કે સાંજની બેચમાં જોડાઈ શકે તે માટે બે સમય રાખવામાં આવ્યા છે.પ્રોગ્રામની વિગત: તારીખ: ૧૬ જૂન થી ૨૧ જૂન ૨૦૨૬ (૬ દિવસ)સવારનો સમય: સવારે ૦૬:૦૦ થી ૦૯:૦૦ વાગ્યે સાંજનો સમય: સાંજે ૦૭:૩૦ થી ૧૦:૦૦ વાગ્યે સ્થળ: હેમુ કાલાણી કોલોની, આદિપુર (કચ્છ).આજના સમયમાં દરેક વર્ગના લોકો માટે આ શિબિર આશીર્વાદરૂપ સાબિત થશે. સીટો મર્યાદિત હોઈ, રસ ધરાવતા નગરજનોએ વહેલા તે પહેલાના ધોરણે પોતાનું નામ નોંધાવી લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રત્નકણિકા

**ખુશી આપણા જ્ઞાન અને વિવેકથી આવે છે, એનીમેળે નહીં.- બર્થેલ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૭ ભાનુસપ્તમી, પંચક તા.૭ જૂન ૨૦૨૬, રવિવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૧, ધનિષ્ઠા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** પ્રવાસથી લાભ, આર્થિક સમસ્યા દૂર થાય.

**વૃષભ** ધીરજના ફળ મીઠા મળે, ગૃહવિવાદ થાય.

**મિથુન** માનસિક અશાંતિ રહે. વધુપડતો આત્મવિશ્વાસ નુક્શાનકર્તા રહે.

**કર્ક** વગર કારણે મનમાં ઉદ્વેગ રહે. મહત્વના કાર્યમાં રૂચિ ન રહે.

**સિંહ** આરોગ્ય અંગે કાળજી લેવી. આર્થિક પ્રશ્નોનો હલ થાય.

**કન્યા** સ્વજનો સાથે મતભેદ રહે. માનસિક અસ્વસ્થતા રહે.

**તુલા** અગત્યના કાર્યમાં વિઘ્ન આવે, ધીરજ રાખવાથી શુભ ફળ મળે.

**વૃશ્ચિક** જીવનની સમસ્યાઓમાં ધ્યાન આપવું હિતાવહ.

**ધન** પુરૂષાર્થનું ફળ વિલંબથી મળે. મધ્યમ દિવસ વિતે.

**મકર** ધનહાનિનો પ્રસંગ બને. મનની મુરાદ બર ન આવે.

**કુંભ** ગૃહજીવનમાં આનંદ રહે. મહત્વની સમસ્યાનો ઉકેલ મળે.

**મીન** આર્થિક સમસ્યા હળવી બને. પ્રયત્નો અને ઈચ્છાઓ ફળતી લાગે.

# અવસાન નોંધ

**અંજાર** : મૂળ સંઘડના રૂપારેલ મંગળાબેન (ઉ.વ. ૭૩) તે સ્વ. દમયંતીબેન (ડાઈબેન) નરશીભાઈ રૂપારેલના પુત્રવધૂ, મોહનલાલભાઈના પત્ની, વિશાલભાઈના માતા, વસુમતીબેન, વનિતાબેન, દક્ષાબેન, હરીશભાઈ, સ્વ. અશ્વિનભાઈના ભાભી, સ્વ. મણિલાલભાઈ મકનજીભાઈના ભત્રીજાવહુ, સ્વ. કંકુબેન તુલસીદાસ માણેક (દુધઈવાળા)ના પુત્રી, સ્વ. હરિલાલભાઈ (માધાપર), રામજીભાઈ (અંજાર), સ્વ. અમૃતબેન (નડિયાદ), ગં.સ્વ. ધનગૌરી (કુકમા)ના બહેન, સ્વ. કરસનદાસ ઉમરશી, સ્વ. કરમશી ઉમરશી, સ્વ. ગાવિંદજી રતનશીના ભત્રીજી તા. ૩-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૬ના રવિવારે સાંજે ૫થી ૬ ભાટિયા મહાજનવાડી, ટાઉનહોલ પાસે, અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે)

**અંજાર** : હાલે અમદાવાદ અશોકભાઈ પરમાર (ઉ.વ. ૭૩) તે સ્વ. મુકતાબેનના પતિ, સ્વ. દમયંતીબેન નારાયણભાઈના પુત્ર, સ્વ. દયાબેન નાનાલાલ પીઠડિયાના જમાઈ, શિરીષભાઈ, રાજેશભાઈ, સ્વ. હંસાબેન, સ્વ. કોકીલાબેન, સ્વ. ભારતીબેન, નીતાબેનના ભાઈ, મધુબેન, કામિનીબેનના જેઠ, સ્વ. શરદકુમાર, સ્વ. હિમ્મતલાલ, કાંતિલાલના સાળા, કમલેશ, ગૌરાંગના પિતા, પ્રીતિબેન, મયૂરીબેનના સસરા, દેવાંશી, દેવશ્રી, વિદિતા, કામેશ, ધ્રુવલના મોટાબાપા, નીલેશ, નીરવ, પંકજના મોટા સસરા, પાર્થ, નિમિત્તના દાદા તા. ૩-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના રવિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ મચ્છુ કઠિયા સઈ સુતાર જ્ઞાતિ, જન્મોત્રી સોસાયટી, અંજાર ખાતે.

**ભુજ** : કુંભાર હાજી આમદ હારૂન (ઉ.વ. ૫૮) તે કુંભાર મ. હારૂન અયુબના પુત્ર, મ. હુસૈન, મ. આદમ, ફકીર મામદ અયુબના ભત્રીજા, નૂરમામદ, ઈબ્રાહીમ, રમજુ, ઈસ્માઈલ, સિધિક, ગુલ મામદ, અઝીઝના ભાઈ તા. ૬-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના સોમવારે સવારે ૧૦થી ૧૧ આસાબા પીર દરગાહ સરપટ ગેટ બહાર કુંભાર ફળિયા ભુજ મધ્યે.

**ભુજ**: ખત્રી આફરીન અયુબ (વાયોરવાળા) (ઉ.વ. ૧૮) તે ખત્રી હારૂન, ખત્રી ફારૂકના ભત્રીજી તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના સોમવારે સવારે ૧૧થી ૧૨ ખત્રી જમાતખાના, ભુજ ખાતે. **કેરા (તા. ભુજ)** : હાલે નૈરોબી (કેન્યા) જેઠાલાલ વેલજી નાથા હાલાઈ (ઉ.વ. ૮૦) તે સ્વ. જશુબેનના પતિ, માવજીભાઈ, લખુભાઈ, પ્રેમબાઈ, રતનબેનના ભાઈ, હરીશ શિવજી હીરાણીના માસા તા. ૪-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૮-૬ના સોમવારે સવારે ૭થી ૮ ભાઈઓ માટે સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) અને બહેનો માટે સ્વામિનારાયણ મંદિર (બહેનોનું), કેરા ખાતે.

**નાગોર (તા. ભુજ)** : આરતીબેન પ્રભુલાલ હડિયા (ઉ.વ. ૩૬) તે મણિબેન સામજીભાઈ હડિયાના પુત્રવધૂ, જમનાબેન મનસુખભાઈ ચોટારાના પુત્રી, રેખાબેન તથા નવીનભાઈ હડિયાના ભાભી, શિવમ, યશના માતા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સવારે ૧૦થી ૧૧ ગુર્જર ક્ષત્રિય સમાજવાડી, બસ સ્ટેશન પાસે, નાગોર ખાતે.

**કોટડા આથમણા (તા. ભુજ)** : ચુઈયા વિનય હરશી મહેશ્વરી (ઉ.વ. ૨૭) તે નિખિલ, વર્ધમાન, હેતલ દિનેશ લાખિયા (કોડાય), નિશાબેનના ભાઈ, પુરબાઈ શિવજીના પૌત્ર, દેવજી બાપુ (મહંત લહેરી હનુમાનજી), લધુભા, ગાંગજીભાઈના ભત્રીજા, ક્રિષ્ના, સરસ્વતી, પ્રેમ અને ભક્તિના કાકા તા. ૨-૬ના અવસાન પામ્યા છે. સાદડી કૈલાશનગર હનુમાન મંદિર પાસે.

**વાઘાપદ્ધર (તા.અબડાસા)** : પઢિયાર મનુભા વેલુભા (ઉ.વ. ૪૯) તે મોડજી, કેશરજી, હમીરજી, ભચુભા, પૃથ્વીરાજ, પ્રાગજી, વેશુભા, તેજમાલજી, રતનજી, હેમતસિંહના કાકાઈ ભાઈ, કુંવરજી, વાઘજી, મોળજી, જેસંગજીના ભત્રીજા, દાદુભા, ભોજરાજજી, મોળજી, કારૂભાના ભાઈ, કનુભા, દેવેન્દ્રસિંહ, વિરપાલસિંહ, પ્રવિણસિંહ, કરણસિંહ, મહાવિરસિંહ, કોધળજી, કુલદીપસિંહ, સુખુભા, દિગ્વિજયસિંહ, ઈશ્વરસિંહ, રાજેન્દ્રસિંહના કાકા, સિદ્ધરાજસિંહના પિતા તા. ૨૯-૫ના અવસાન પામ્યા છે. તા. ૭-૬ના દસમું છે અને તા. ૯-૬ના (પાણીઢોળ) સાદડી વાઘાપદ્ધર નિવાસસ્થાન ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન કોડાય હાલે નાના ભાડીયાના પિયુષ લાપસીયા (ઉં.વ. ૫૧) તા. ૪-૬ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન નવિનચંદ્રના પુત્ર. કોડાય લક્ષ્મીબેન ગાંગજી કેશવના પૌત્ર. રશ્મી, પ્રીતીના ભાઈ. ના. ભાડીયા નાનબાઈ દામજી મેઘજીના દોહીત્ર. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૨થી ૩.૩૦. ચક્ષુ, ત્વચા, હાડકાદાન કરેલ છે.

ચીયાસર હાલે હૈદ્રાબાદના વિલાસ તલકશી ગાલા (ઉ.વ. ૬૩) ૪-૬ના પાલીતાણા મધે દેહ પરિવર્તન કરેલ છે. ઉષાબેન તલકશીના પુત્ર. વીણાના પતિ. ઝુબીન, રિચાના પિતા. તરૂણ, જયશ્રી, ભાવનાના ભાઈ. પુષ્પાબેન નાનજીના જમાઈ. હૈદ્રાબાદમાં આજે પ્રાર્થના છે. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. વિલાસ ગાલા, ૧૭, જલારામ જ્યોત, નલ્લાકુંટા, હૈદ્રાબાદ, ૫૦૦૦૪૪.

# ગાંધીધામના વોર્ડ નંબર ૮ માં પાણી, ડ્રેનેજ અને સફાઈ વ્યવસ્થા સુધારવા બેઠક

## કાઉન્સિલર મીનુ રોશન ગોયલે સુપરવાઈઝરોને આપ્યા જરૂરી સૂચન

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૮ ના કાઉન્સિલર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય મીનુ રોશન ગોયલ દ્વારા વોર્ડમાં જલ નિકાસ અને સફાઈ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી એક અગત્યની સમીક્ષા બેઠક બોલાવવામાં આવી હતી. સેક્ટર ૫ ખાતે આવેલી તેમની કાર્યાલયમાં યોજાયેલી આ બેઠકમાં વોર્ડના તમામ સફાઈ અને ડ્રેનેજ સુપરવાઈઝરો મુખ્ય રૂપે ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન કાઉન્સિલરે સ્થાનિક નાગરિકોને પડી રહેલી વિવિધ મુશ્કેલીઓ અને ડ્રેનેજ બ્લોકેજ જેવી ખામીઓ અંગે કડક વલણ અપનાવ્યું હતું. તેમણે તમામ સુપરવાઈઝરોને સ્પષ્ટ સૂચના આપી હતી કે જનતાની સમસ્યાઓનું નિવારણ પ્રાથમિકતાના ધોરણે અને ત્વરિત ગતિએ થવું જોઈએ.

આ બેઠકમાં માત્ર નાગરિકોની જ નહીં પરંતુ કર્મચારીઓની સમસ્યાઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મીનુ રોશન ગોયલે તમામ સુપરવાઈઝરોની વિભાગીય તેમજ મેદાની સ્તરની સમસ્યાઓ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી હતી. તેમણે કર્મચારીઓને નડતી વ્યાવહારિક મુશ્કેલીઓ અને સંસાધનોની ઉણપને વહેલી તકે દૂર કરવાની ખાતરી આપી હતી, જેથી કરીને વોર્ડના વિકાસ કાર્યોમાં કોઈ અવરોધ ન આવે.

કાઉન્સિલર દ્વારા બેઠકમાં કેટલાંક મહત્વના નિર્દેશો પણ આપવામાં આવ્યા હતા, જેમાં મુખ્યત્વે જે વિસ્તારોમાં પાણી ભરાવાની કે ડ્રેનેજ જામ થવાની ફરિયાદો છે ત્યાં તાત્કાલિક સફાઈ અભિયાન ચલાવીને બ્લોકેજ દૂર કરવા જણાવાયું છે. આ સાથે જ નિયમિત મોનિટરિંગ હેઠળ તમામ સુપરવાઈઝરોને પોતપોતાના વિસ્તારોમાં સફાઈ કામગીરીની જાતે દેખરેખ રાખવા આદેશ કરાયો છે. નાગરિકોને રાહત આપવાના ભાગરૂપે પીવાના પાણીનો પુરવઠો અને ડ્રેનેજની વ્યવસ્થા એવી રીતે સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે જેથી લોકોને કોઈ તકલીફ ન પડે. અંતમાં મીનુ રોશન ગોયલે જણાવ્યું હતું કે વોર્ડ નંબર ૮ ના નાગરિકોની મૂળભૂત સુવિધાઓમાં કોઈ પણ પ્રકારની કચાસ ચલાવી લેવામાં નહીં આવે અને તેમનું મુખ્ય લક્ષ્ય વોર્ડને સ્વચ્છ તેમજ સુંદર બનાવવાનું છે, જેની સાથે કર્મચારીઓને કામ કરવામાં કોઈ અગવડ ન પડે તેનું પણ પૂરતું ધ્યાન રાખવામાં આવશે.

# ભચાઉના ત્રણ વિસ્તારોમાં પાણીની ગંભીર સમસ્યા

**પૂર્વ નગરપાલિકા પ્રમુખે ચીફ ઓફિસરને પાઠવ્યું આવેદનપત્ર**

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ શહેરના અબડા વાસ, આશાપુરા વાસ અને હનુમાન વાસ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અગાઉ અનેક વખત મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ સંતોષકારક નિરાકરણ આવ્યું નથી. હાલમાં આ વિસ્તારોમાં પાણી અત્યંત અલ્પ પ્રમાણમાં અથવા ખૂબ જ ધીમી ગતિએ આવી રહ્યું છે, જેના કારણે સામાન્ય નાગરિકોને પાણી મેળવવા માટે ઈલેક્ટ્રિક મોટરનો ઉપયોગ કરવો પડે છે. પાણીની આ ધીમી આવકને લીધે લાંબા સમય સુધી મોટર ચાલુ રાખવી પડતી હોવાથી સ્થાનિક રહીશો પર વીજળી બિલનું આર્થિક ભારણ પણ વધી ગયું છે. ખાસ કરીને ચાલુ ઉનાળાની ઋતુમાં આ સમસ્યા વધુ વિકટ બની છે, જેને કારણે મહિલાઓ, વડીલો અને બાળકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ વિસ્તારોના લોકો દ્વારા અંદાજે ૨૦થી ૨૫ વખત વિવિધ તબક્કે રજૂઆતો કરવા છતાં સમસ્યા યથાવત રહેતા સ્થાનિકોમાં ભારે અસંતોષની લાગણી વ્યાપી ગઈ છે. નાગરિકોને તેમની મૂળભૂત જરૂરિયાત એવા પીવાના પાણી માટે સતત સંઘર્ષ કરવો પડી રહ્યો છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ભચાઉ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. તેમણે ચીફ ઓફિસરને આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી કરી છે, જેથી પાણી પુરવઠા વ્યવસ્થાની યોગ્ય તપાસ થાય, પાણીના દબાણમાં વધારો થાય અને સ્થાનિક રહીશોને નિયમિત તેમજ પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે. કરવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૨૬ ના અંબાજી યોગ કેન્દ્ર ગાંધીધામ બાલવાટિકા બગીચા ખાતે વૃક્ષારોપણ તેમજ ફૂલઝાડના રોપાઓના વિતરણનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.આ કાર્યક્રમમાં પર્યાવરણપ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું આયોજન ઓમ દીદી ( હિના બેન જોશી) સવિતા બેન સોનલ, રેખાબેન શાંતાબેન તથા સમગ્ર પર્યાવરણ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. અંબાજી યોગ કેન્દ્ર ની બહેનો નો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ભચાઉ પોલીસની હોટલ-ધાબા ચેકિંગ ડ્રાઈવઃ ૨૨ હોટલ ચેક, ૧૦૦ વાહનોની તપાસ








## પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારના માર્ગદર્શનથી ભચાઉ ડીવાયએસપી સાગર સાંબડાની મોટી કાર્યવાહી

ભચાઉ - કચ્છઉદય : પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસ દ્વારા હોટલ-ધાબા ચેકિંગની વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક શ્રી સાગર સાંબડાના સુપરવિઝન હેઠળ ભચાઉ પોલીસ સ્ટેશનના PI અને સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી વિસ્તારમાં આવેલી હોટલો અને ધાબાઓમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ડ્રાઈવ દરમિયાન ૨૨ હોટલ-ધાબાઓની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ૧૦૦ વાહનો ચેક કરાયા, ૩૯ શકમંદ ઈસમોની પૂછપરછ કરવામાં આવી અને ટ્રાફિક નિયમોના ભંગ બદલ વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવી. જી.પી. એક્ટ હેઠળ ૯ કેસ નોંધાયા, ૮ વાહનો ડિટેઈન કરાયા તેમજ એમ.વી. એક્ટ હેઠળ ૨૪ એન.સી. કેસ કરવામાં આવ્યા, જેમાં ૧૧ કાળા કાચ અને ૧૩ અન્ય નિયમભંગના કેસોનો સમાવેશ થાય છે.

# અંજાર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ



અંજાર - કચ્છઉદય : દર્દીઓની સુખાકારી અને સરકારી આરોગ્ય સુવિધાઓના સુદ્રઢિકરણને લઈને કચ્છના અંજાર ખાતે આવેલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને 'રોગી કલ્યાણ સમિતિ' ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હોસ્પિટલમાં ઉપલબ્ધ મેડિકલ સુવિધાઓ અને ભવિષ્યના વિકાસકાર્યો અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન અંજાર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની ખૂટતી કડીઓ અંગે રાજ્યમંત્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રી દ્વારા હોસ્પિટલની સુચારુ કામગીરી માટે જરૂરી કાર્યોને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલ ખાતે નવું ડાયાલિસિસ સેન્ટર કાર્યરત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં દર્દીઓને વધુ સારી અને નિષ્ણાત આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી, હોસ્પિટલમાં ફિઝિશિયન વર્ગ-૧ (બોન્ડેડ) ની ખાલી જગ્યા તેમજ ગાયનેકોલોજિસ્ટ સહિતના અન્ય તમામ નિષ્ણાત તબીબ વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માટે સૂચના આપવામાં આવી હતી સાથે જ હોસ્પિટલના તબીબી વિભાગો જેવા કે ઓપરેશન થિયેટર, એસએનસીયુ, લેબર રૂમ વગેરેમાં વોલ્ટેજ સ્ટેબિલાઈઝર લગાવવા અને ઈલેક્ટ્રિકલ સેફટીની પૂરતી વ્યવસ્થા જાળવવા મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું. માળખાગત વિકાસના ભાગરૂપે, હોસ્પિટલના નવા બિલ્ડિંગના બાકી રહેલા તમામ કામો, જેમાં નગરપાલિકા દ્વારા પાણીના જરૂરિયાત મુજબના નવીન કનેક્શનનું ટ્રાન્સફર, હોસ્પિટલના બાકી રહેલા સિવિલ વર્કના કામો અને જરૂરી ફર્નિચરની ફાળવણી, માળખાગત સુવિધાઓ અને સાધનોને લગતા તમામ જરૂરી કામો વહેલી તકે પૂરા કરવા મંત્રીએ સંબંધિત વિભાગોને જણાવ્યું હતું. રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ બેઠકના અંતે ઉપસ્થિત આરોગ્ય અધિકારીઓ અને સમિતિના સભ્યોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં તમામ નિષ્ણાત ડૉક્ટર્સની ખાલી જગ્યાઓ ભરાય તે સુનિશ્ચિત થવું જોઈએ, જેથી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને કોઈપણ મુશ્કેલી વિના સમયસર અને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે. કચ્છના નાગરિકોની સુખાકારી માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે હોસ્પિટલના તમામ વિભાગો ઝડપથી કાર્યરત થાય તે દિશામાં તમામ વહીવટી કામગીરી ત્વરિત પૂર્ણ કરવા રાજ્યમંત્રીએ સૂચન કર્યું હતું. આ બેઠક દરમિયાન અંજાર પ્રાંત અધિકારી એસ. જે.ચૌધરી, હોસ્પિટલના અધિક્ષક ડૉ. રોબિનસિંહ રાઠોડ સહિત આમંત્રિત સભ્યો, દાતાઓ અને સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આખરે ભુજમાં પોલીસ જાગી : વિવિધ વિસ્તારોમાં પહેરો ગોઠવી વાહનોમાંથી બ્લેક ફિલ્મ ઉતારી








**કાર્યવાહી એક દિવસ પુરતી સીમીત રહેશે કે પછી રોજ થશે ? સીનસપાટા કરનારા તત્ત્વોને કાયમી ધોરણે પાઠ ભણાવવો જરૂરી**

ભુજ - કચ્છઉદય : શહેરમાં સરકારી વસાહતમાં રાતના સમયે પરિવારો બેઠા હતા ત્યારે બે કારમાં ચાર શખ્સો આવ્યા અને રીતસર અધમ મચાવ્યો હતો. આ સાથે ભુજના હમીરસર સહિતના વિસ્તારમાં સીન સપાટા કરતા તત્વોનો ત્રાસ વધ્યો હોવા બાબતે લોકોની લાગણી ઉજાગર કરતા પોલીસે અંતે હરકતમાં આવી શનિવારે સાંજે ભુજના વાણીયાવાડ, બુધરમલ પેટ્રોલપંપ, જયુબીલી સર્કલ સહિતના સ્થળોએ પહેરો ગોઠવી વાહનોમાંથી બ્લેક ફિલમ ઉતારી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે એ ડીવીઝન, બી ડીવીઝન, એલસીબી, એસઓજી, સીટી ટ્રાફીક અને જિલ્લા ટ્રાફીકની પોલીસ જોડાઈ હતી. જેમાં ૩૧ વાહનોમાંથી બ્લેક ફિલમ ઉતારવામાં આવી હતી. આ સાથે દસ વાહનોને ઓનલાઈન મેમો મોકલાયા, જયારે અન્ય નિયમ ભંગ બદલ આઠ કેસ નોંધાયા હતા. ઝુંબેશ દરમ્યાન ૨૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસનો કાફલો રોડ પર જોઈને ઘણા અસામાજીક તત્વો સાંકડી શેરીઓમાંથી પલાયન થયા હતા. જાગૃત નાગરીકોએ જણાવ્યું કે, પોલીસની કાર્યવાહી માત્ર એક દિવસ પુરતી સીમીત ન રહેવી જોઈએ. આવી કાર્યવાહી અલગ અલગ વિસ્તારોમાં રોજ થાય તો જ અસામાજીક તત્વોની શાન ઠેકાણે આવે તેમ છે. ખાસ આજે રવિવાર અને વેકેશનનો અંતિમ રવિવાર હોવાથી હમીરસર, વોકવે સહિતના વિસ્તારમાં લોકોની ભારે ભીડ હોય છે ત્યારે અસામાજીક તત્વો પુરઝડપે બાઈક ચલાવી, ફટાકડા ફોડવા, ખોટા આંટા ફેરા કરવા સહિતની પ્રવૃતિ કરતા હોય છે ત્યારે પોલીસ અહીં પહેરો ભરે અને અસામાજીક તત્વો સામે પગલા ભરે તે જરૂરી છે. પરિવારોને શાંતિ, સુરક્ષા અને સલામતીનો અહેસાસ થાય તે માટે કડક કાર્યવાહી જરૂરી છે.

# મખણા રબારી સમાજ આયોજીત શિવ મહાપુરાણ કથાનો ૯મીથી થશે પ્રારંભ



ભુજ-કચ્છઉદય : મખણા ગામ મધ્યે રબારી સમાજ શિવપુરાણ કથાનું તા. ૯-૬ થી તા. ૧૭-૬ કથાનું આયોજન વક્તા આંતરરાષ્ટ્રીય યુવા કથાકાર ધ્રુવકુમાર શાસ્ત્રી (ઓમ સંસ્કારધામ મંદિર ભુજ) વાળા કથામૃતનું સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવશે. દીપ પ્રાગટય, આશીર્વચન પૂ.શ્રી જગતગુરૂ મહામંડલેશ્વર કનીરામ દાસજી બાપુ (ગુરૂગાદી) વડવાળા મુદિર દુધરેજયામ પૂ. લઘુ મહંત નાગર દાસજી બાપુ, કોઠારી મુંકુદરામજી દાસજી બાપુ, કોઠારી સુંદરદાસજી બાપુ, પૂ. મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર રામબાલક દાસજી બાપુ (શ્રીવડવાળા મંદિર દુધઈધામ), ભાગવતાચાર્ય મહેશભાઈ ભટ્ટ (અધ્યક્ષ ઓમ સંસ્કારધામ મંદિર ભુજ) કથા દરમ્યાન પૂ. સાધુ, સંત, મહંત, પૂ. ભુવાજી, ભગવતીદેવી આશીર્વચન દેવા પધારશે. સામાજીક, રાજકીય, મહાનુભાવો તથા વ્યક્તિવિશેષો પધારી પ્રસંગ શોભાવશે. કથા દરમ્યાન ત્રણ દિવસ કલ્યાણેશ્વર મહાદેવ પ્રાણ પ્રતિઠા મહોત્સવ ધામધુમથી ઉજવાશે. કથા દરમ્યાન, શિવપુરાણ, રૂદ્રાક્ષ, ભસ્મ, બીલીપત્ર, શીવવિવાહ, બારજયોતલીગ, ધર્મસભા, આરાધીવાણી, દાંડીયારાસ, સંતવાણી ધામધુમથી પ્રસંગો ઉજવવામાં આવશે. કથા સમય સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૫.૩૦ સુધી. સમગ્ર કથાનું પ્રસારણ ડી.જે. ડીજીટલ લાઈવ (યુ-ટ્યુબ પર) પ્રસારણ થશે.

# ખાવડામાં અદાણીના ગેટ પાસે અકસ્માતમાં યુવાનનું મોત

ભુજ - કચ્છઉદય : તાલુકાના ખાવડા ખાતે આકાર લઈ રહેલા સોલાર પાર્ક વિસ્તારમાં અવાર નવાર અકસ્માતના કારણે નિર્દોષ લોકોના મોત થાય છે. ત્યારે વધુ એક અકસ્માતમાં યુવાનનું મોત થયું હતું.

આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળેલી વિગતો મુજબ અદાણીના મુખ્ય ગેટ પાસે ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. અહીં મજૂરી કામ કરતા ૧૯ વર્ષિય સૌરભરાજ સુખદેવસિંહ નામના યુવાનને કોઈ વાહને ટક્કર મારતા બનાવ બન્યો હતો. ૧૦૮ મારફતે તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ જી.કે.માં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

# કચ્છ યુનિવર્સિટીમાં આગામી શૈક્ષણિક વર્ષથી વિવિધ સેલ્ફ ફાયનાન્સ કોર્સ હવે ગ્રાન્ટેડ ધોરણે ચાલશે

**શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર કરાયેલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ થતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો મોટો નિર્ણય : ફી માળખામાં ધરખમ ઘટાડો થતાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને આર્થિક ફાયદો થશે**

ભુજ - કચ્છઉદય : ભુજ સ્થિત ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. શિક્ષણ વિભાગ અને શિક્ષણમંત્રીના સઘન પ્રયત્નોથી યુનિવર્સિટી માટે મંજૂર થયેલી ૩૮ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરી લેવામાં આવી છે. સરકારશ્રીના શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન હેઠળ ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલા આ તમામ શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા આટોપી લેવાઈ હતી. જે અનુસંધાને યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની તાજેતરમાં તારીખ ૦૩ જૂન ૨૦૨૬ના રોજ મળેલી બેઠકમાં વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં એક અત્યંત મહત્વનો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે અનુસ્નાતક કક્ષાના વિવિધ પીજી ભવનો કાર્યરત છે. જોકે, ભૂતકાળમાં યુનિવર્સિટીમાં ગ્રાન્ટેડ શૈક્ષણિક સ્ટાફ એટલે કે અધ્યાપકોની મોટી અછત હોવાના કારણે કેટલાક મહત્વપૂર્ણ અભ્યાસક્રમો ફરજિયાતપણે સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચલાવવા પડતા હતા. હવે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ થયેલી ભરતી પૈકી નવા શૈક્ષણિક વર્ષથી ૩૨ અધ્યાપકો જે તે ભવનોમાં હાજર થઈ ગયા હોવાથી, આ ભવનો હવેથી ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે ગણાશે. પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટેડ સ્ટાફ ઉપલબ્ધ થઈ જતાં યુનિવર્સિટી સત્તામંડળ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી એલ.એલ.એમ., એમ.એસ.ડબલ્યુ., બી.એસ. કમ્પ્યુટર સાયન્સ, એમ.એસસી. આઈટી (રેગ્યુલર), પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને એમ.એ. ઈતિહાસ જેવા વિવિધ સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોને ગ્રાન્ટેડ ધોરણે ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ તમામ વિભાગો ગ્રાન્ટેડમાં ફેરવાઈ જવાથી હવે પછી આ કોર્સમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને ફી માળખામાં બહુ મોટી રાહત મળશે અને તેમની પાસેથી સેલ્ફ ફાયનાન્સની ઊંચી ફી વસૂલવામાં આવશે નહીં. નવા શૈક્ષણિક વર્ષથી આ તમામ કોર્સની ફી યુનિવર્સિટીના ગ્રાન્ટેડ વિભાગના નિયમો અને ધારાધોરણો મુજબ જ વસૂલવામાં આવશે, જેના કારણે ફીમાં મોટો ઘટાડો નોંધાશે. આ અંગે વિગતો આપતા કુલપતિશ્રી ડૉ. મોહન પટેલે જણાવ્યું હતું કે, સત્તામંડળના આ નિર્ણયથી યુનિવર્સિટીના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ફી ઘટાડાનો સીધો લાભ મળશે. કચ્છ તેમજ તેની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને આનાથી બહુ મોટો આર્થિક ફાયદો થશે અને તેઓ અત્યંત નજીવી ફી ભરીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકશે. કચ્છ યુનિવર્સિટી દ્વારા તમામ વિદ્યાર્થીઓને સરકાર અને યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરાવાયેલી આ સુવિધાનો મહત્તમ લાભ લેવા માટે હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીધામમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જનાર સામે ફરિયાદ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ બી. ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેદરકારીપૂર્વક પુરપાટ ઝડપે વાહન ચલાવીને એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે.

આ અંગેની વિગત એવી છે કે, આરોપી ચાલક, જેણે પોતાની મોટરસાયકલ (રજીસ્ટ્રેશન નંબર GJ-12-CE-6627) ખૂબ જ પુરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી હતી, તેણે ફરિયાદીના પિતા પુષ્પકાંત પ્રાણલાલ શાહની એક્ટિવા (રજીસ્ટ્રેશન નંબર GJ-36-J-1036) ને સાઈડમાંથી ટક્કર મારી હતી.

આ અકસ્માતને પરિણામે ફરિયાદીના પિતાને માથાના ભાગે હેમરેજ, જમણા હાથના ભાગે ફેક્ચર તથા શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ ફરિયાદીના પિતા સારવાર હેઠળ છે. આ બનાવ અંગે ગાંધીધામ બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને આગળની તપાસ કરવામાં આવી રહી છે. આરોપીની ઓળખ ધારાબેન દીપકભાઈ (રહે. પ્લોટ નં. ૧૪૮, સેક્ટર-૫, ગાંધીધામ) તરીકે કરવામાં આવી છે, જેઓ આ અકસ્માત સર્જનાર મોટરસાયકલના ચાલક છે. આ કેસની તપાસ હાલ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# કચ્છ જિલ્લાના જમીન દફતર નિરીક્ષકોની નવી નિમણૂંક

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના જમીન દફતર ખાતાના વર્ગ-૨ અને વર્ગ-૩ સંવર્ગના આશરે ૭૦ જેટલા અધિકારીઓની વ્યાપક સ્તરે બદલી અને વધારાના હવાલા સોંપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આ વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે કચ્છ જિલ્લાની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા તેમજ નવા નિમણૂંક પામેલા અધિકારીઓની યાદી પણ સામે આવી છે. જેમાં નખત્રાણા ખાતે ફરજ બજાવતા જમીન દફતર નિરીક્ષક એચ.વી. બ્રહ્મભટ્ટને તેમની મૂળ જગ્યા પર યથાવત રાખવાની સાથે લખપત-દયાપરના જમીન દફતર નિરીક્ષક તરીકેનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. આ ઉપરાંત બદલીના દોરમાં ભુજ (શહેર) ખાતે કાર્યરત જમીન દફતર નિરીક્ષક કે.વી. દોશીની બદલી મુંદ્રા ખાતે કરવામાં આવી છે અને તેઓને માંડવીનો વધારાનો હવાલો પણ સુપ્રત કરાયો છે. જ્યારે ભુજ (શહેર)ની ખાલી પડેલી જગ્યા પર કપડવંજથી બદલી પામીને આવેલ ડી.એસ. પટેલની તૈનાતી કરવામાં આવી છે, જેઓ ભુજ શહેર ઉપરાંત ભુજ ગ્રામ્યના વધારાના હવાલાની પણ જવાબદારી સંભાળશે. આ સાથે જ મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવેલી નવી બઢતીના આદેશો અનુસાર સાબરકાંઠા જિલ્લામાંથી પ્રમોશન મેળવીને આવેલા નરેશભાઈ પી. પટેલને અબડાસા-નલીયા ખાતે જમીન દફતર નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાલ અંજારમાં ફરજ બજાવતા વિ.કે. પટેલની ભચાઉ ખાતે બદલી કરવામાં આવી છે અને તેમને રાપર જમીન દફતર નિરીક્ષક તરીકેનો વધારાનો હવાલો સોંપાયો છે. તેમની ખાલી પડેલ જગ્યા પર બોટાદતજી જયરાજસિંહ પરમારને અંજાર જમીન દફતર નિરીક્ષક તરીકે મુકાયા છે તેમજ તેમને ગાંધીધામનો વધારાનો ચાર્જ સોંપાયો છે. મહેસૂલ વિભાગના આ વહીવટી ફેરબદલથી સરકારી કામગીરીમાં વધુ પારદર્શિતા અને ઝડપ આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

# કચ્છમાં ૧૧ જૂનથી બોર્ડની પૂરક પરીક્ષાનો પ્રારંભ

**૫,૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા : જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ : સીસીટીવી કેમેરા અને સરકારી વિભાગોના સંકલન સાથે તંત્ર સજ્જ**



ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ૧૧ જૂનથી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨ (એચએસસી)ની પૂરક પરીક્ષાઓને લઈને કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

ભુજ ખાતે યોજાનારી આ પરીક્ષામાં જિલ્લાના કુલ ૫,૪૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેમના માટે પરીક્ષા કેન્દ્રો પર વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ અંગે વિગતો આપતાં ભુજના જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, આગામી પૂરક પરીક્ષાને શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં સંપન્ન કરાવવા માટે શિક્ષણ વિભાગ સજ્જ છે. આ પરીક્ષા અંતર્ગત ધોરણ-૧૦ માટે ભુજ ખાતે ૧૫ પરીક્ષા કેન્દ્રોના ૧૩૯ બ્લોકમાં કુલ ૪,૦૮૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪ પરીક્ષા કેન્દ્રોના ૩૩ બ્લોકમાં ૮૯૪ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહમાં ૨ પરીક્ષા કેન્દ્રોના ૨૨ બ્લોકમાં ૪૨૯ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા સહિતની સુવિધાઓની ઝીણવટભરી ચકાસણી કરી લેવામાં આવી છે. વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારની અગવડ વિના નિર્વિઘ્ને પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ એસ.ટી. નિગમ, આરોગ્ય વિભાગ, પીજીવીસીએલ અને પોલીસ તંત્ર સાથે આગોતરૂં સંકલન સાધીને તમામ આનુષંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ સમગ્ર પરીક્ષા પ્રક્રિયાના સફળ સંચાલન માટે અધિકારીઓની નિમણૂક પણ કરી દેવાઈ છે, જેમાં એસ.એસ.સી. પરીક્ષાના ઝોનલ અધિકારી તરીકે શિક્ષણ નિરીક્ષક મહેશદાન ગઢવી અને એચ.એસ.સી. પરીક્ષાના ઝોનલ અધિકારી તરીકે મદદનીશ શિક્ષણ નિરીક્ષક પરેશભાઈ અજાણી પોતાની ફરજ બજાવશે.

# આયુષ્માન ભારત યોજના હેઠળ ભુજની સંઘવી હોસ્પિટલમાં ગંભીર રોગોની નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ

સંઘવી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ

ભુજ - કચ્છઉદય : ભુજ સ્થિત સંઘવી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે હવે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ વિવિધ પ્રકારની ગંભીર બીમારીઓ માટે તદ્દન મફત સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ કલ્યાણકારી યોજના અંતર્ગત હોસ્પિટલના જુદા જુદા વિભાગોમાં દર્દીઓને આધુનિક તબીબી સેવાઓનો લાભ મળશે. જેમાં હૃદય રોગ અને કાર્ડિયાક સર્જરી વિભાગમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, વાલ્વ બદલવાનું ઓપરેશન, આઈસીડી અને પેસમેકર બેસાડવા સહિતની તમામ હૃદય સંબંધિત જટિલ સારવાર અને સર્જરી આયુષ્માન કાર્ડ ધારકો માટે તદ્દન મફત રાખવામાં આવી છે. આ ઉપરાંત હાડકા, સ્પાઈન અને ટ્રોમા વિભાગ અંતર્ગત અકસ્માત અને ફેક્ચરની સારવાર તેમજ ગૂંઠણ અને થાપા બદલવાના ઓપરેશન પણ આ યોજના હેઠળ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સ્ત્રીરોગ વિભાગમાં નોર્મલ ડિલેવરી, સિઝેરિયન ડિલેવરી, દૂરબીનથી થતા ઓપરેશન એટલે કે લેપ્રોસ્કોપી તેમજ સ્ત્રીઓના તમામ રોગોની સારવાર અને સર્જરી પીએમજેએવાય કાર્ડ હેઠળ મફત ઉપલબ્ધ છે. જનરલ સર્જરી વિભાગમાં પણ આંતરડાના ઓપરેશન, સાણંગ ગાંઠ, એપેન્ડિક્સ, પિત્તાશયની પથરી અને અન્ય જનરલ સર્જરી સંબંધિત ઓપરેશનો આ યોજના હેઠળ નિઃશુલ્ક કરી અપાશે. બાળકોના આરોગ્ય માટે બાળરોગ વિભાગમાં નવજાત શિશુને પેટીમાં રાખવાની સારવાર, ઓછા વજનવાળા કે વહેલા જન્મેલા બાળકો માટે એનઆઈસીયુ અને પીઆઈસીયુની અત્યાધુનિક સુવિધા તેમજ બાળકોના તમામ રોગોની સારવાર આયુષ્માન કાર્ડ પર મફત મળશે. આ હોસ્પિટલ ભુજ -મિરજાપર હાઈવે પર, એચપી પેટ્રોલ પંપની સામે આવેલી છે. વધુ વિગત માટે મો. ૭૬૭૦૦ ૮૮૭૦૦ નો સંપર્ક કરવા હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીધામમાં 33 વર્ષીય યુવાનનું કુદરતી રીતે મૃત્યુ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, તા. ૦૯/૦૫/૨૦૨૬ ના રોજ આશરે ૨૦:૫૫ વાગ્યે ગાંધીધામના કાર્ગો પી.એસ.એલ. ગલી નં-૦૩ વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય પંકજભાઈ રાજેશ સહાની (મૂળ બિહારના વતની)નું અવસાન થયું છે. આ ઘટના અંગે મૃતકના સંબંધી ઉમેશકુમાર સહાનીએ માહિતી આપી હતી.

રામબાગ હોસ્પિટલ, આદિપુર ખાતે ડૉ. બેચર સંઘાણીએ પોલીસને ટેલિફોન દ્વારા જાણ કરી હતી કે મૃતકને હોસ્પિટલ લાવવામાં આવતા પ્રાથમિક દ્રષ્ટિએ તેમનું મૃત્યુ કુદરતી હોવાનું જણાયું છે, જેથી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રામબાગ સરકારી હોસ્પિટલના પી.એમ. રૂમમાં રાખવામાં આવ્યો છે. આ બનાવ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ દ્વારા બીએનએસએસની કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. આ કેસમાં ઈક્વેસ્ટ ભરવા માટે ગાંધીધામના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સાહેબને જાણ કરવામાં આવી છે અને આ કેસની પ્રાથમિક તપાસ યુ.એચ.સી. નિલેશગર હરેશગર ગોસ્વામીને સોંપવામાં આવી છે, તથા ત્યારબાદની તપાસ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એસ.જે. પઢાર સંભાળી રહ્યા છે.


## જાહેર નિવિદા નં.-૦૪ સને ૨૦૨૬-૨૦૨૭

ગુજરાત સરકારશ્રીના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ભુજ વિદ્યુત (મા. અને મ.) પેટા વિભાગ, ભુજ તરફથી વિજળીકરણને લગતા જુદા જુદા ૦૨ (બે) કામ કે જેની અંદાજીત કિંમત રૂા.૬૬૦૫૧૯.૮૮ થી ૬૬૪૭૫૮.૨૪ છે. તેના માટે ઓનલાઈન પ્રસિદ્ધિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામોના ટેન્ડર https://tender.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા.૦૬/૦૬/૨૦૨૬થી તા.૧૫/૦૬/૨૦૨૬ સુધી ૧૬.૦૦ કલાક દરમ્યાન અપલોડ/ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર વિસ્તૃત નિવિદા કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. વધુ માહિતી માટે આ કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. આવેલ ટેન્ડર પૈકી એક કે તમામ ટેન્ડર કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

(નામાનિ/કચ્છ/૨૨૬/૨૦૨૬-૨૭)

## નખત્રાણા નગરપાલિકા

**'સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬' તાકીદની જાહેર નોટિસ**

ભારત સરકારના વન, પર્યાવણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયના 'સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬'નું નોટીફિકેશન ૦૧/૦૪/૨૦૨૬થી સમગ્ર દેશમાં અસરકારક રીતે અમલમાં આવી ગયેલ છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સદર બાબતે મહત્ત્વપૂર્ણ નિર્દેશો આપવામાં આવેલ છે. જે મુજબ નગરપાલિકાઓમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ૨૦૨૬ના અમલીકરણ અને જોગવાઈ મુજબ બાબતોનું પાલન કરવાનું રહે છે. જે અંગે અત્રેની નગરપાલિકા હદ વિસ્તારમાં તમામ નાગરિકો, વેપારીઓ, BWG એકમો, તેમજ લાગુ પડતા તમામ સંબધિતોને નવા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૨૬ના ચુસ્ત પાલન અર્થે જણાવવામાં આવે છે. આ નિયમો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

**ચીફ ઓફિસર**

(નામાનિ/કચ્છ/૨૩૪/૨૦૨૬-૨૭)

## પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 09 વર્ષ 2026-27 તારીખ: 05.06.2026**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | EMD ખર્ચ |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-69-2026-27 | અમદાવાદ-ખેડબ્રહ્મા અને કલોલ-કટોસણ રોડ સેક્શન - કડી સ્ટેશન ખાતે LHS નું વિસ્તરણ અને ઇડર ખાતે બંધ LC નં. 109 ને બદલે LHS ની આપૂર્તિ. (પુનઃઆમંત્રિત). | ₹ 9,55,77,179.39 | ₹ 19,11,600.00 |
| 2 | DRM-ADI-70-2026-27 | સિની. DEN (NW)-અમદાવાદ ના અધિકારક્ષેત્રમાં ગલુઇડ જોઈન્ટ 60KG નું બનાવવા અને જોડવાનું કામ. | ₹ 92,92,570.95 | ₹ 1,85,900.00 |
| 3 | DRM-ADI-71-2026-27 | ગાંધીધામ - CNC ટેન્ડમ અન્ડર ફ્લોર વ્હીલ લેન્થના સંસ્થાપન માટે આવશ્યક કામ. | ₹ 3,91,52,227.63 | ₹ 7,83,000.00 |
| 4 | DRM-ADI-72-2026-27 | ADEN-ગાંધીધામ હેઠળ ગાંધીધામ યાર્ડ, આદિપુર યાર્ડ અને ગોપાલપુરી યાર્ડની સુધારણા માટે વોટર ડ્રેનેજ સિસ્ટમ, માઈક્રો ટનલિંગ ની જોગવાઈ. | ₹ 16,39,66,244.91 | ₹ 32,79,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર્સ માટે: ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 30.06.2026 ના 15:00 કલાકે; **ઓફિસનું સરનામું:** સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે: ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫; **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in

ADI - 059

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ભુજ

**સરદાર પટેલ માર્કેટયાર્ડ, સુરલભિટ્ટ રોડ, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧.**
**મો.નં. ૯૯૨૫૦ ૨૦૭૨૪**

**ટેન્ડર નોટિસ (ID. ૩૧૨૦૮૧)**

એ.પી.એમ.સી.માં ૪ એકર જમીનનું કટિંગ તથા ભરતીનું કામ કુલ રૂા. ૧૩,૫૦,૪૪૯/-નું કામ કરાવવાનું છે. "E-2" કે તેથી ઉપરના કલાસમાં નોંધાયેલ કોન્ટ્રાકટર આ ટેન્ડર ભરી શકશે.

રસ ધરાવતા કોન્ટ્રાકટરશ્રીઓએ www.nprocure.com ઉપર તા. ૧૫/૦૬/૨૦૨૬ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ટેન્ડર ભરવું. ટેન્ડર અંગેના જરૂરી દસ્તાવેજ તેમજ ટેન્ડર ફી રૂા. ૧,૦૦૦/- તથા EMD રૂા. ૧૪,૦૦૦/-ના ચેક/ડીડી તા. ૧૮/૦૬/૨૦૨૬ સુધીમાં ઉપરોકત સરનામે બંધ કવરમાં પહોંચતા કરવા. કોઈ પણ ટેન્ડર સ્વીકારવું કે કેમ ? તેના હક્કો સમિતિ પાસે અબાધિત રહેશે.

શંભુભાઈ એલ. જરૂ, ચેરમેન | મહેશભાઈ વી. ઠક્કર, વાઈસ ચેરમેન
એસ. એસ. બરારિયા, સેક્રેટરી | એસ. સી. ગોર, આસિ. સેક્રેટરી

# ભુજ નગરપાલિકા દ્વારા શેરી ફેરીયાઓને ગેરકાયદેસર નોટીસો અપાતા રોષ

**કાયદાનું ઉલ્લંઘન કરી તંત્ર દ્વારા હેરાનગતિ કરાતી હોવાનો સંગઠનનો આક્ષેપ : શેરી ફેરીયા અધિનિયમ ૨૦૧૪ હેઠળ ટાઉન વેન્ડિંગ કમિટીનું ગઠન કરવાને બદલે એનયુએલએમ શાખા સત્તાનો દુરુપયોગ કરી રહી હોવાની ઉચ્ચ સ્તરે રજૂઆત**



ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં પોતાના રોજગાર માટે સંઘર્ષ કરી રહેલા ગરીબ શેરી ફેરીયાઓ સામે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અન્યાયી વલણ અપનાવવામાં આવતું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ભુજ શેરી ફેરીયા સંગઠનના અગ્રણી મહંમદ ભાઈ લાખાએ તંત્રની આ જોહુકમી સામે કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. ભુજ નગરપાલિકાના મુખ્ય અધિકારી દ્વારા આરટીઓ સર્કલથી લઈને લેવા પટેલ રોડ સુધીના વિસ્તારમાં વર્ષોથી લારી ગલ્લા ચલાવીને ગુજરાન ચલાવતા આશરે પચાસ જેટલા નાના વેપારીઓને ટૂંકા ગાળામાં જ ઉપરાઉપરી બે નોટીસો ફટકારી દેવામાં આવી છે. આ પ્રકારની કાર્યવાહીને સંગઠન દ્વારા તદ્દન ગેરકાયદેસર અને અન્યાયી ગણાવવામાં આવી છે કારણ કે કાયદાકીય જોગવાઈઓનું પાલન કર્યા વિના જ ગરીબ પરિવારોના પેટ પર લાત મારવાનો આ કારસો રચાયો હોય તેમ લાગી રહ્યું છે.

સમગ્ર દેશમાં શેરી ફેરીયાઓના અધિકારોના રક્ષણ માટે શેરી ફેરીયા અધિનિયમ ૨૦૧૪ અમલમાં છે જે અંતર્ગત સ્થાનિક કક્ષાએ ટાઉન વેન્ડિંગ કમિટી એટલે કે ટીવીસીનું ગઠન કરવું અનિવાર્ય છે. ભુજ નગરપાલિકામાં પણ આ અધિનિયમ લાગુ હોવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા છેલ્લા લાંબા સમયથી આ કમિટીની રચનાને જાણીજોઈને પાછળ ઠેલવામાં આવી રહી છે. અગાઉ સંગઠન દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના જવાબમાં તંત્રએ એવું આશ્વાસન આપ્યું હતું કે નગરપાલિકાની ચૂંટાયેલી બોડી અસ્તિત્વમાં આવ્યા બાદ તુરંત જ કમિટીનું ગઠન કરી દેવામાં આવશે પરંતુ આ વચન માત્ર કાગળ પર જ સીમિત રહી ગયું છે અને કમિટીની ગેરહાજરીમાં ફેરીયાઓને હટાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

વધુમાં સંગઠને પાલિકાની ડે ટાઈમ નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન એટલે કે એનયુએલએમ શાખા સામે પણ સત્તાના દુરુપયોગના આક્ષેપો કર્યા છે. આ શાખા દ્વારા ફેરીયાઓને સરકારી યોજના અંતર્ગત મળતી સામાન્ય લોનની રકમ જાણે પોતાના ખિસ્સામાંથી અપાતી હોય તેવું વર્તન કરવામાં આવે છે. સરકારી યોજનાઓનો લાભ આપીને ફેરીયાઓને માનસિક ગુલામ બનાવવાનો અને તંત્રના વિવિધ રાજકીય કે સરકારી કાર્યક્રમોમાં ભીડ એકત્ર કરવા માટે તેમને પરાણે ઢસડી જવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ ગરીબ શ્રમિકોના સ્વાભિમાન અને લોકતાંત્રિક અધિકારો પર સીધો પ્રહાર સમાન છે જેને કોઈ પણ સંજોગોમાં વ્યાજબી ઠેરવી શકાય નહીં.

આ કપરી પરિસ્થિતિમાં ભુજ નગરપાલિકાના મુખ્ય અધિકારીને સંગઠન દ્વારા આવેદનપત્ર આપી અપીલ કરવામાં આવી છે કે તેઓ આ ગેરકાયદેસર નોટીસો આપવાની પ્રક્રિયા તાત્કાલિક અસરથી બંધ કરાવે. તંત્ર સૌપ્રથમ શેરી ફેરીયા અધિનિયમ ૨૦૧૪નો સંપૂર્ણ અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરે તેમજ કાયદાની મર્યાદામાં રહીને જ કોઈપણ પ્રકારની વહીવટી કાર્યવાહી હાથ ધરે તે અત્યંત જરૂરી છે.

## ભુજમાં રેશનકાર્ડ વેરિફિકેશન કેમ્પ યોજાયો



ભુજમાં કષ્ટભંજન હનુમાનજી મંદિર ટ્રસ્ટના વ્યવસ્થાપન હેઠળ રેશનકાર્ડ વેરિફિકેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ તથા વોર્ડ નંબર ૧૧ ના કાઉન્સિલર બિંદિયાબેન ઠક્કર અને અન્ય કાઉન્સિલરો દ્વારા મામલતદારશ્રી તથા પુરવઠા અધિકારીશ્રી સાથે યોજાયેલી મીટિંગના અનુસંધાને આ વિશેષ કેમ્પ યોજાયો હતો. સરકારની સસ્તા અનાજ યોજનાનો લાભ મેળવતા તમામ લાભાર્થીઓ સરકારી લાભોથી વંચિત ન રહી જાય તે હેતુથી આ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો પોતાના રેશનકાર્ડ તથા તેની સાથે લિંક કરેલ મોબાઈલ નંબર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને યાદીમાં નામ ચકાસીને ફરજિયાત વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટના પ્રમુખ મયુરસિંહ આર. જાડેજા તથા તમામ ટ્રસ્ટીશ્રીઓ, કલ્પનાબેન ચોથાણી, હરકાંતભાઈ પંડ્યા અને વિજયભાઈ ગોર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ગૌસેવા અને વૈદિક પરંપરાનો મહિમા ઉજાગર કરતો ભવ્ય ગૌયાગ કચ્છમાં આકર્ષણનું કેન્દ્ર

ભુજ - કચ્છઉદય : : કચ્છમાં ગૌસેવા, વૈદિક સંસ્કૃતિ અને આધ્યાત્મિક જાગૃતિને સમર્પિત એક અનોખા આયોજનરૂપે ભવ્ય વેદલક્ષણા ગૌયાગ યોજાઈ રહ્યો છે. કેરા-મુંદરા માર્ગ પર આયોજિત આ મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં ગૌભક્તો, સંતો, દાતાઓ અને શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે.

મૂળ માધાપરના અને હાલ તાન્ઝાનિયામાં વસતા સેવાભાવી દાતા ગિરધરભાઈ પિંડોરિયાના પ્રયાસોથી યોજાયેલ આ અનુષ્ઠાન કચ્છના ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. વિવિધ રોગચાળાઓમાં મૃત્યુ પામેલા ગૌવંશના આત્માઓની શાંતિ અને સમગ્ર સમાજના સુખ-સમૃદ્ધિ માટે યોજાયેલા આ યજ્ઞમાં સવા લાખ વેદોક્ત આહુતિઓ અર્પણ કરવામાં આવી રહી છે. ગોરસિયા ફાઉન્ડેશન બળદિયા, ગિરધરભાઈ પિંડોરિયા પરિવાર અને ગૌસેવા ગતિવિધિ - કચ્છના સંયુક્ત સહયોગથી આ વિશાળ આયોજન સાકાર બન્યું છે.

યજ્ઞસ્થળે ગુંજી રહેલા વૈદિક મંત્રોચ્ચાર, ગૌસૂક્તના પાઠ અને ચતુર્વેદ પારાયણથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો છે. મુખ્ય યજ્ઞવેદીની આસપાસ ૨૧ સુરભિ ગૌમાતાઓની ઉપસ્થિતિએ અનુષ્ઠાનની શોભામાં વધારો કર્યો હતો. ગૌમાતાની સાક્ષીએ અને વેદાગ્નિના પવિત્ર સાનિધ્યમાં યોજાતા આ યજ્ઞમાં પરંપરા અને આધુનિક જાગૃતિનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. સમગ્ર આયોજન પ્લાસ્ટિકમુક્ત રાખી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભુજ મંદિરના વરિષ્ઠ સંતો શ્રીહરિ સ્વામી, શ્રીરંગ સ્વામી, ગૌલોકવિહારી સ્વામી, પાર્ષદવર્ય ખીમજી ભગત તથા માવજી ભગત ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ ગિરધરભાઈ પિંડોરિયાના ગૌસેવાના કાર્યોને બિરદાવી જણાવ્યું હતું કે ગૌમાતાની સેવા અને સંરક્ષણ દ્વારા જ ભારતીય સંસ્કૃતિના મૂળ મૂલ્યોનું જતન થઈ શકે છે. ગાયને માતા તરીકે માન આપવાની સાથે તેની સંભાળ અને સેવા માટે પણ સમાજે આગળ આવવું જોઈએ તેવી હાકલ કરવામાં આવી હતી.

યજ્ઞમાં જાણીતા દાનવીર કે. કે. પટેલ, રવજીભાઈ વરસાણી (મોશી), ઘનશ્યામભાઈ ટપરિયા, ગણપતભાઈ (ઓસ્ટ્રેલિયા-મેઘપર), વેલજીભાઈ ભુડિયા (માધાપર), જાદવજીભાઈ ગાજપરિયા, નવીનભાઈ મેપાણી, રામજીભાઈ વેલાણી, મેઘજીભાઈ હીરાણી, નવીનભાઈ પાંચાણી સહિત અનેક આગેવાનો અને ગૌપ્રેમીઓ જોડાયા હતા. તા. ૨ જૂનથી શરૂ થયેલો આ મહાયજ્ઞ તા. ૮ જૂન સુધી ચાલનાર છે. આયોજકો દ્વારા કચ્છભરના ગૌભક્તોને યજ્ઞસ્થળે આવી દર્શન, પ્રદક્ષિણા અને વૈદિક અનુષ્ઠાનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# પધ્ધરમાં ગેરકાયદે ધંધા બેફામ, તંત્રની ઊંઘ સામે ભીમ આર્મીનું આંદોલન

**૮ જૂનના ભુજમાં બાબા સાહેબ સ્ટેચ્યુ પાસે વિરોધ નોંધાવી ત્યારબાદ એસપી કચેરીએ આવેદનપત્ર આપી રજુઆત કરાશે**



ભુજ - કચ્છઉદય : પધ્ધર પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ ભાંગી પડી છે. નંબર પ્લેટ વગરના ઓવરલોડ વાહનો બેફામ દોડી રહ્યા છે, ખાણ-ખનીજની ખુલ્લેઆમ લૂંટફાટ ચાલી રહી છે, આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂનું દૂષણ ઘરે ઘરે પહોંચી ગયું છે અને ગેરકાયદેસર વાહનોના કારણે રોજ જોરદાર ટ્રાફિકજામથી સ્કૂલના બાળકો, દર્દીઓ અને સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી રહી છે. તંત્રના આંખ આડા કાન સામે ભીમ આર્મી - કચ્છ જિલ્લાએ આકરો મોરચો માંડવાની ચીમકી ઉચ્ચારી છે.

ભીમ આર્મી કચ્છ જિલ્લા અધ્યક્ષ હરી પરમારે જણાવ્યું હતું કે, પધ્ધર વિસ્તારમાં નંબર પ્લેટ વગર દોડતા મોતના વાહનો કોના આશીર્વાદથી ચાલે છે, સરકારી તિજોરીને ખાડો પાડી કુદરતી સંપત્તિ લૂંટનાર ખનીજ માફિયા પર તંત્ર ક્યારે ત્રાટકશે, ગામડાંઓમાં યુવાધન બરબાદ કરતા બુટલેગરોને પોલીસ રક્ષણ આપે છે કે કેમ? તંત્ર હવે જાગે નંબર પ્લેટ વગરના ઓવરલોડ વાહનો તાત્કાલિક જપ્ત કરે, ખનીજચોરી ડામે, દારૂના દૂષણને જડમૂળથી નાબૂદ કરે અને જનતાને ટ્રાફિકજામથી મુક્તિ અપાવે. જો તાત્કાલિક નક્કર કાર્યવાહી નહીં થાય તો ભીમ આર્મી જનતાને સાથે રાખીને રસ્તા પર ઉતરશે. જેની સંપૂર્ણ જવાબદારી જિલ્લા પોલીસ તંત્ર અને ખાણ-ખનીજ વિભાગની રહેશે.

# કચ્છ યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમોની ફીમાં નોંધપાત્ર ઘટાડો



ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કચ્છ દ્વારા યુનિવર્સિટીના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફી ઘટાડવા અને તેને ગ્રાન્ટ-ઈન -એડમાં રૂપાંતરિત કરવા કરેલી સઘન રજૂઆતને સફળતા મળી છે.એબીવીપી કચ્છ દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવી માંગ કરવામાં આવી હતી કે, જે વિભાગોમાં સરકાર દ્વારા કાયમી પ્રાધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે, તેવા અભ્યાસક્રમો જેમ કે એમ.એસ. ડબલ્યુ, એમ.પી.એ, એલ.એલ.એમ, બી.એસ કમ્પ્યુટર સાયન્સ, એમ.એ ઈતિહાસ અને આઈટીને સ્વનિર્ભર ધોરણે ચલાવવાને બદલે 'અનુદાનિત' જાહેર કરવામાં આવે અને વિદ્યાર્થીઓની ફીમાં ઘટાડો કરવામાં આવે. રજૂઆતને ગંભીરતાથી ધ્યાને લઈ યુનિવર્સિટી સત્તાધિશો દ્વારા ફી ઘટાડાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. એબીવીપીના અભિયાનને કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને હવે આર્થિક બોજમાંથી મોટી રાહત મળશે. એબીવીપી પશ્ચિમ કચ્છ જિલ્લા સંયોજક શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણનું લોકશાહીકરણ કરવાનો છે. ફી ઘટાડાનો નિર્ણયએ કચ્છના યુવાનોના હિતમાં લેવાયેલું એક ઐતિહાસિક પગલું છે. શિક્ષણ વેપાર ન બનવો જોઈએ, હંમેશા વિદ્યાર્થીઓના હિત માટે આવા જ આંદોલનાત્મક અને રચનાત્મક માર્ગ અપનાવીને ન્યાય અપાવવા કટિબદ્ધ રહેશે. યુનિવર્સિટીના નિર્ણયથી વિદ્યાર્થી આલમમાં ખુશીની લહેર દોડી ગઈ છે. કાર્યકરોની રજૂઆતને વિદ્યાર્થીઓ દ્વારા આવકારવામાં આવી છે. ૧૩મી મે ૨૦૨૬ના ફી ઘટાડો કરવા અને સ્વનિર્ભર ડિપાર્ટમેન્ટને અનુદાનિત કરવા અંગે રજૂઆત કરવામાં આવેલ હતી.

# ભુજમાં અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ૨૦ કબાટનું વિતરણ કરાયું

**પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી વીબીસી વાડી ખાતે યોજાયો સેવાકીય કાર્યક્રમ : પરિવારોને આત્મનિર્ભર બનાવવા સંસ્થા કટિબદ્ધ**






ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ મધ્યે આવેલી વીબીસી વાડી ખાતે રવિવારે એક વિશેષ પ્રેરણાદાયી અને માનવ સેવાને સમર્પિત કાર્યક્રમ સંપન્ન થયો હતો. પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની દિવ્ય પ્રેરણાથી કાર્યરત અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમાજના અત્યંત જરૂરિયાતમંદ અને વંચિત પરિવારોને કબાટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે જે પરિવારો પાસે પાકા મકાનો કે સુરક્ષિત છત નથી, તેઓ પોતાના ઘરવખરીના સામાન અને અગત્યની વસ્તુઓને સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે સાચવી શકે તેવા ઉમદા આશય સાથે સંસ્થા દ્વારા પ્રાથમિક તબક્કે ૨૦ જેટલા લોખંડના કબાટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આગામી સમયમાં પણ જ્યાં જ્યાં આવી જરૂરિયાત જણાશે ત્યાં સંસ્થા દ્વારા આવા પરિવારો શોધીને કબાટોનું વિતરણ ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

આ સેવાકીય પ્રકલ્પ અંગે વિસ્તૃત માહિતી આપતા અર્હમ યુવા સેવા ગ્રુપના સક્રિય અગ્રણી અને ગુરુભક્ત ડૉ.હર્ષદ નિર્મલે જણાવ્યું હતું કે સંસ્થા વર્ષોથી પરમ ગુરુદેવના માર્ગદર્શન હેઠળ જીવદયા, શિક્ષણ, ચિંતન અને સામાજિક ઉત્થાનના કાર્યોમાં અગ્રેસર રહી છે. સંસ્થા માત્ર ક્ષણિક રાહત આપવાને બદલે પરિવારોને દીર્ઘકાલીન આત્મનિર્ભર બનાવવાના અભિગમ સાથે કામ કરે છે. જેના ભાગરૂપે અત્યાર સુધીમાં કચ્છ જિલ્લામાં ૩૩ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને રોજગારી માટે ઓટો રિક્ષા પ્રદાન કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસ્થા દ્વારા રિક્ષા ખરીદી માટેનું આશરે સવા લાખ રૂપિયા જેટલું ડાઉન પેમેન્ટ સહાય પેટે ચૂકવવામાં આવે છે અને બાકીની રકમની લોન કરાવી આપવામાં આવે છે, જેથી ગરીબ પરિવારો સ્વમાનભેર પોતાની રોજીરોટી કમાઈને આત્મનિર્ભર બની શકે. આ ઉપરાંત સંસ્થા દ્વારા ગૌશાળાઓમાં ગમાણનું નિર્માણ, વિશ્વ ચકલી દિવસ નિમિત્તે પક્ષીઓ માટે પાણીના કુંડા અને ફૂડ ફીડરનું વિતરણ જેવી અદભુત પ્રવૃત્તિઓ પણ સતત કરવામાં આવે છે.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા ભુજના નગરપતિ શીતલભાઈ શાહે અર્હમ યુવા સેવા ગ્રુપના આ માનવતાવાદી કાર્યને બિરદાવતા જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત અને ભારતમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતું અર્હમ ગ્રુપ કચ્છ અને ભુજની જનતા માટે પણ આટલું સુંદર વિચારી રહ્યું છે તે ખરેખર પ્રશંસનીય બાબત છે. તેમણે સંસ્થાના આત્મનિર્ભરતાના મોડેલના વખાણ કરતા ઉમેર્યું હતું કે જરૂરિયાતમંદોને માત્ર વસ્તુ આપી દેવા કરતાં તેમને આર્થિક પગભર કરવા માટે જે રીતે અગાઉ રિક્ષાના ડાઉન પેમેન્ટ ભરીને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે, તેનાથી અનેક પરિવારોનું ગુજરાન ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે. નગરપતિએ ભુજ અને કચ્છના છેવાડાના માનવી સુધી પહોંચવા બદલ અર્હમ ગ્રુપ અને તમામ સેવાભાવી કાર્યકરોનો જાહેર માધ્યમથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સંસ્થાની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી હતી.

આ પ્રસંગે ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, હિરેનભાઈ દોશી, હાર્દિકભાઈ દોશી, પ્રદીપભાઈ દોશી, ઓજસભાઈ શેઠ, નીરવભાઈ મહેતા, હાર્દિકભાઈ મહેતા, નવીનભાઈ મહેશ્વરી, ભરતભાઈ મોઢવાડિયા, નિલેશભાઈ ગોર, ધર્મેશભાઈ લુહાર, નાનુભા જાડેજા, વિરલભાઈ શામજી, નીતિનભાઈ સિંધવ, મયુરસિંહ જાડેજા, મહેશ ગોસ્વામી, પ્રજ્ઞાદીદી,પૂર્વી દીદી, ભાવના દીદી, રસીલા દીદી, અમરશીભાઈ ડાંગર, અમરીશ લાલવાણી વગેરે હાજર રહ્યા હતા.

# ભારત માટે લાલબત્તીઃ દિલ્હીનો પ્રજનન દર ફિનલેન્ડથી પણ નીચે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ ભારતમાં ઘટી રહેલા પ્રજનન દરને લઈને વૈશ્વિક સ્તરે ચિંતા શરૂ થઈ ગઈ છે. દુનિયાના અબજોપતિ કારોબારી અને સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્કે ભારતની ઘટતી વસ્તીના આંકડા પર ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મીડિયા સંસ્થાના આંકડાઓનો હવાલો આપતા જણાવ્યું છે કે, ભારતમાં જન્મ દર હવે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી 'રિપ્લેસમેન્ટ લેવલ' કરતાં પણ નીચે આવી ગયો છે.

સોશિયલ મીડિયા પર શેર કરાયેલા આંકડા અનુસાર, ભારતના ઈતિહાસમાં પહેલીવાર પ્રજનન દર આટલી ઝડપથી નીચે આવ્યો છે. માત્ર એક જ દાયકામાં દેશનો કુલ પ્રજનન દર ૨.૩ થી ઘટીને ૧.૯ પર આવી ગયો છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે રાજધાની દિલ્હીનો પ્રજનન દર હવે ઘટીને માત્ર ૧.૨ રહી ગયો છે, જે યુરોપના ફિનલેન્ડ દેશ કરતાં પણ ઓછો છે. મસ્કે ઉમેર્યું કે, શિક્ષિત વર્ગમાં તો આ દર ઘણો સમય પહેલાં જ નીચે જતો રહ્યો હતો.

આ અહેવાલમાં 'ધ ઈકોનોમિસ્ટ' માં ૪ જૂનના રોજ પ્રકાશિત થયેલા એક લેખનો સંદર્ભ આપવામાં આવ્યો છે, જેનું શીર્ષક હતું- 'ભારતની વસ્તી ટૂંક સમયમાં જ ખૂબ ઝડપથી ઘટવા લાગશે'. આ ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળના રિપોર્ટ અનુસાર, ભારતમાં કુલ પ્રજનન દર પ્રતિ મહિલા ૧.૯ જન્મ સુધી ઘટી ગયો છે. વસ્તીને સ્થિર રાખવા માટે આ દર ૨.૧ હોવો જરૂરી છે, જેને વસ્તી વિજ્ઞાનની ભાષામાં રિપ્લેસમેન્ટ રેટ કહેવાય છે. તેનો સીધો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ હવે એટલી સંખ્યામાં બાળકોને જન્મ નથી આપી રહી, જે એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીનું કદ જાળવી રાખવા માટે પૂરતું હોય.

વર્ષ ૨૦૨૩ માં ચીનને પાછળ છોડીને ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો અને હાલમાં ભારતની વસ્તી ૧.૪૬ અબજથી વધુ છે. જો કે, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં સુધારો થવા છતાં દેશમાં હજુ પણ વ્યાપક અસમાનતાઓ છે. રિપોર્ટમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે ૨૪ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓના વહેલા લગ્ન અને ત્યારબાદ ડિલિવરી દરમિયાન થતા મૃત્યુદર જેવી સમસ્યાઓ હજુ પણ યથાવત છે.

# પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી શૈલેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટીના પૂર્વ મહામંત્રી કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ યુવા પ્રમુખ શૈલેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિવસ શુભકામના તેમને શુભેચ્છાઓ મળી રહી છે. સંગઠનમાં ભૂમિકા તેઓ કચ્છ ભાજપના સંગઠનને મજબૂત કરવામાં, અલગ - અલગ તાલુકા અને શહેરોના ભાજપનું પ્રભુત્વ વધારવામાં અનેક સેવા પ્રવૃત્તિઓમાં તેમની સક્રિય ભૂમિકા રહી છે. તેઓ પક્ષની અંદર વરિષ્ઠ આગેવાનો અને સ્થાનિક કાર્યકર્તાઓ વચ્ચે એક મહત્વની કડી તરીકે ઓળખાય છે, જેમણે વારંવાર પક્ષના વિવિધ સંગઠનાત્મક કાર્યો અને ચૂંટણી સંચાલનની જવાબદારીઓ સફળતાથી સંભાળી છે. સમાજ સેવા અને માનવ સેવા તથા જીવદયામાં તેઓ હંમેશાં આગળ જોયા છે. કચ્છના વિકાસ માટે તેમનું મહત્વનું યોગદાન છે. રાજપુત ક્ષત્રિય સમાજની પ્રવૃત્તિઓમાં પણ તેઓ અગ્રેસર છે.

# કેશવજીભાઈ રોશિયાનું આજે જન્મદિવસ



ભુજ : માંડવી તાલુકા મહેશ્વરી સમાજનાં પ્રમુખ અને કચ્છ જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિનાં પૂર્વ ચેરમેન કેશવજીભાઈ રોસિયાજીને જન્મદિવસ નિમિત્તે સમાજના હોદ્દેદારો - કાર્યકર્તાઓ તેમજ સામાજિક રાજકીય આગેવાનો અને મિત્ર વર્તુળમાંથી શુભેચ્છાઓનો વર્ષા થઈ રહી છે.

# સરકારની ‘સુગમ ડિજિટલ ગુજરાત’ પહેલ : નાગરિક સેવાઓ હવે બની ‘ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ’

## ‘નાગરિક દેવો ભવ’ના ભાવ સાથે પારદર્શક વહીવટનો સંકલ્પ : આવક, જ્ઞાતિના દાખલા અને રેશનકાર્ડ જેવી ‘ટોપ-૨૦’ સેવાઓ હવે આંગળીના ટેરવે ઉપલબ્ધ

ભુજ - કચ્છઉદય : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ‘ન્યૂનતમ સરકાર, મહત્તમ શાસન’ના મંત્રને આત્મસાત કરી ટેક્નોલોજીના માધ્યમથી નાગરિકો માટે ‘ઇઝ ઓફ લિવિંગ’માં વૃદ્ધિ કરવા સતત પ્રયત્નશીલ છે. રાજ્યના વહીવટી તંત્રને વધુ પારદર્શક, ગતિશીલ અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉમદા હેતુ સાથે ‘ડિજિટલ ક્રાંતિ’ દ્વારા તમામ સરકારી સેવાઓનેફેસલેસ, કેશલેસ અને પેપરલેસ બનાવીને છેવાડાના માનવી સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. ‘નાગરિક દેવો ભવ’ની ભાવના સાથે રાજ્યની જનકલ્યાણકારી સેવાઓને આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ પર લાવીને સરકારી કચેરીઓના ધક્કામાંથી મુક્તિ અપાવી વહીવટી સરળતાના એક નવા યુગનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે ‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવી રહ્યો છે.

‘ટોપ-૨૦’ સેવાઓ હવે આંગળીના ટેરવેરાજ્ય સરકારે ‘સુગમ ડિજિટલ ગુજરાત’ પહેલ અન્વયે નાગરિકોની રોજબરોજની જરૂરિયાતોને સ્પર્શતી ૫ વિવિધ વિભાગોની ‘ટો-૨૦’ હાઈ-વોલ્યુમ સેવાઓને પ્રાથમિકતાના ધોરણે [illegible] પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવી છે.પેપરલેસ વહીવટ તરફ એક મક્કમ ડગલુંનાગરિકોની સુવિધા અને વહીવટમાં સચોટતા લાવવા માટે આ સેવાઓમાં ‘આધાર પ્રમાણીકરણ’ની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. એકવાર આધાર સફળતાપૂર્વકવેરિફાય થયા પછી, અરજદારે ઓળખ કે રહેઠાણના પુરાવા માટે વારંવાર અન્ય દસ્તાવેજો આપવાની જરૂર રહેશે નહીં, જેનાથી સમયની મોટી બચત થશે. આ લિંકિંગથીયોજનાઓમાં થતું ડુપ્લિકેશન અટકાવી શકાશે, જેથી માત્ર પાત્રતા ધરાવતા સાચા લાભાર્થીઓને જ લાભ મળે તે સુનિશ્ચિત થશે. આ પ્રમાણીકરણ માટે ઓટીપી અથવા બાયોમેટ્રિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. સરકાર માટે નાગરિકોનીપ્રાઈવસી અને ડેટા સુરક્ષા સર્વોપરી છે. આધાર પ્રમાણીકરણ માટે અરજદારની પૂર્વ સંમતિ લેવી અનિવાર્ય છે. સુરક્ષાના હેતુથી સિસ્ટમમાં ક્યાંય પણ સંપૂર્ણ આધાર નંબર દર્શાવવામાં આવતો નથી, માત્ર છેલ્લા ૪ આંકડા જ જોઈ શકાય છે. આ તમામ પ્રક્રિયામાં યુઆઈડીએઆઈની માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. સરકારનો અભિગમ માનવીય અને સર્વસમાવેશી છે. જો કોઈ ટેક્નિકલ કારણસર આધાર પ્રમાણીકરણ નિષ્ફળ જાય અથવા કોઈ નાગરિક પાસે આધાર કાર્ડ ન હોય, તો પણ તેમને સેવાથી વંચિત રાખવામાં આવતા નથી. આવા કિસ્સાઓમાં અન્ય વૈકલ્પિક ઓળખ પુરાવાઓ દ્વારા ખરાઈ કરીને સેવા પૂરી પાડવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.નોંધણી અને લૉગિન: પોર્ટલ પર સૌ પ્રથમ ‘નોંધણી’ બટન પર ક્લિક કરી મોબાઈલ નંબર અને ઈ-મેઈલઆઈડી દ્વારા એકાઉન્ટ બનાવવાનું રહેશે. ત્યારબાદ, મોબાઈલ નંબર/ઈ-મેઈલ અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગિન કરી શકાય છે. લૉગિન થયા બાદ ‘મારી પ્રોફાઈલ’ વિભાગમાં જઈને પોતાની વિગતો અને ફોટો અપડેટ કરવો જરૂરી છે, જેથી આ વિગતો અરજી ફોર્મમાં આપમેળે ભરાઈ જશે. અરજદારે ‘નવી સેવાની વિનંતી’ પર ક્લિક કરી જરૂરી સેવા પસંદ કરવાની રહેશે. જરૂરી દસ્તાવેજોઅપલોડ કરવા માટે ડિજિટલલોકરનો સીધો ઉપયોગ કરી શકાશે. અરજી સબમિટ કર્યા બાદ ઓનલાઈનપેમેન્ટગેટવે દ્વારા નિર્ધારિત ફીનીચૂકવણી કરવાની રહેશે. અરજદાર પોતાની અરજીની સ્થિતિ પોર્ટલ પર લૉગિન કરીને જાણી શકે છે અને સેવા પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર ઓનલાઈનડાઉનલોડ પણ કરી શકે છે. આમ, રાજ્યના પ્રત્યેક નાગરિકને સરકારી યોજનાઓના લાભ સત્વરે પૂરા પાડવા એ જ સરકારની પ્રાથમિકતા રહી છે. ત્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ એ ‘ન્યૂ ઈન્ડિયા’ ના વિઝનને સાકાર કરતું એક ટેક્નિકલ પ્લેટફોર્મ હોવાની સાથે-સાથે નાગરિકોનાસશક્તિકરણનું પણ એક શક્તિશાળી માધ્યમ બન્યું છે. વહીવટમાં ચોકસાઈ, વિશ્વસનીયતા અને ગતિશીલતાલાવવાના આ પ્રયાસોથી’ડિજિટલ ઈન્ડિયા’ અને ‘વિકસિત ગુજરાત’ ના સંકલ્પને વધુ બળ મળી રહ્યું છે. વધુ માહિતી માટે નાગરિકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર સંપર્ક કરી શકે છે.

### પોર્ટલ પર ઉપલબ્ધ મુખ્ય સેવાઓની યાદી

- આવકનો દાખલો (ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે)
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર
- નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (ગુજરાત સરકાર અને ભારત સરકાર)
- આર્થિક રીતે નબળાવર્ગોનું પ્રમાણપત્ર (આવક સાથે)
- જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ)
- રેશનકાર્ડસેવાઓઃ નવું રેશનકાર્ડ, નામ ઉમેરવું, કમી કરવું, સુધારા કરવા અને અલગ રેશનકાર્ડ મેળવવું
- અન્ય સેવાઓઃ સોગંદનામુંઅને નકલ મેળવવી

# ભુજની બૅંકર્સ કોલોનીમાં વીજ ઉપકરણો બળી ગયા

## અચાનક વધેલા વોલ્ટેજથી ઘરોમાં હજારો રૂપિયાનું નુકસાન : વીજ વિભાગના જવાબથી રહેવાસીઓમાં અસંતોષ

ભુજ - કચ્છઉદય : શહેરના જ્યુબિલી ગ્રાઉન્ડ સામે આવેલી બેંકર્સ કોલોનીમાં ગુરૂવારે બપોરે સર્જાયેલી હાઈવોલ્ટેજની ઘટનાએ અનેક પરિવારોને આર્થિક રીતે અસર કરી છે. બપોરે આશરે ચારથી પાંચ વાગ્યાના સમયગાળા દરમિયાન વીજ પુરવઠામાં અચાનક વધારો થતાં ઘરોમાં લાગેલા વિવિધ વીજ ઉપકરણો બળી જવાની અને ખોરવાઈ જવાની ઘટનાઓ સામે આવી છે. ઘટનાને પગલે રહેવાસીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અચાનક વોલ્ટેજ વધતા અનેક ઘરોમાં ફ્રીઝ, ટેલિવિઝન, પંખા, ઈન્વર્ટર, સેટ-ટોપ બોક્સ સહિતના ઈલેક્ટ્રોનિક સાધનોને નુકસાન પહોંચ્યું હતું. કેટલાક મકાનોમાં ઉપકરણોની સર્કિટ બળી ગઈ હતી તો કેટલાક ઉપકરણો સંપૂર્ણપણે બંધ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. એક જ સમયે અનેક ઘરોમાં આવી સ્થિતિ સર્જાતા લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા અને વીજ પુરવઠામાં સર્જાયેલી ખામી અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

બેંક્ર્સ કોલોની ઉપરાંત નજીકના કેટલાક એપાર્ટમેન્ટમાં પણ હાઈવોલ્ટેજની અસર જોવા મળી હતી. કોલોનીમાં સુરક્ષા માટે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા અને તેની સાથે જોડાયેલી વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હોવાનું રહેવાસીઓએ જણાવ્યું હતું. પરિણામે માત્ર ઘરગથ્થુ સાધનો જ નહીં પરંતુ સામૂહિક સુવિધાઓને પણ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.


ઘટનાની જાણ થતાં અસરગ્રસ્ત લોકોએ વીજ વિભાગનો સંપર્ક સાધ્યો હતો. રહેવાસીઓના આક્ષેપ મુજબ વિભાગ તરફથી ન્યુટ્રલ લાઈનમાં ફોલ્ટ હોવાની માહિતી આપવામાં આવી હતી. જોકે નુકસાન અંગે કોઈ સ્પષ્ટ જવાબદારી સ્વીકારવામાં ન આવતા લોકોમાં અસંતોષ વ્યાપ્યો હતો. તકનિકી ખામીના કારણે ગ્રાહકોને નુકસાન સહન કરવું પડે અને પછી તેની ભરપાઈ અંગે કોઈ સ્પષ્ટતા ન કરવામાં આવે તે બાબતને લઈને લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે વીજ પુરવઠાની લાઈનો અને ટ્રાન્સફોર્મરોની નિયમિત તપાસ તથા જાળવણી કરવામાં આવે તો આવી ઘટનાઓને અટકાવી શકાય છે. મોંઘા વીજ ઉપકરણોના સમારકામ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થવાનો હોવાથી સામાન્ય પરિવારો માટે આ નુકસાન ગંભીર ગણાય છે. તેથી વીજ વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે હાથ ધરી નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવે અને યોગ્ય રાહત અંગે વિચારણા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# નિરોણા ગામની ગૌચર જમીનની હદ નિશાન કરવા ઉગ્ર રજુઆત

નખત્રાણા-કચ્છઉદય : તાલુકાના નિરોણા ગામમાં ૩ વર્ષથી ગૌચર જમીનની માપણી અને હદ નિશાન નક્કી કરવા બાબતે ગ્રામ પંચાયતના સરપંચ એન.ટી. આહિર તથા અગ્રણીઓ દ્વારા પ્રાંત અધિકારીને ઉગ્ર રજુઆત થઈ છે. અગાઉ હદ નિશાન બાબતે ડી.આઈ. એલ. આર, મામલતદાર, ટી.ડી. ઓ., વનખાતાને અનેક વખત રજુઆત કરવા છતાં નિરોણા ગામની ૧૮, ૫૦૦ એકર જમીન ગૌચરની જમીન હદ નિશાન થઈ નથી. આ બાબતે નખત્રાણા ખાતે અગાઉ ધરણા પણ થયા હતા વધુમાં જણાવાયું છે કે જમીન માપવા અંગે સરકારશ્રી દ્વારા ૧ એકર ખર્ચ ૬૦૦ રૂપિયા જેવું થાય છે જેનું માપણી ખર્ચ લાખોને પાર જાય છે જે ખર્ચ પંચાયત ભરવા સમક્ષ નથી. વનખાતા દ્વારા જમીન અંગેના દબાણો દુર કરવામાં આવે છે ત્યારે કચ્છની સાથે નિરોણા ગામની જમીન પોલીસ બંદોબસ્તની માંગણી કરીને જમીન ખુલ્લી કરવા હાલે વનખાતા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે આ ગૌચર જમીનની હદ નિશાન નક્કી ન થતા ગ્રામજનો અને વનખાતા વચ્ચે ઘર્ષણ થવાની શકયતા છે. ભુતકાળમાં પણ આ બાબત પર વિવાદ થયો છે જેની નોંધ લઈ યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું છે. વનખાતા દ્વારા જમીન ખુલ્લી કરવા બાબતે પોલીસ બંદોબસ્તની માંગણી કરેલ છે. જયાં સુધી જમીન અંગેની ખરાઈ ના થાય ત્યાં સુધી પોલીસ બંદોબસ્ત આપવામાં આવે ઉપરાંત જમીન અંગે હદ નિશાન ખુંટા ખોડાય તેવી ગામ લોકો માંગ કરી છે.

# કૃષિ મહાવિદ્યાલય અને વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિન’ની ઉત્સાહભેર ઉજવણી




ભચાઉ - કચ્છઉદય : વિભાગીય સંશોધન કેન્દ્ર અને કૃષિ મહાવિદ્યાલય, ભચાઉ દ્વારા ૫ જૂનના રોજ ‘વિશ્વ પર્યાવરણ દિન’ નિમિત્તે એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ, કૃષિ મહાવિદ્યાલયના પ્રાધ્યાપકો તેમજ ઉત્સાહી વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈને પર્યાવરણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. યોગેશ રાઠવાએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. તેમણે પર્યાવરણની જાળવણીના મહત્વ પર વિશેષ ભાર મૂકતા દરેક વિદ્યાર્થીને વૃક્ષારોપણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા તેમજ આવનારી પેઢી માટે સ્વચ્છ ભવિષ્યનું નિર્માણ કરીએઅને ઉપસ્થિત તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવા માટેના વિશેષ સંકલ્પ લેવડાવ્યા હતા, જેમાંપ્લાસ્ટિકનો વપરાશ બને એટલો ઓછો કરવો, પાણીનો બગાડ અટકાવી જળ સંચય કરવો અને આસપાસની સ્વચ્છતા જાળવવી. આ ઉજવણી અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવવાના અનોખા સંદેશા સાથેના વિવિધ આકર્ષક પોસ્ટર્સ તૈયાર કરી રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ સાથે મળીને કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું અને રોપાયેલા છોડના ઉછેરની જવાબદારી સ્વીકારી કાર્યક્રમને ખરા અર્થમાં સફળ બનાવ્યો હતો.

# રાપર આઈટીઆઈમાં પ્રવેશ મેળવવા ઈચ્છુકો જોગ

રાપર - કચ્છઉદય : ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાપરના આચાયર્યની અખબાર યાદી જણાવે છે કે, રોજગારી અને સ્વ રોજગારીની ઉત્તમ તક ઉપલબ્ધ કરાવતી આઈટીઆઈ રાપર ખાતે પ્રવેશસત્ર -૨૦૨૬ અંતર્ગત પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તા.૨૩/૬ છે. ધોરણ ૧૦ પાસ ઉમેદવારો માટે ઈલેક્ટ્રિશિયન ૬૦, ફિટર ૪૦, સોલાર ટેક્નિશિયન ૬૦, કોપા ૭૨, હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટર ૭૨, અને ધોરણ ૮ પાસ માટે વેલ્ડર ૨૦, વાયરમેન ૬૦, સુઈંગ ટેકનોલોજી (મહિલા) ૨૦ બેઠક પર પ્રવેશ મેળવી શકાશે. એડમિશન માટે જરૂરી ધોરણ ૮,૯,૧૦ ની માર્કશીટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ નો દાખલો, આવક નો દાખલો, તમજ શારીરિક ખોડખાંપણ કે માજી સૈનિકના આશ્રિત હોવા અંગેના પ્રમાણપત્રો, આધારકાર્ડ, જેવા જરૂરી દસ્તાવેજો તથા તેની નકલ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે લાવવાના રહેશે. એડમિશન મેળવવા ઈચ્છુક ઉમેદવારોને જણાવવામાં આવે છે કે, ઓનલાઈન ફોર્મ ભરવા માટે આઈટીઆઈ રાપર ખાતે સવારે ૯:૩૦ કલાકથી ૫ કલાક દરમિયાન અથવા વેબસાઈટ https:// itiadmission. guja®a. gov.in પર ફોર્મ ભરી નજીકની આઈટીઆઈ ખાતે વેરિફિકેશન માટે મુલાકાત લેવા જણાવવામાં આવે છે.

# અખબારમાં ખોરાક પેક કરવા કે પીરસવા પર એફએસએસએઆઈનો પ્રતિબંધ

## ફૂડ ઓથોરિટીની કડક ચેતવણી : હવે કચ્છના સ્વાદરસિયાઓને અખબારના કાગળમાં ફાફડા, જલેબી કે ભજીયા પીરસવા પડશે ભારે : અખબારની શાહીમાં રહેલું ઝેરી સીસું કેન્સર જેવી ગંભીર બીમારીઓ નોતરી શકે છે : નિયમ તોડનારા કચ્છી ખાદ્ય વિક્રેતાઓ સામે લેવાશે કાયદેસરના પગલાં

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના લોકો ખાણી-પીણીના ભારે શોખીન છે. સવાર-સવારમાં ગરમાગરમ ફાફડા-જલેબી હોય, સાંજના સમયે ભજીયા, સમોસા કે કચ્છી દાબેલીનો ચટાકો હોય, કચ્છીમાડુઓ હંમેશાં સ્વાદની મજા માણતા નજરે પડે છે. પરંતુ હવે કચ્છના તમામ નાના-મોટા ખાદ્ય વિક્રેતાઓ અને ગ્રાહકો માટે એક મહત્વના અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશભરમાં અને ખાસ કરીને સ્થાનિક સ્તરે અખબાર (ન્યૂઝપેપર)ના કાગળમાં ખાણી-પીણીની વસ્તુઓ પેક કરવા કે પીરસવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. કચ્છના બજારોમાં હજુ પણ અનેક જગ્યાએ ગરમાગરમ નાસ્તો અખબારના પાના પર રાખીને આપવાની પ્રથા ચાલી રહી છે, જેના પર હવે કાયદાકીય તલવાર લટકી રહી છે.

એ ફ એ સ એ સ એ આ ઈ દ્વારા જારી કરાયેલી આ કડક ચેતવણીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અખબારના છાપકામમાં વપરાતી શાહી અત્યંત હાનિકારક કેમિકલ્સ અને લીડ એટલે કે સીસું ધરાવે છે. જ્યારે કચ્છીઓનો મનપસંદ ગરમાગરમ નાસ્તો જેમ કે ભજીયા, સમોસા કે ફાફડા આ અખબાર પર મૂકવામાં આવે છે, ત્યારે ગરમીના કારણે તે ઝેરી શાહી અને કેમિકલ્સ ઓગળીને સીધા ખોરાકમાં ભળી જાય છે. આ ઝેરી તત્વોવાળો ખોરાક પેટમાં જવાથી શરીરમાં કેન્સર જેવી જીવલેણ બીમારીઓ અને અન્ય ગંભીર રોગો થવાનું જોખમ અનેકગણું વધી જાય છે. આ ઉપરાંત, અખબારનો કાગળ અસંખ્ય હાથોમાંથી પસાર થતો હોવાથી તે ઘાતક બેક્ટેરિયાનું વાહક પણ બને છે, જે લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં સમાન છે.

આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી રેગ્યુલેશન મુજબ ખોરાક પેક કરવા માટે અખબારનો ઉપયોગ કરવો હવેથી તદ્દન ગેરકાયદેસર જાહેર કરાયો છે. જો કચ્છ જિલ્લામાં કોઈ પણ લારીવાળા, હોટલ સંચાલક કે ફરસાણના વેપારી આ નિયમનું ઉલ્લંઘન કરતા ઝડપાશે, તો ફૂડ વિભાગ દ્વારા તેમની સામે તાત્કાલિક ધોરણે કડક કાયદેસરની કાર્યવાહી અને દંડાત્મક પગલાં લેવામાં આવશે. તંત્ર દ્વારા માત્ર વેપારીઓને જ નહીં, પરંતુ કચ્છના જાગૃત ગ્રાહકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના સ્વાસ્થ્યની રક્ષા કાજે અખબારના કાગળમાં નાસ્તો લેવાનો આગ્રહ ન રાખે અને જો કોઈ વેપારી આવું કરતો જણાય તો તેનો વિરોધ કરે.

# કચ્છમાં ૮ થી ૧૪ જૂન દરમિયાન “સ્વચ્છતા સપ્તાહ” અભિયાનનું આયોજન

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ તા.૮ જૂન થી ૧૪ જૂન દરમિયાન સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ “સ્વચ્છતા સપ્તાહ” અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અંગે વ્યાપક જનજાગૃતિ લાવવા, જાહેર સ્થળોની નિયમિત સફાઈ સુનિશ્ચિત કરવા અને ઘન તેમજ પ્રવાહી કચરાના વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લાના તમામ ગામોમાં સામૂહિક સફાઈ ઝુંબેશ, જનજાગૃતિ કાર્યક્રમો અને સ્વચ્છતાને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે તથા ગામડાઓ સ્વચ્છતા ક્ષેત્રે અગ્રેસર બને તે માટે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

સ્વચ્છતા સપ્તાહ દરમિયાન દરરોજ અલગ-અલગ થીમ આધારિત કાર્યક્રમો યોજાશે, જે અંતર્ગત તા. ૮-૬ના રોજ સ્વચ્છતા જાગૃતિ રેલી સાથે આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવશે. ત્યારબાદ તા.૯-૬ના રોજ પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસની ઉજવણી કરાશે. જ્યારે તા.૧૦-૬ના રોજ જળાશયો અને ખુલ્લા પ્લોટની સઘન સફાઈ હાથ ધરવામાં આવશે. આ જ ક્રમમાં તા.૧૧-૬ના રોજ ડ્રેઈન અને ડ્રેઈન ટ્રીટમેન્ટ સિસ્ટમની સફાઈ અને તા.૧૨-૬ના રોજ શેરી, રસ્તા તેમજ ગટરની આસપાસ એકત્રિત થયેલા કચરાની સફાઈ કરવામાં આવશે. તા.૧૩-૬ના રોજ જાહેર સંસ્થાઓ, ધાર્મિક જગ્યાઓ અને જાહેર સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવશે. તા.૧૪-૬ના રોજ સ્વચ્છતા શપથ લેવડાવવાની સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૨૬ અંગે જાગૃતિ લાવવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમિયાન ગામોમાં આવેલી શાળાઓ, આંગણવાડીઓ, ગ્રામ પંચાયત કચેરીઓ, આરોગ્ય કેન્દ્રો, જાહેર માર્ગો, બસ સ્ટેન્ડ, તળાવ અને નદી કાંઠાઓ સહિતના અન્ય જાહેર સ્થળોએ વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરાશે. આ ઉપરાંત, પ્લાસ્ટિક મુક્તિ, કચરાના યોગ્ય વિભાજન, વેસ્ટનો નિકાલ અને શ્રમદાન જેવી લોકપયોગી પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા અને તાલુકા કક્ષાના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ જિલ્લાના વિવિધ ગામોની રૂબરૂ મુલાકાત લેશે અને સ્વચ્છતાલક્ષી કામગીરીનું સઘન નિરીક્ષણ કરશે. આ અભિયાનમાં ગ્રામ પંચાયતો, શાળા-કોલેજો, આંગણવાડીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલા મંડળો, યુવા મંડળો તથા સ્થાનિક ગ્રામજનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. “સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ” ના સંકલ્પને સાકાર કરવા અને સૌના સહયોગથી કચ્છ જિલ્લાને વધુ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવા માટે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને આ અભિયાનમાં ઉત્સાહભેર જોડાવા માટે અનુરોધ કરવામાં આવે છે તેમ નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જણાવાયું છે.

# બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે. એમ. પટેલ આરોગ્યધામ ખાતે મગજના રોગો અને પાર્કિન્સન અંગે નિઃશુલ્ક નિદાન તથા જાગૃતિ શિબિર યોજાઈ



બિદડા - કચ્છઉદય : બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે. એમ. પટેલ આરોગ્યધામ ખાતે મગજના વિવિધ રોગો તેમજ પાર્કિન્સન (કંપવાની બીમારી) અંગે નિઃશુલ્ક નિદાન અને જાગૃતિ શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં પેહલા દિવસે ૫૬ દર્દીઓથી પણ વધારે દર્દીઓએ પોતાની તપાસ કરવીને આરોગ્યલાભ કેમ્પ નું લાભ લીધો હતો.

શબિરમાં પ્રખ્યાત ન્યુરોલોજિસ્ટ ડો. હેલી શાહ, ડો ચેતસી શાહ, ડો મોનાલિસા તેમની નિષ્ણાત ટીમ દ્વારા દર્દીઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. દર્દીઓને યોગ્ય માર્ગદર્શન, નિદાન અને જરૂરી સલાહ આપવામાં આવી હતી. ઉપરાંત મગજના રોગો, પાર્કિન્સન, તેની સારવાર, દવાઓના નિયમિત સેવન તથા રોજિંદા જીવનમાં કઈ કાળજી રાખવી તે અંગે વિશેષ સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પુષ્કરભાઈ વિષ્ણુદાસ મહેતા, મુંબઈ સ્થિત નાણાવટી હોસ્પિટલના સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો તથા તબીબોનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ડો. હેલી શાહનું સન્માન બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાના હસ્તે, પુષ્કરભાઈ વિષ્ણુદાસ મહેતાનું સન્માન ટ્રસ્ટી હેમંતભાઈ રાંભીયા દ્વારા, ડો. ચેતસી શાહનું સન્માન આરોગ્યધામના ડાયરેક્ટર મુકેશભાઈ દોશીના હસ્તે અને ડો. મોનાલિસા તથા હેમંત મિશ્રાનું પણ સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું..

સેમિનારમાં ઉપસ્થિત દર્દીઓ અને તેમના પરિવારજનોને પાર્કિન્સન તથા અન્ય ન્યુરોલોજીકલ રોગોમાં દવાઓની નિયમિતતા, વ્યાયામ, યોગ્ય આહાર, માનસિક સ્વાસ્થ્ય અને સકારાત્મક જીવનશૈલીના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નિષ્ણાત ડોક્ટરો દ્વારા દર્દીઓને સમજાવવામાં આવ્યું હતું કે યોગ્ય સારવાર અને નિયમિત કાળજી દ્વારા આવા રોગો સાથે પણ સારું અને સ્વસ્થ જીવન જીવવું શક્ય છે. આ પ્રસંગે બિદડા સર્વોદય ટ્રસ્ટના આગેવાનો, ટ્રસ્ટીઓ, આરોગ્યધામના સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં દર્દીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના સફળ આયોજન બદલ ઉપસ્થિત તમામ લોકોએ ટ્રસ્ટ અને તબીબી ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વિશ્વ પર્યાવરણ દિવસે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



મુંબઈ - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે અરઝૂ સ્વાભિમાન નાગરિક સમિતિ દ્વારા દાદર સ્થિત અરઝૂ હોલમાં વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી રામદાસજી આઠવલે, નેતાજી સુભાષચંદ્ર બોઝના ભત્રીજા ચંદ્રકુમાર બોઝ, સમાજસેવક બાબુભાઈ ભવાનજી તેમજ અરઝૂ સ્વાભિમાન નાગરિક સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર મહેતા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન રામદાસજી આઠવલે અને ચંદ્રકુમાર બોઝે ભારતને પ્રદૂષણમુક્ત બનાવવાના સંદેશ સાથે લોકોમાં જાગૃતિ ફેલાવી હતી. તેમણે પર્યાવરણ સંરક્ષણને દરેક નાગરિકની જવાબદારી ગણાવી સ્વચ્છતા અને હરિત અભિયાનમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી હતી. મહાનુભાવોએ અરઝૂ સ્વાભિમાન નાગરિક સમિતિ દ્વારા કરવામાં આવી રહેલા સામાજિક કાર્યોની પ્રશંસા કરી હતી. ખાસ કરીને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા નાગરિકોને તેમના રહેઠાણ સંબંધિત પુરાવા અને કાનૂની દસ્તાવેજો તૈયાર કરવામાં આપવામાં આવતી મદદની નોંધપાત્ર પ્રશંસા કરવામાં આવી હતી. “માઝા ઘર માઝા અધિકાર” યોજના અંતર્ગત સરકાર દ્વારા કરવામાં આવનારા સર્વે દરમિયાન આ દસ્તાવેજો અત્યંત ઉપયોગી સાબિત થશે અને પાત્ર નાગરિકોને સરકારની આવાસ યોજનાઓ હેઠળ ફ્લેટ મેળવવામાં મદદરૂપ થશે.

કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્રના નાગરિકોને આ પહેલનો વધુમાં વધુ લાભ લેવા તેમજ પોતાના તમામ જરૂરી કાનૂની દસ્તાવેજો સમયસર તૈયાર રાખવા અપીલ કરવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણ, સામાજિક જાગૃતિ અને નાગરિક સશક્તિકરણના સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૦૭-૦૬-૨૦૨૬

# ચંદીગઢ ટેસ્ટનો બીજો દિવસ : ભારતની મજબુત પક્કડ

## લંચ સુધીમાં ભારતનો સ્કોર ૪૭૫/૬ : સુંદર-સુથાર અણનમ પાછા ફર્યા; અફઘાનિસ્તાનના સલીમને ૪ વિકેટ



(એજન્સી દ્વારા)

ચંદીગઢ : ભારતે અફઘાનિસ્તાન સામે ચંદીગઢ ટેસ્ટમાં મજબૂત શરૂઆત કરી છે. તેણે પ્રથમ ઈનિંગ્સમાં બીજા દિવસના લંચ બ્રેક સુધી ૬ વિકેટે ૪૭૫ રન બનાવ્યા છે. વોશિંગ્ટન સુંદર ૧૪ અને માનવ સુથાર ૯ રન બનાવીને અણનમ પાછા ફર્યા છે.

આજે રવિવારે મેચનો બીજો દિવસ છે. લંચ બ્રેક પહેલા રિષભ પંત ૮૧ રન બનાવીને આઉટ થયો હતો. તેને હશમતુલ્લાહ શાહિદીએ અઝમતુલ્લાહ ઉમરઝાઈના હાથે કેચ કરાવ્યો હતો. આ પહેલા મોહમ્મદ સલીમે ધ્રુવ જુરેલ (૧૯ રન) અને કેપ્ટન શુભમન ગિલ (૧૨૬ રન) ને આઉટ કર્યા હતા. સલીમ ૪ વિકેટ લઈ ચૂક્યો છે. ટીમ ઈન્ડિયાએ ૩૬૮/૩ ના સ્કોરથી દિવસની શરૂઆત કરી હતી. દિવસના પહેલા સેશનમાં બંને ટીમો બરાબરી પર રહી. ૨૫ ઓવરના આ સેશનમાં ટીમ ઈન્ડિયાએ ૧૦૭ રન બનાવ્યા. સાથે જ અફઘાનિસ્તાને ૩ વિકેટ લીધી. આ સેશનમાં ગિલ ૧૨૬, પંત ૮૧ અને ધ્રુવ જુરેલ ૧૯ રન બનાવીને આઉટ થયા હતા.

આજે મેચના ૯૬મી ઓવરના પમા બોલ પર શુભમન ગિલ ૧૨૬ રન બનાવીને આઉટ થયો. મોહમ્મદ સલીમ સફીનો બેક ઓફ લેન્થ બોલ વધારાના ઉછાળ સાથે બહાર નીકળ્યો. ગિલે ઓફ સાઈડમાં શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટની બહારની કિનારી લઈને વિકેટકીપર અફસર ઝઝાઈના હાથમાં ગયો હતો. આ અગાઉ કેપ્ટન ગિલ અને પંતે ચોથી વિકેટ માટે ૧૫૦ રનની ભાગીદારી કરી હતી. આજે બીજા દિવસની રમત શરૂ થઈ ત્યારે ટીમ ઈન્ડિયાએ ૩૬૮/૩ ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું. ગિલે ૧૦૩ અને પંતે ૫૦ રનથી ઈનિંગ્સને આગળ વધારી હતી.

## ૧૪૯ વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં પહેલીવાર આવુ થયું, કે.એલ.રાહુલના નામે નોંધાયો અનોખો રેકોર્ડ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ક્રિકેટ જગતમાં ‘હંડ્રેડ એન્ડ આઉટ’ વાક્ય ઘણું પ્રખ્યાત છે, જેનો અર્થ થાય છે કે બેટર સદી પૂરી કરીને તરત જ પોતાની વિકેટ ગુમાવી બેસે. પરંતુ હવે આ વાક્ય વૈશ્વિક સ્તરે ભારતીય સ્ટાર બેટર કે.એલ. રાહુલ સાથે જોડાઈ ગયું છે. અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના પહેલા જ દિવસે રાહુલે એક એવો અનોખો વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે, જે ટેસ્ટ ક્રિકેટના ૧૪૯ વર્ષથી વધુના ઈતિહાસમાં કોઈ પણ બેટર ક્યારેય બનાવી શક્યો નથી. શનિવારે ભારતીય ઈનિંગ્સ દરમિયાન ન્યૂ ચંડીગઢની પીચ પર અનુભવી જમણા હાથના ઓપનર કે.એલ. રાહુલે અફઘાન બોલર ઝિયાઉર રહેમાન શરીફીને શાનદાર ફ્લિક શોટ ફટકારીને બે રન લીધા અને પોતાની ટેસ્ટ કારકિર્દીની ૧૨મી સદી પૂરી કરી હતી. સદી પૂરી થતાં જ રાહુલે હંમેશની જેમ હેલ્મેટ ઉતારી, હવામાં હાથ ઊંચા કરીને ખુશી વ્યક્ત કરી હતી. પરંતુ આ ખુશી માત્ર એક બોલ પૂરતી જ સીમિત રહી. સદી પૂરી કર્યા પછીના જ બોલ પર ઝિયાઉર રહેમાને ઓફ-સ્ટમ્પની સહેજ બહાર લુપી હાફ-વોલી બોલ ફેંક્યો. રાહુલે તેને મિડલ કરીને શાનદાર કવર ડ્રાઈવ ફટકાર્યો, જે



જોવામાં એકદમ પરફેક્ટ બાઉન્ડ્રી જેવો લાગતો હતો. જોકે, શોર્ટ કવર પર ફિલ્ડિંગ ભરી રહેલા અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ચિત્તા જેવી ચપળતા બતાવી જમણી બાજુ અદભુત ડાઈવ લગાવીને કેચ પકડી લીધો હતો. આ સાથે જ રાહુલની ૧૬૫ બોલમાં બરાબર ૧૦૦ રનની ઈનિંગનો આશ્ચર્યજનક અંત આવ્યો હતો. આ અનોખી ઈનિંગ સાથે જ કે.એલ. રાહુલે ભારત અને વિશ્વ ક્રિકેટમાં ઘણાં મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં ત્રણ વખત બરાબર ૧૦૦ રન પર આઉટ થનાર કે.એલ. રાહુલ પ્રથમ ભારતીય બેટર બન્યો છે. અગાઉ આ રેકોર્ડ સંયુક્ત રીતે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીના નામે હતો, જેઓ કરિયરમાં બે વાર બરાબર ૧૦૦ રને આઉટ થયા હતા. વિશ્વ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાના સ્ટીવ વો અને ગ્રીમ વુડ ૩-૩ વાર તેમજ ઈંગ્લેન્ડના સર લિયોનાર્ડ હટન ૪ વાર બરાબર ૧૦૦ રને આઉટ થવાનો રેકોર્ડ ધરાવે છે. જોકે આ તમામ દિગ્ગજો અલગ-અલગ સમયે ૧૦૦ રને આઉટ થયા હતા, જ્યારે કે.એ.લ રાહુલે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સતત ત્રણ ઈનિંગ્સમાં બરાબર ૧૦૦ રન બનાવીને આઉટ થવાની અનોખી હેટ્રિક નોંધી છે. આ અવિશ્વસનીય સાતત્યતાએ રાહુલને ક્રિકેટના ઈતિહાસના પાનાઓ પર અમર કરી દીધો છે.

## કેપ્ટન્સી ગઈ, ટીમમાંથી પણ હકાલપટ્ટી છતાં સૂર્યાએ જીત્યું દિલ! શ્રેયસ-વૈભવ માટે ખાસ મેસેજ

(એજન્સી દ્વારા)

મુંબઈ : ભારતને ટી૨૦ વર્લ્ડ કપ જીતાડનારા કેપ્ટન સૂર્યકુમાર યાદવને ભારતીય ટી૨૦ ટીમની કેપ્ટનશીપ પરથી હટાવી દેવામાં આવ્યો છે અને તેના સ્થાને શ્રેયસ અય્યરને નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. જે બાદ સૂર્યકુમાર યાદવે પહેલીવાર પ્રતિક્રિયા આપી છે.



સૂર્યકુમાર યાદવે કહ્યું કે, હું ખુશ છું કે ભારતીય ટી૨૦ ટીમના છેલ્લા ત્રણેય કેપ્ટન મુંબઈના જ રહ્યા છે. મુંબઈ ટી૨૦ લીગમાં ટ્રાયમ્ફ નાઈટ્સ અને સોબો મુંબઈ ફાલ્કન્સ વચ્ચેની મેચના ટોસ દરમિયાન વાત કરતા સૂર્યકુમાર યાદવે શ્રેયસ અય્યરને ટીમમાં વાપસી અને કેપ્ટન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ટીમમાંથી પડતા મૂકાયાના ગણતરીના કલાકોમાં જ સૂર્યાએ મોટું દિલ રાખતા કહ્યું કે, શ્રેયસ માટે ખૂબ જ ખુશ છું કે તે ભારતીય ટી૨૦ ટીમનો કેપ્ટન બન્યો છે. અમે અહીં મુંબઈમાં સાથે રમ્યા છીએ અને એ જાણીને ખુશી છે કે ભારતના છેલ્લા ત્રણ ટી૨૦ કેપ્ટન મુંબઈમાંથી જ આવ્યા છે.

## ફિફા વર્લ્ડ કપ શરૂ થાય તે પહેલાં જ વિવાદોમાં

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આવતાં અઠવાડિયાથી કેનેડા, મેક્સિકો અને અમેરિકાના સંયુક્ત યજમાનપદે ‘ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬’ ની ભવ્ય શરૂઆત થવા જઈ રહી છે. પરંતુ ફૂટબોલની મેચો શરૂ થાય તે પહેલાં જ, આ ટૂર્નામેન્ટ ઈતિહાસના સૌથી મોંઘા આયોજન તરીકે ભારે વિવાદોમાં ઘેરાઈ ગઈ છે.

એક તરફ ટિકિટનાં ભાવ આસમાને પહોંચ્યા છે, તો બીજી તરફ મુસાફરી અને પાર્કિંગના ખર્ચે લોકોનાં હોશ ઉડાવી દીધાં છે. આ સિવાય અમેરિકાનાં ટ્રમ્પ વહીવટીતંત્રની કડક ઈમિગ્રેશન નીતિઓના ડરથી ઘણાં વિદેશી ચાહકોએ મેચ જોવા આવવાનો પ્લાન જ રદ કરી દીધો છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે




**ટિકિટનાં ભાવ લાખોમાં, મુસાફરી ભાડામાં ૭ ગણો તોતિંગ વધારો : કમાણી ફિફાના ખાતામાં અને આયોજનનો તોતિંગ ખર્ચ શહેરોનાં માથે ; ટ્રમ્પ વહીવટીતંત્રની ઇમિગ્રેશન નીતિના ડરે ચાહકોમાં નારાજગી**

મોંઘવારીના કારણે આ મોટો ઉત્સવ વિવાદનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે.

ફિફાએ આ વર્ષે ટૂર્નામેન્ટમાં પહેલીવાર ‘ડાયનેમિક પ્રાઈસિંગ‘ (જેમ માંગ વધે તેમ ભાવ વધે તેવી પદ્ધતિ) નો નિયમ લાગું કર્યો છે. ફિફાના જણાવ્યાં અનુસાર, ટિકિટનાં વેચાણનાં પ્રથમ તબક્કામાં જ અડધાં અબજ ૫૦ કરોડથી વધુ લોકોએ ટિકિટ માટે વિનંતી કરી હતી. આ અભૂતપૂર્વ માંગના કારણે ટિકિટોના ભાવ એટલાં વધી ગયા છે કે બ્લેક માર્કેટ કે રીસેલમાં તેના ભાવ લાખો રૂપિયા સુધી પહોંચી રહ્યાં છે.

માત્ર ટિકિટ જ નહીં, પણ યજમાન શહેરો સ્ટેડિયમ સુધી જવા માટે પ્રવાસીઓ પાસેથી મોટો ચાર્જ વસૂલી રહ્યાં છે. ઉદાહરણ તરીકે, ન્યુ યોર્ક વિસ્તારનાં મેટલાઈફ સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમાવાની છે. ત્યાં જવા માટે ‘ન્યુ જર્સી ટ્રાન્ઝિટ’ ટ્રેન કે બસની ટિકિટ સામાન્ય દિવસોમાં માત્ર ૧૩ આશરે રૂ.૧,૧૦૦ હોય છે, જે વર્લ્ડ કપ દરમિયાન વધારીને સીધી ૯૮ આશરે રૂ.૮,૨૦૦ કરી દેવામાં આવી છે.

## ‘મારે ફક્ત રમવું નથી પણ ૨૦ વર્ષ સુધી ક્રિકેટ જગત પર રાજ કરવું છે...’, વૈભવ સૂર્યવંશીનો હુંકાર




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ માં બેટિંગથી ધમાકો મચાવનારા અને તાજેતરમાં જ ભારતીય ટી-૨૦ ટીમમાં પસંદગી પામેલા ડાબોડી યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. રાજસ્થાન રોયલ્સ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક ખાસ ઈન્ટરવ્યૂના પ્રોમોમાં વૈભવ સૂર્યવંશીએ હુંકાર ભરતા જણાવ્યું છે કે, તે ક્રિકેટના મેદાન પર ફક્ત રમવા માટે નથી આવ્યો, પરંતુ આગામી બે દાયકા (૨૦ વર્ષ) સુધી વર્લ્ડ ક્રિકેટ પર પ્રભુત્વ જમાવવા માટે આવ્યો છે. આઈપીએલ ૨૦૨૬ ના ફાઈનલ મેચ બાદ વૈભવે ટીમ મેનેજર રોમી ભિન્ડરને આપેલા ઈન્ટરવ્યૂમાં દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલી સાથેની મુલાકાતનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. વૈભવે ભાવુક થતા કહ્યું, “જ્યારે વિરાટ ભૈયાએ આવીને મારા ખભા પર હાથ મૂક્યો, ત્યારે મને ખરેખર એવું લાગી રહ્યું હતું કે મારું કોઈ મોટું સપનું પૂરું થઈ ગયું છે. તે પળ મારા માટે અવિસ્મરણીય હતી.” ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવીને ‘ઓરેન્જ કેપ’ જીતવા અંગે વૈભવે રસપ્રદ વાત શેર કરી હતી.

## અફઘાનિસ્તાન બાદ વિરાટ કોહલી ઇંગ્લેન્ડ સામેની વન-ડે શ્રેણીમાંથી પણ બહાર થઈ શકે

(એજન્સી દ્વારા) નવી દિલ્લી : ભારતીય દિગ્ગજ વિરાટ કોહલી અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે, જેના કારણે ચાહકો નિરાશ થયા છે. પરંતુ હવે, વધુ એક સમાચારે લોકોને આશ્ચર્યચકિત કર્યા છે. એક અહેવાલ સામે આવ્યો છે કે, કોહલી ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાંથી પણ બહાર થઈ શકે છે. કોહલી હેમસ્ટ્રિંગ ઈજાને કારણે અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાંથી બહાર છે.

અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આ ઈજા તેને ઓછામાં ઓછા છ અઠવાડિયા સુધી રમતથી દૂર રાખી શકે છે. પરિણામે, તે ૧૪ જુલાઈથી બર્મિંગહામમાં શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની



શ્રેણી ગુમાવી શકે છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે, “કોહલીએ પોતાની ઈજા અંગે મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલના પ્રખ્યાત ઓર્થોપેડિક સર્જન ડો. દિનશા પારડીવાલાની ફોન પર સલાહ લીધી હતી. તેમણે તેમનું સ્કેન કરાવ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમને સ્નાયુ ફાટી ગયા છે. આ ઈજાને સર્જરીની જરૂર નથી. તેને સાજા થવામાં લગભગ છ અઠવાડિયા લાગશે, જેમાં બેંગલુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રિહેબિલિટેશનનો પણ સમાવેશ થશે.”

બીજી તરફ, રોહિત શર્માનો પણ ફિટનેસ ટેસ્ટ થશે. અફઘાનિસ્તાન સામેની શ્રેણી પહેલા ફિટનેસ ટેસ્ટ માટે તે ૮ જૂને બેંગલુમાં સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિપોર્ટ કરે તેવી અપેક્ષા છે. રોહિતને શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ તેની ભાગીદારી સંપૂર્ણપણે ફિટનેસ ટેસ્ટના પરિણામો પર નિર્ભર રહેશે.

## કોહલીની જગ્યાએ ટીમ ઈન્ડિયામાં ‘સેન્ચુરી કિંગ‘ની એન્ટ્રી! રોહિત-હાર્દિકની ફિટનેસ પર સસ્પેન્સ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ની ધમાકેદાર ફાઈનલ પૂરી થયા બાદ સ્ટાર ખેલાડી વિરાટ કોહલી ઈજાગ્રસ્ત થયો છે. એવામાં આગામી ૧૩ જૂનથી અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી ૩ મેચોની વનડે સિરીઝમાંથી વિરાટ કોહલી ઈજાના કારણે બહાર થઈ ગયો છે. કિંગ કોહલીની જગ્યાએ હવે ટીમમાં વિસ્ફોટક યુવા બેટર યશસ્વી જયસ્વાલની એન્ટ્રી થઈ છે. બીજી તરફ, કેપ્ટન રોહિત શર્મા અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા રમશે કે નહીં, તેનો નિર્ણય તેમના ફિટનેસ ટેસ્ટના રિપોર્ટ પર આધાર રાખશે. વિરાટ કોહલી, જે હવે માત્ર વનડે




ફોર્મેટમાં જ ભારત તરફથી રમે છે, તે આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ સામે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને જીતાડવા માટે મેદાનમાં ઝઝૂમી રહ્યો હતો. તેને અણનમ ૭૫ રનની મેચ વિનિંગ ઈનિંગ રમીને પોતાની ટીમને ચેમ્પિયન બનાવી હતી, પરંતુ આ મેચ દરમિયાન જ તેની જમણી હેમસ્ટ્રિંગ એટલે કે પગના સ્નાયુની ઈજા ગંભીર બની ગઈ હતી. આ ઈજા વધી જવાના કારણે જ તેને અફઘાનિસ્તાન સામેની સિરીઝ ગુમાવવી પડી છે. મુંબઈમાં બીસીસીઆઈ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ચીફ સિલેક્ટર અજીત અગરકરે કોહલીની ઈજા પર મોટું અપડેટ આપતા જણાવ્યું છે કે, આઈપીએલ ફાઈનલમાં વિરાટને ઈજા થઈ તેને હજી એક અઠવાડિયા જેટલો જ સમય થયો છે. ફિઝિયો તરફથી હજી સુધી કોઈ ચોક્કસ ટાઈમલાઈન મળી નથી, તેથી આ કોઈ ફાઈનલ સ્ક્વોડ નથી. જોકે, એવી આશા છે કે વિરાટ જુલાઈમાં ઈંગ્લેન્ડ સામે રમાનારી વનડે સિરીઝ સુધીમાં સંપૂર્ણ ફિટ થઈ જશે.

## શૂટિંગ દરમિયાન કો-સ્ટારે સરહદો ઓળંગી, પણ પતિએ આ રીતે આપ્યો સાથઃ પ્રિયા બાપટેનો ખુલાસો

(એજન્સી દ્વારા)

મુંબઈ : મરાઠી સિનેમા અને ડિજિટલ પ્લેટફોર્મની જાણીતી અભિનેત્રી પ્રિયા બાપટે તાજેતરમાં જ પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસોનો એક અત્યંત અસ્વસ્થ કરનારો અનુભવ શેર કર્યો છે. તેણે જણાવ્યું કે કેવી રીતે એક ફિલ્મના શૂટિંગ દરમિયાન તેના કો-સ્ટારે વ્યાવસાયિક મર્યાદાઓ ઓળંગી દીધી હતી અને સેટની બહાર પણ અયોગ્ય એડવાન્સિસ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મુશ્કેલ સમયમાં તેના પતિ અને અભિનેતા ઉમેશ કામતે આગળ આવીને સ્થિતિ સંભાળી હતી. ‘ફિલ્મફેર’ સાથેની વાતચીતમાં પ્રિયાએ જણાવ્યું કે, આ ઘટના તેની શરૂઆતની એક ફિલ્મ દરમિયાન બની હતી, જ્યારે તે ‘સિટી ઓફ ડ્રીમ્સ‘ અને



હતા કે વાર્તાની દ્રષ્ટિએ આ દ્રશ્ય કેટલું યોગ્ય છે. આખરે, એક યુવા કલાકાર તરીકે પોતાની મર્યાદાઓમાંથી બહાર આવવા માટે તે આ દ્રશ્ય કરવા સંમત થઈ હતી. જો કે, શૂટિંગ દરમિયાન સ્થિતિ બદલાઈ ગઈ. પ્રિયાએ આરોપ લગાવ્યો કે, ગીતના શૂટિંગ દરમિયાન તેના કો-સ્ટારે નક્કી કરાયેલા અને રિહર્સલ કરેલા દ્રશ્યોથી આગળ વધીને પોતાની મર્યાદાઓ તોડી હતી. પ્રિયાએ તે પળોને યાદ કરતા કહ્યું, “તે ગીતમાં અભિનેતા સતત અયોગ્ય સુધારાઓ કરી રહ્યો હતો અને મને કિસ કરતો રહ્યો. તે સમયે મને સમજ નહોતી પડતી કે આવી સ્થિતિમાં મારે પોતાની જાત માટે કેવી રીતે સ્ટેન્ડ લેવો, કારણ કે હું ખૂબ જ અસમંજસમાં હતી. અભિનેત્રીએ જણાવ્યું કે, આ અસ્વસ્થતા માત્ર શૂટિંગના કેમેરા બંધ થવા સાથે સમાપ્ત નહોતી થઈ. બંને કલાકારો ભોપાલની એક જ હોટલમાં રોકાયા હતા. વારંવાર ના પાડવા છતાં, તે કો-સ્ટાર તેને બ્રેકફાસ્ટ કે ડિનર માટે મળવા માટે સતત દબાણ કરતો રહ્યો, જેના કારણે પ્રિયા ભારે માનસિક તણાવમાં આવી ગઈ હતી.

## દીપિકાના કારણે અલ્લુ અર્જુનની રાકાનું શૂટિંગ અટકી પડયું




(એજન્સી દ્વારા) મુંબઈ : દીપિકા પદુકોણે તારીખો નહિ આપી હોવાથી અલ્લુ અર્જુન સાથેની તેની ફિલ્મ ‘રાકા’નું શૂટિંગ અટકી પડયું હોવાનું કહેવાય છે. ડાયરેક્ટર એટલીએ કંટાળીને અન્ય કલાકારો તથા ક્રૂ મેમ્બર્સને નવી તારીખો એડજેસ્ટ કરવા કહેવું પડયું છે. આ મહિને ફિલ્મનાં કેટલાંક એક્શન દ્રશ્યોનું શૂટિંગ થવાનું હતું. પરંતુ, દીપિકાએ હજુ સુધી પોતાની તારીખો કન્ફર્મ કરી નથી. આથી, આ મહિનાનું સમગ્ર શિડયૂલ ખોરવાયું છે. આ મહિને ફિલ્મમાં દીપિકાનો લૂક પ્રગટ થવાનો હતો પરંતુ હવે તે પણ શક્ય નહીં બને. ઉલ્લેખનીય છે કે દીપિકાએ તાજેતરમાં પોતાની બીજી પ્રેગનન્સી એનાઉન્સ કરી છે. આ ઉપરાંત તે શાહરુખ ખાનની ‘કિંગ‘ ફિલ્મનાં શૂટિંગમાં પણ વ્યસ્ત છે. તેને કારણે તેનું પોતાનું શિડયૂલ પણ ખોરવાઈ ચૂક્યું છે.

## પેદ્દી ફિલ્મમાં જાહ્નવીનાં અશ્લીલ ચિત્રણથી ચાહકો નારાજ

(એજન્સી દ્વારા)

મુંબઈ : રામ ચરણ અને જાહ્નવી કપૂરની ‘પેદ્દી’ ફિલ્મ રીલિઝ થયા બાદ જાહ્નવીનો લૂક જોઈ દર્શકો બળાપો કાઢી રહ્યો છે. દર્શકોની ફરિયાદ છે કે જાહ્નવીને બહુ ભદ્દી અને અશ્લીલ રીતે દર્શાવાઈ છે. ફિલ્મમાં તેનાં પાત્રનું કોઈ ખાસ મહત્વ પણ નથી.

આ ફિલ્મ દ્વારા રામચરણને પોતે રાષ્ટ્રીય સ્તરે હિરો તરીકે છવાઈ જશે તેવી અપેક્ષા હતી. પરંતુ, સમગ્ર ઉત્તર ભારતમાં ફિલ્મ પહેલા જ દિવસે ફલોપ થઈ ગઈ હતી. ટિકિટબારી પર કાગડા ઉડતા જોવા મળ્યા હતા અને થિયેટર ઓક્યુપેન્સી માંડ ૧૦થી ૧૨ ટકા રહી હતી. ફિલ્મ માત્ર તેલુગુ સર્કિટમાં જ ચાલી હોવાનું કહેવાય છે. ફિલ્મમાં જાહ્નવીને કોઈ ચીજવસ્તુની જેમ રજૂ




કરવામાં આવી છે.માત્ર ને માત્ર તેના દૈહિક સૌંદર્ય પર જ કેમેરો ફોકસ કરાયો છે. જાહ્નવીએ આવો રોલ શા માટે સ્વીકાર્યો તે અંગે પણ ચાહકો સવાલ ઉઠાવી રહ્યા છે. કેટલાક લોકોએ સેન્સર બોર્ડની નજરમાંથી આ દ્રશ્યો કેમ નીકળી ગયાં તેવો પણ સવાલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ચર્ચા મુજબ જાહ્નવીને આ ફિલ્મમાં બહુ મોટા અને દમદાર રોલનું વચન અપાયું હતું. પરંતુ, રીલિઝ પહેલાં જ ફિલ્મના વર્ઝનને જોઈ જાહ્નવી ભારે નારાજ થઈ હતી. તેણે ફિલ્મના પ્રમોશનમાં પણ ભાગ લેવા ઈનકાર કરી દીધો હતો. જોકે, નિર્માતાએ કરારનો અમલ કરવા આગ્રહ રાખતાં જાહ્નવી પ્રમોશન માટે તૈયાર થઈ હતી.

## બાળકો પ્રકૃત્તિમાં જઈને જ પ્રકૃતિ પ્રેમ શીખી શકશે : દિયા મિર્ઝા

(એજન્સી દ્વારા)

મુંબઈ : એક્ટર અને યુએન એન્વાયર્નમેન્ટ ગૂડવિલ એમ્બેસેડર દિયા મિર્ઝાએ એક્ટર અને લેખિકા સોહા અલી ખાન સાથે એક એન્વાયર્નમેન્ટ ડે નિમિત્તે એક ખાસ પોડકાસ્ટ કરી હતી. તેમાં બાળકોના ઉછેર વ્યક્તિગત મુલ્યો અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓ વિશે પણ વાતો કરી હતી. દિયા અને સોહાએ ચર્ચા કરી હતી કે કઈ રીતે માતા બન્યાં પછી તેમનો કુદરત સાથેનો નાતો ઘડાયો અને તેમના મુલ્યો તેમના બાળકો સુધી પહોંચશે. દિયાએ કહ્યું, “મને લાગે છે તમે જ્યારે માતા બનો છો ત્યારે તમારામાં ઘણું મોટું પરિવર્તન આવે છે. તમે દરેક ક્ષણ માટે બહુ જીવંત અને



જાગૃત થઈ જાઓ છો. આવ્યાન જન્મ્યો એના બહુ પહેલાંથી હું પર્યાવરણ માટે બહુ જાગૃત હતી, પરંતુ એ આવ્યો પછી એ ભાવના વધુ બહાર આવવા લાગી. મને નથી લાગતું કે આપણે જ્યાં સુધી બાળકને પ્રકૃત્તિમાં લઈ જઈશું ત્યાં સુધી તે કુદરતને પ્રેમ કરવાનું, સન્માન કરવાનું અને તેની કાળજી લેવાનું શીખી શકશે. આવ્યાન પક્ષીઓના ગીતો વચ્ચે, પતંગિયા અને માખીઓ જોતાં જાગે છે.

## બોલિવૂડને પહેલી ૧૦૦ કરોડની ફિલ્મ આપનાર અસીન હવે શું કરે છે

(એજન્સી દ્વારા)

મુંબઈ : મનોરંજન જગતમાં જ્યાં કલાકારો દાયકાઓ સુધી પોતાનું સ્થાન જાળવી રાખવા સંઘર્ષ કરે છે, ત્યાં એક એવી અભિનેત્રી પણ છે જેણે પોતાની કારકિર્દીના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા બાદ ગ્લેમરની દુનિયાને હંમેશા માટે અલવિદા કહી દીધું હતું. બોલિવૂડને તેની સૌપ્રથમ ૧૦૦ કરોડની બ્લોકબસ્ટર ફિલ્મ આપનાર અભિનેત્રી અસીન થોટ્ટુમકલ આજે ક્યાં છે અને શું કરી રહી છે, તે ભારતીય સિનેમાના ચાહકો માટે હંમેશાં એક રસપ્રદ વિષય રહ્યો છે.

માત્ર ૧૫ વર્ષની ઉંમરે ફિલ્મી દુનિયામાં પગલાં રાખનાર અસીને ટૂંક સમયમાં જ તમિલ, તેલુગુ અને



મલયાલમ સિનેમામાં પોતાનો દબદબો જમાવ્યો હતો. તેણે મહેશ બાબુ, વિજય અને સુર્યા જેવા દક્ષિણ ભારતના સુપરસ્ટાર્સ સાથે કામ કર્યું. વર્ષ ૨૦૦૮માં આમિર ખાન સાથેની ફિલ્મ ‘ગજની’ દ્વારા તેણે બોલિવૂડમાં પ્રવેશ કર્યો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનો આંકડો પાર કરનારી પ્રથમ હિન્દી ફિલ્મ બની, જેમાં ‘કલ્પના’ના પાત્રએ અસીનને રાતોરાત દેશભરમાં જાણીતી બનાવી દીધી.

### વર્તમાન જીવનઃ લાઇમલાઇટથી દૂર એક ખાનગી દુનિયા

આજે અસીન કેમેરા અને સોશિયલ મીડિયાની ઝાકઝમાળથી સંપૂર્ણપણે દૂર એક અત્યંત ખાનગી જીવન જીવી રહી છે. ૨૦૧૭માં પુત્રી અરિનના જન્મ બાદ તે પોતાના માતૃત્વ અને પારિવારિક જવાબદારીઓમાં વ્યસ્ત છે. જાન્યુઆરી ૨૦૨૬માં આ દંપતીએ તેમના લગ્નની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. આ પ્રસંગે રાહુલ શર્માએ સોશિયલ મીડિયા પર તેમના લગ્નની કેટલીક અદ્રશ્ય તસવીરો શેર કરતા અસીનને પોતાના જીવનની ‘કો-ફાઉન્ડર’ ગણાવી હતી અને લખ્યું હતું કે, “તે મારા જીવનની દરેક મહત્ત્વની બાબતની શાનદાર કો-ફાઉન્ડર છે, અને હું ભાગ્યશાળી છું કે મને તેના જીવનમાં સહ-કલાકાર તરીકે પસંદ કરવામાં આવ્યો. અસીનને રૂપેરી પડદેથી દૂર થયાને એક દાયકાથી વધુ સમય વીતી ગયો હોય, પરંતુ તેણે હિન્દી અને દક્ષિણ ભારતીય સિનેમામાં ભજવેલા યાદગાર પાત્રોને કારણે તે આજે પણ દર્શકોના હૃદયમાં જીવંત છે. મોટા પડદા પર તેની વાપસીની અટકળો વચ્ચે, તે પોતાના શાંત અને પારિવારિક જીવનથી સંપૂર્ણપણે સંતુષ્ટ જણાય છે.

## આમિર ખાન ગૌરી સાથે ત્રીજા લગ્ન કરશે, તારીખ જાહેર કરી



(એજન્સી દ્વારા)

મુંબઈ : છેલ્લા કેટલાક મહિનાથી પોતાનાં સંબંધને ખાનગી રાખ્યા બાદ, સુપરસ્ટાર આમિર ખાને હવે તેનાં આવનારાં લગ્ન અંગે ચાલી રહેલી અટકળોને સત્તાવાર રીતે સમર્થન આપ્યું છે અને લગ્નની તારીખ પણ જાહેર કરી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી આમિર ખાનના વ્યક્તિગત જીવનને લઈને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા ચાલી રહી હતી. વિવિધ અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે ત્રીજી વખત લગ્ન કરવાની તૈયારીમાં છે. આમિરે અગાઉ ગૌરી સ્પ્રત સાથે લગ્ન અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપી નહોતી. પણ હવે તેણએતમામ અફવાઓનો અંત લાવી દીધો છે. અગાઉના અહેવાલો અનુસાર, આમિર ખાન અને ગૌરી ૫ જુલાઈએ એક ખાનગી કોર્ટ મેરેજ કરવાની યોજના બનાવી રહ્યાં હતાં. લગ્ન સમારોહ વિશે વધુ વિગતો જાહેર કર્યા વિના આમિરે આ અહેવાલોની ખાતરી આપી દીધી છે.

# માધાપરના યક્ષ મંદિરમાં યોજાયેલા મેળાનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો



## જૈન સમાજની મહિલાઓ દ્વારા કરાયું હતું આયોજન : લક્કી ડ્રોમાં ઈનામો અપાયા

ભુજ - કચ્છઉદય : સમસ્ત જૈન સમાજ માધાપર વુમન વિંગ્સ દ્વારા યક્ષ મંદિરના વિશાળ પ્રાંગણમાં ગ્રાન્ડ ફંડ ફેર ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મુખ્ય દાતા તારાચંદભાઈ જગશીભાઈ છેડા પરિવારના હંસાબેન છેડા, સમસ્ત જૈન સમાજ માધાપરના પ્રમુખ હિતેશભાઈ ખંડોર, વુમન વિંગ્સના કન્વીનર ભાવનાબેન મહેતા, સમસ્ત જૈન સમાજ માધાપરના ઉપપ્રમુખ વસંતલાલ સ્વરૂપચંદ ભાભેરા, જગશીભાઈ ચત્રભુજભાઈ મહેતા, મહામંત્રી સંજયભાઈ રમણીકલાલ મહેતા, મંત્રીઓ સુરેશભાઈ શાંતિલાલ મહેતા, પ્રકાશભાઈ વેલજીભાઈ શાહ, નિતીન વર્ધીલાલ મહેતા, ખજાનચી મહેશભાઈ ભગવાનજી ખંડોર, કેતનભાઈ શાહ વગેરે પદાધિકારી તથા વુમન વિંગ્સના હોદ્દેદારો દ્વારા રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવ્યો હતો, જેમાં સાથે માધાપર, ભુજ, વર્ધમાનનગરના ૩૦૦૦થી વધારે સંખ્યામાં જૈન સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સન્માન સમારંભમાં હંસાબેન છેડા અને હિતેશભાઈ ખંડોરે પાઘડી સાલ દ્વારા સન્માનિત કર્યા હતા. મંચસ્થ સ્મિતભાઈ ઝવેરી (અધ્યક્ષ જૈન સાત સંઘ ભુજ), કમલેશભાઈ સંઘવી (જૈન અગ્રણી), નરેશભાઈ શાહ (ટ્રસ્ટી, જખ બૌતેરા સંઘ માધાપર), ચીમનભાઈ ગમારા (ટ્રસ્ટી જખ બૌતેરા સંઘ માધાપર), ભરતભાઈ મહેતા (ચેરમેન, લાયન્સ હોસ્પિટલ), મહેન્દ્રભાઈ મોરબીયા (ફાઉન્ડર ચેરમેન બીએમસીબી), સપન ભરતભાઈ (એ.ડી. મહેતા), રાહુલભાઈ મહેતા (અધ્યક્ષ, વર્ધમાન નગર એસોસિએશન), રોહિતભાઈ શાહ (સરપંચ, ભુજોડી વર્ધમાન નગર), ધીરેનભાઈ લાલન (પૂર્વ કાઉન્સિલર) વગેરેનું હોદ્દેદારોએ સાલ બુકેથી સન્માનિત કર્યા હતા.

કાર્યક્રમના દાતાઓમાં મુખ્ય દાતા તારાચંદભાઈ જગશીભાઈ છેડા હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર, સહમુખ્ય દાતા પ્રાણલાલ હંસરાજ શાહ પરિવાર (દિપક ચા), બી.એમ.સી.બી. બેંક, ગેમઝોન દાતા મીનાબેન ભરતભાઈ મહેતા (એ.ડી. મહેતા પરિવાર), સહયોગી દાતા નિર્મળાબેન નાનાલાલભાઈ વોરા, નિરવભાઈ શાહ (પી.સી. શાહ), ભારતીબેન ભાઈલાલ શેઠ પરિવાર, ભરતભાઈ ચંદુલાલ ગાંધી પરિવાર, સુરેશભાઈ શાંતિલાલ મહેતા, ડૉ. બી.બી. મહેતા પરિવાર, પ્રકાશભાઈ વેલજીભાઈ શાહ, રાહુલભાઈ મહેતા, હિંમતલાલ માવજી ખંડોર, અરિહંત ગ્રુપ - ગાંધીધામ, લક્ષ્મીબેન વર્ધીલાલ મહેતા પરિવાર, કમળાબેન રમણીકલાલ મહેતા પરિવાર, નેમચંદ પ્રાગજી મહેતા પરિવાર, વિમળાબેન વસંતલાલ ભાભેરા, રોનિતભાઈ શાહ (સરપંચ, ભુજોડી) રહ્યા હતા.

સમસ્ત જૈન સમાજના અધ્યક્ષ હિતેશભાઈ ખંડોરે જણાવ્યું હતું કે, માધાપર વુમન વીંગ્સ દ્વારા સમગ્ર કચ્છના જૈન સમાજ માટે આવું ભવ્ય આયોજન કરી જૈન સમાજની એકતાના દર્શન કરાવ્યા હતા. નારી તું નારાયણીનું સૂત્ર સાર્થક કરી નારી ધારે તો સમાજનું દરેક કાર્ય એકલા બળથી કરી શકે છે જે માધાપરની જૈન સમાજની મહિલા શક્તિએ પુરવાર કરી બતાવ્યું છે. સંચાલન મહામંત્રી સંજયભાઈ મહેતાએ કર્યું હતું

કાર્યક્રમમાં જૈન સમાજની બહેનો દ્વારા વિવિધ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ઉપરાંત ગેમ ઝોન, ફૂડ સ્ટોલ લાઈવ ઓકેસ્ટ્રા, બાળકો માટે જમ્પિંગ જેવા મનોરંજન સેલ્ફી પોઈન્ટ ટેટુ વગેરે મુખ્ય હતા. યુવક મંડળ દ્વારા સ્ટેશનરી નો સ્ટોલ પણ રાખવામાં આવ્યો હતો. સાથે લકી ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વોશિંગ મશીન, ઘરઘંટી, સફારી બેગ જેવા વિવિધ ઈનામો આપવામાં આવ્યા હતા જેનું સંચાલન જૈન સમાજ મંત્રી સુરેશ મહેતાએ કર્યું હતું.

# કચ્છના પનોતા પુત્ર દિનેશ ત્રિવેદીએ બાંગ્લાદેશમાં ભારતના હાઈ કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : મૂળ કચ્છના વતની અને અનુભવી રાજકારણી દિનેશ ત્રિવેદી હવે બાંગ્લાદેશમાં ભારતના નવા હાઈ કમિશનર તરીકેની મહત્વની જવાબદારી સંભાળશે. ૫ જૂનના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને બાંગ્લાદેશ માટે ભારતના હાઈ કમિશનર તરીકેના નિમણૂક પત્રો સોંપ્યા છે. ઢાકામાં ભારતીય હાઈ કમિશને આ માહિતી આપતા જણાવ્યું હતું કે, દિનેશ ત્રિવેદી ટૂંક સમયમાં જ બાંગ્લાદેશમાં તેમનો કાર્યભાર સંભાળીને ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોને વધુ નવી ઊંચાઈઓ પર લઈ જશે. નવી નિમણૂક પહેલાં, દિનેશ ત્રિવેદીએ ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે મુલાકાત કરી હતી. આ બેઠક ભારત-બાંગ્લાદેશ વચ્ચેના સંરક્ષણ સંબંધો, સરહદી સુરક્ષા અને સૈન્ય સહયોગને વધુ મજબૂત કરવાના હેતુથી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



દિનેશ ત્રિવેદીનો વહીવટી અને રાજકીય અનુભવ ખૂબ જ વિશાળ છે. તેઓ ૨૦૧૧થી ૨૦૧૨ દરમિયાન દેશના રેલવે મંત્રી અને ૨૦૦૯થી ૨૦૧૧ દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. ૨૦૦૯થી ૨૦૧૯ સુધી બરાકપુર મતવિસ્તારમાંથી લોકસભાના સાંસદ રહેલા દિનેશ ત્રિવેદી ૨૦૨૧માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. કચ્છના એક પ્રતિષ્ઠિત વ્યક્તિની આટલી ઉચ્ચ કક્ષાની રાજદ્વારી નિમણૂકથી સમગ્ર કચ્છમાં ગર્વની લાગણી પ્રસરી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે તેમને સત્તાવાર રીતે લેટર ઓફ ક્રેડેન્સ (વિશ્વાસપત્ર) અર્પણ કરવામાં આવ્યું હતું. લેટર ઓફ ક્રેડેન્સ એ એવો મહત્વપૂર્ણ રાજદ્વારી દસ્તાવેજ છે, જેના દ્વારા ભારત સરકાર સંબંધિત દેશને જાણ કરે છે કે નિયુક્ત અધિકારી ભારતનું સત્તાવાર પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત છે.

આંતરરાષ્ટ્રીય રાજદ્વારી વ્યવસ્થામાં આ પ્રક્રિયાને વિશેષ મહત્વ આપવામાં આવે છે અને તે બે દેશો વચ્ચેના સત્તાવાર સંબંધોના પ્રતીક તરીકે માનવામાં આવે છે.

# અધિક માસમાં ૬૮૦ વડીલો માટે ભવ્ય શ્રવણ તીર્થયાત્રાનો પ્રારંભ

**માંડવી-મુંદરાથી દ્વારકા, સોમનાથ સહિતના પવિત્ર ધામોની ચાર દિવસીય યાત્રા આજે રવાના થશે**

માંડવી - કચ્છઉદય : અધિક માસના પાવન અવસરે માંડવી વિધાનસભા વિસ્તાર દ્વારા વડીલો માટે વિશેષ શ્રવણ તીર્થ યાત્રા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છમાં પ્રથમ વખત આટલા મોટા પાયે આયોજિત થતી આ યાત્રામાં ૬૮૦ યાત્રાળુઓ ભાગ લઈ રહ્યા છે. તા. ૭ જૂનની રાત્રે માંડવી અને મુંદરા ખાતે આવેલા ધારાસભ્ય કાર્યાલયોથી ૧૧ બસો અને ૬ અન્ય વાહનો મારફતે યાત્રાળુઓને પવિત્ર તીર્થધામોની મુલાકાત માટે રવાના કરવામાં આવશે.

માંડવીના ધારાસભ્ય તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેએ જણાવ્યું હતું કે, સરકારની શ્રવણ તીર્થ યાત્રા યોજનાના લાભ સાથે અધિક માસ દરમિયાન વડીલોને ધાર્મિક અને આધ્યાત્મિક અનુભવ મળી રહે તે હેતુથી આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. યાત્રા દરમિયાન યાત્રાળુઓ દ્વારકા, ઓખા, બેટ દ્વારકા, નાગેશ્વર જ્યોતિર્લિંગ, હરસિદ્ધિ માતાજી, સોમનાથ મહાદેવ, વિરપુર જલારામ મંદિર, સારંગપુર હનુમાનજી અને ચોટીલા ચામુંડા માતાજી જેવા પ્રસિદ્ધ તીર્થસ્થાનોના દર્શન કરશે.

ભાજપ અગ્રણી અમૂલભાઈ દેઢિયાએ જણાવ્યું હતું કે, વિધાનસભા સ્તરે આ પ્રકારની સુવ્યવસ્થિત અને વિશાળ તીર્થયાત્રાનું આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું છે. યાત્રામાં કુલ ૬૮૦ યાત્રાળુઓમાંથી ૨૩૦ ગંગાસ્વરૂપ બહેનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ આયોજનની વિશેષતા ગણાય છે. યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને સમગ્ર પ્રવાસ દરમિયાન બે વખત ચા, બે વખત ભોજન તેમજ રહેવાની સગવડ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. યાત્રા તા. ૭ જૂનથી શરૂ થઈ તા. ૧૦ જૂને પૂર્ણ થશે. ચાર દિવસીય આ યાત્રા દરમિયાન વડીલોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકો અને વિવિધ સમિતિઓ પણ કાર્યરત રહેશે. આ સમગ્ર આયોજન ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આયોજનની જવાબદારીમાં અમૂલભાઈ દેઢિયા, પંકજ રાજગોર, પ્રણવ જોશી, ભાવેશ સાધુ, હિતેશ કન્નડ, તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવી, શક્તિસિંહ જાડેજા, શહેર ભાજપ પ્રમુખ દર્શનગિરિ ગોસ્વામી તથા અરવિંદભાઈ પટેલ સહિતના કાર્યકરો અને આગેવાનો વિવિધ સમિતિઓ મારફતે સક્રિયપણે જોડાયા છે.

# ઉધમા ગામના લોકો એક એક ટીપા પાણી માટે મારતા વલખા

**ભુજ તાલુકાના બન્ની - પચ્છમમાં પાણી રાડ વચ્ચે બહેનો કિલોમીટર દુર સુધી પાણી ભરવા જવા માટે મજબૂર : વિકાસની વાતો વચ્ચે ગામમાં એક ટીપું પાણી મેળવવું પણ બન્યું મુશ્કેલ**



ભુજ – કચ્છ ઉદય : તાલુકાના ઉધમા ગામે એક એક ટીપા માટે બહેનો ઘરથી બેડાં લઈને સવારથી સાંજ સુધી માઈલો સુધી જાય છે અને પાણી માટે વલખા મારે છે, છતાં ઘરમાં ચૂલો સળગે એટલું પાણી પણ મળતું નથી. અગ્રણી જત મામદખાને જણાવ્યું હતુ કે, ગામમાં અવાડા તો છે પણ પાણી ન આવવાના કારણે ખાલીખમ ભાષી રહ્યા છે, જેના કારણે મુંગા પશુઓ નિશાસા નાખીને પરત ફરી રહ્યા છે. તો લોકોને પીવાના પાણી માટે બહેનોને બેડા લઈને માઈલો સુધી ચાલીને જઈને પાણી ભરવા માટે જાય છે, ત્યાં પણ પાણી મળી રહ્યું નથી. ઉનાળાના આકરા તાપમાં ઉધમા ગામમાં સાવ પાણીની તંગી છે. નળ છે પણ પાણી નથી, બોર છે પણ તળ સુકાયા છે. સરકારી ટેન્કર ગામ સુધી પહોંચતા નથી. વૃદ્ધો તરસ્યા રહે છે. વિકાસના મોટા મોટા દાવા કરતી સરકાર ગામમાં પાણી પુરૂ પાડવામાં પણ નિષ્ફળ રહી છે. ગામમાં તાત્કાલિક ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવે તેવી માંગ કરી હતી.

# કચ્છમાં ૮ થી ૧૪ જૂન દરમિયાન 'પ્રગતિપથ યાત્રા' અને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે

**'પ્રગતિપથ યાત્રા' અને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'ના આયોજનને લઈને કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ**



ભુજ - કચ્છઉદય : વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તેમજ વિકાસની પ્રક્રિયામાં નાગરિકોની વ્યાપક લોકસહભાગીતા વધારવાના હેતુથી કચ્છ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોના સુચારું આયોજન અને અમલીકરણ માટે કચ્છ જિલ્લા કલેક્ટ અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી તા. ૮ જૂન થી ૧૪ જૂન દરમિયાન જિલ્લા સ્તરે યોજાનારી 'પ્રગતિપથ યાત્રા' અને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંગેની વિસ્તૃત રૂપ રેખા તૈયાર કરવામાં આવી હતી. નાગરિકો આ કાર્યક્રમોના ઉદ્દેશ્યને સચોટ રીતે સમજી શકે અને તેમાં ઉત્સાહભેર જોડાઈ શકે તે માટે કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયા દ્વારા સંબંધિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ થયેલા વિવિધ પ્રકલ્પો અને વિકાસ કાર્યોથી નાગરિકો માહિતગાર થાય તે માટે ૮ જૂન થી ૧૪ જૂન દરમિયાન 'પ્રગતિપથ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં કચ્છ જિલ્લાના અંદાજે ૧૨ જેટલા વિકાસલક્ષી અને ઉત્કૃષ્ટ સ્થળોને આવરી લેવામાં આવશે. આ મુલાકાત બે તબક્કામાં યોજાશે, જેમાં પ્રથમ તબક્કામાં સંસદસભ્ય, ધારાસભ્ય તેમજ જિલ્લાના ૮-૧૦ લોકોના જૂથમાં ઉત્કૃષ્ટ સ્થળોની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું છે. બીજા તબક્કામાં જિલ્લાના વિદ્યાર્થીઓ, સંતો-મહંતો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સમાજના વિવિધ વર્ગો માટે મુલાકાત ગોઠવવામાં આવી છે. રાજ્યના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવા અને સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે જિલ્લાકક્ષાએ એક પ્રબુદ્ધ સંમેલન એટલે કે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોની ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમમાં પદ્મ એવોર્ડ વિજેતાઓ, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓ, રાજ્ય સરકાર દ્વારા સન્માનિત વ્યક્તિઓ, શ્રેષ્ઠ શિક્ષકો, કૃષિ નવોચાર એવોર્ડ પ્રાપ્ત ખેડૂતો, રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર ખેલાડીઓ તેમજ સામાજિક અને સહકારી ક્ષેત્રના આગેવાનોને વિશેષ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સંમેલનમાં મુખ્ય મહેમાનો અને વક્તાઓ દ્વારા "બાર વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણ" ના વિષય પર અલગ અલગ મુદ્દાઓને આવરીને વક્તવ્ય આપવામાં આવશે. આ બંને કાર્યક્રમોના અસરકારક અમલીકરણ અને દેખરેખ માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'જિલ્લાકક્ષાની સંકલન સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ ઉપ રાંત, કાર્યક્રમના સુદ્રઢ આયોજન માટે આમંત્રણ સમિતિ, વ્યવસ્થા સમિતિ, મીડિયા અને પ્રચાર સમિતિ તેમજ સુરક્ષા સમિતિ જેવી વિવિધ પેટા સમિતિઓ બનાવવામાં આવી છે. કલેક્ટર અનિલ રાણાવસિયાએ તમામ અધિકારીઓને સોંપાયેલી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરીને વધુમાં વધુ નાગરિકો આ કાર્યક્રમમાં સહભાગી થાય તે માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. કચ્છ જિલ્લા કલેક્ટરે અનુરોધ કર્યો છે કે, આ કાર્યક્રમમાં નાગરિકો ઉત્સાહભેર જોડાઈને વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવે.

# ડિગ્રી માત્ર ઓળખ આપે છે પરંતુ કૌશલ્ય જ સફળતા અપાવે છે : બીનુ પિલ્લાઇ

**ધોરણ ૧૨ પછી કારકિર્દી ઘડતરમાં બીસીએ અને બી. એસસી કમ્પ્યુટર સાયન્સ વચ્ચે સાચી પસંદગીની મથામણ : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના આજના યુગમાં આઇટી ઉદ્યોગની બદલાતી માંગ વચ્ચે વિદ્યાર્થીઓ માટે સાચું માર્ગદર્શન**

ભુજ - કચ્છઉદય : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના વર્તમાન યુગમાં કમ્પ્યુટર શિક્ષણ માત્ર એક સામાન્ય કોર્સ નથી રહ્યો, પરંતુ તે ભવિષ્યની કારકિર્દીનો પાયાનો પથ્થર બની ગયો છે. ધોરણ ૧૨ પાસ કર્યા પછી હજારો વિદ્યાર્થીઓ સામે એક જ મોટો પ્રશ્ન ઊભો થાય છે કે આગળ વધવા માટે બીસીએ કે બી.એસસી. કમ્પ્યુટર સાયન્સમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. આ સંજોગોમાં સવાલ એ નથી કે કયો કોર્સ વધુ સારો છે, પરંતુ સવાલ એ છે કે વિદ્યાર્થીઓના સપના, તેમની વ્યક્તિગત ક્ષમતા અને આજના ઉદ્યોગ જગતની માંગ માટે કયો કોર્સ વધુ યોગ્ય અને ફળદાયી સાબિત થઈ શકે તેમ છે.

કમ્પ્યુટર શિક્ષણના આ બંને પ્રવાહોની પ્રકૃતિ તદ્દન ભિન્ન છે. બી.એસસી. કમ્પ્યુટર સાયન્સ મુખ્યત્વે કમ્પ્યુટર વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો, એલ્ગોરિધમ્સ, ગણિતીય વિશ્લેષણ અને સંશોધન આધારિત અભ્યાસ પર કેન્દ્રિત છે. જો કોઈ વિદ્યાર્થીને ગણિત, થિયરી, રિસર્ચ અથવા ભવિષ્યમાં ઉચ્ચ અભ્યાસ અને અકાદમિક ક્ષેત્રમાં આગળ વધવું હોય, વૈજ્ઞાનિક અભિગમથી કમ્પ્યુટર વિજ્ઞાનનું ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવવું હોય તો તેના માટે બી.એસસી. કમ્પ્યુટર સાયન્સ એક અનુકૂળ અને ઉત્તમ વિકલ્પ છે. પરંતુ આજના ઝડપી ઉદ્યોગ જગતમાં માત્ર થિયરી પૂરતી નથી, કારણ કે આઈટી કંપનીઓને એવા પ્રોફેશનલ્સની જરૂર હોય છે જે પ્રથમ દિવસથી જ પ્રોજેક્ટ્સ પર સીધું કામ કરી શકે. બીજી તરફ, બીસીએ એ માત્ર કમ્પ્યુટર શીખવતો કોર્સ નથી, પરંતુ તે વિદ્યાર્થીઓને આઈટી ઈન્ડસ્ટ્રી માટે સીધા તૈયાર કરતો એક વ્યાવસાયિક અને પ્રોફેશનલ કાર્યક્રમ છે. બીસીએમાં વિદ્યાર્થીઓ શરૂઆતથી જ પ્રોગ્રામિંગ, સોફ્ટવેર ડેવલપમેન્ટ, વેબ ટેક્નોલોજી, ડેટાબેઝ મેનેજમેન્ટ, મોબાઈલ એપ્લિકેશન, સાયબર સિક્યુરિટી, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એઆઈ જેવા આધુનિક વિષયો સાથે સીધો સંપર્ક સાધે છે. જ્યાં બી.એસસી. કમ્પ્યુટરના સિદ્ધાંતો સમજાવે છે, ત્યાં બીસીએ તે સિદ્ધાંતોનો વ્યવહારિક ઉપયોગ કરીને વાસ્તવિક દુનિયામાં સોફ્ટવેર અને ટેક્નોલોજી સોલ્યુશન્સ બનાવતા શીખવે છે.આ વિષય પર વિદ્યાર્થીઓને સંદેશ આપતા શિક્ષણવિદ બીનુ પિલ્લાઈ જણાવે છે કે, કોઈ પણ કોર્સ પસંદ કરતા પહેલાં એ ન વિચારો કે કઈ ડિગ્રીનું નામ મોટું છે, પરંતુ એ વિચારો કે કયો અભ્યાસક્રમ તમને તમારા સપનાની કારકિર્દી સુધી ઝડપથી અને મજબૂત રીતે પહોંચાડી શકે છે. આજના સમયમાં બીસીએ વધુ લોકપ્રિય બનવા પાછળના અનેક કારણો છે, જેમાં મુખ્યત્વે તે ઈન્ડસ્ટ્રી-ઓરિએન્ટેડ લર્નિંગ પૂરું પાડે છે. આઈટી કંપનીઓને એવા ઉમેદવારોની તલાશ હોય છે જે કોડ લખી શકે, વેબસાઈટ અને એપ્લિકેશન ડેવલપ કરી શકે તથા વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવી શકે, જેમાં બીસીએનો અભ્યાસક્રમ ખૂબ મદદરૂપ થાય છે. આ ઉપરાંત, એઆઈ, ડેટા એનાલિટિક્સ, ઓટોમેશન અને ક્લાઉડ ટેક્નોલોજી જેવી ભવિષ્યની જરૂરિયાતોને આ કોર્સમાં વણી લેવાઈ છે. આ કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ માટે સોફ્ટવેર ડેવલપર, ડેટા એનાલિસ્ટ, વેબ ડેવલપર, સાયબર સિક્યુરિટી પ્રોફેશનલ અને આઈટી કન્સલ્ટન્ટ જેવી ભૂમિકાઓમાં રોજગારની ઝડપી તકો ખૂલી જાય છે. તેમાં સામેલ ઈન્ટર્નશિપ, લાઈવ પ્રોજેક્ટ્સ અને સ્કિલ-બેઝ્ડ ટ્રેનિંગ વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન જ કોર્પોરેટ જગતનો વ્યાવસાયિક અનુભવ આપે છે. વૈશ્વિક આઈટી ઉદ્યોગમાં ભરતી કરતી કંપનીઓ હવે માત્ર મોટી ડિગ્રીનું નામ નથી જોતી, પરંતુ ઉમેદવારની સ્કિલ્સ, પ્રોજેક્ટ્સ, ઈનોવેશન અને પ્રોબ્લેમ સોલ્વિંગ એબિલિટીને વધુ મહત્વ આપે છે. આ દૃષ્ટિએ બીસીએ વિદ્યાર્થીઓને ઉદ્યોગની વાસ્તવિક જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભવિષ્ય હંમેશાં તેમની પાસે જ હોય છે જે માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ નથી કરતા, પરંતુ તેને સર્જવાની પણ ક્ષમતા ધરાવે છે. બીસીએ એ સર્જનાત્મકતા, કુશળતા અને કારકિર્દી વચ્ચેનો સાચો સેતુ છે, તેથી વિદ્યાર્થીઓએ સમજી-વિચારીને યોગ્ય કોર્સ પસંદ કરવો જોઈએ, કારણ કે આજે લેવાયેલો એક યોગ્ય નિર્ણય જ તેમની આવતીકાલની સાચી ઓળખ બનાવે.

# ભુજમાં સાંસદ ક્રિકેટ મહિલા ટુર્નામેન્ટ સિઝન-૪ નમો-કપનો થયો પ્રારંભ





ભુજ - કચ્છ ઉદય : દેશના યશશ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીદ્વારા સમગ્ર દેશમાં વિવિધ ખેલ સ્પર્ધાઓનો આયોજન કરવામાં આવે છે અને મહિલા ખેલાડીઓને બહોળી સંખ્યામાં ભાગ લેવા સાથે મહેનત, પ્રતિભા અને ટીમ વર્કથી રમત-ગમત ક્ષેત્રે આગળ વધવા સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે.

કચ્છ લોકસભા વિસ્તારની મહિલા ખેલાડીઓ રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે આગળ વધી શકે તે હેતુથી કચ્છ લોકસભાના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા જ્યુબિલી ગ્રાઉન્ડ, ભુજ ખાતે કચ્છ લોકસભા ઓપન કચ્છ ડે-નાઈટ "સાંસદ ક્રિકેટ મહિલા ટુર્નામેન્ટ - સિઝન-૪ નમો-કપ" નો શુભારંભ કરવામાં આવ્યો તેમજ આજની પ્રથમ મેચનો ટોસ વિધી સાથે પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પારુલબેન કારા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ આશિકાબેન ભટ્ટ, ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, ભુજ નગરપાલિકા પ્રમુખ શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ બિંદીયાબેન ઠક્કર, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, દંડક રૂપલબેન ચાવડા, કાઉન્સિલર મનીષાબેન સોલંકી, ધ્વનિબેન ગણાત્રા, મીનાબેન ગઢવી, ડોલીબેન શાહ, છવીબેન જાટ, પ્રકાશ ડગરા, શહેર ભાજપ મંત્રી બિંદીયાબેન ભટી, અબડાસા તાલુકા ભાજપ પ્રમુખ જયદીપસિંહ જાડેજા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રફુલસિંહ જાડેજા, કંચનબેન વરસાણી, જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી વિરમ આહીર, બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ દીપક ડાંગર, જિલ્લા યુવા મોરચાના આઈ.ટી ઈન્ચાર્જ યશ વાઘેલા શહેર ભાજપ મંત્રી નરેશ પટેલ, ઉપપ્રમુખ જયંત ઠક્કર, બક્ષીપંચ મોરચા પ્રમુખ નિલેશ ગોસ્વામી, પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષ બારોટ, મોહન ચાવડા, અલ્પેશ પટેલ, ગણપતસિંહ સોઢા, કુલદીપ સિંહ જાડેજા, રાજેશ રબારી, ઈમ્તિયાઝ સોઢા, અર્પણ ઠક્કર સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવોઓએ મહિલા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

**કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે**

# કચ્છમાં ૨૧ જૂન સુધી યોજાશે વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમો

**૧૨ થી ૨૦ જૂન દરમિયાન 'જનકલ્યાણ શિબિર' : નાગરિકોને સ્થળ પર જ મળશે સરકારી યોજનાઓનો સીધો લાભ : કચ્છમાં પર્યાવરણ જતન માટે વ્યાપક વૃક્ષારોપણ-સ્વચ્છતા અભિયાન અને ખેડૂતો માટે 'પ્રાકૃતિક ખેતી કાર્યશાળા'નું આયોજન : ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ સાથે થશે કાર્યક્રમોની પૂર્ણાહુતિ**

ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ૧૨ વર્ષ એ માત્ર શાસનના વર્ષો નથી, પરંતુ 'વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' વર્ષો રહ્યા છે. મુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યવ્યાપી સેવાકીય કાર્યક્રમોનું આયોજન કર્યું છે. 'વિકસિત ભારત @૨૦૪૭'ના ભવ્ય લક્ષ્યને સિદ્ધ કરવાના ભાગરૂપે 'વિકસિત ગુજરાત @૨૦૪૭'નું ધ્યેય સાકાર કરવા માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લામાં જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રમુખ યોજનાઓનો સમન્વય કરીને તા. ૨૧ જૂન સુધી કચ્છ જિલ્લામાં વ્યાપક જનજાગૃતિ તથા વિકાસલક્ષી કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય કચ્છના છેવાડાના સામાન્ય માનવી સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાનો અને વિકાસની આ યાત્રામાં સીધી લોકભાગીદારી વધારવાનો છે.

આ કાર્યક્રમોની શરૂઆત પર્યાવરણના જતન અને સુરક્ષાના ઉમદા હેતુથી કચ્છ જિલ્લામાં કરવામાં આવી છે. જે અંતર્ગત ૫ જૂનના રોજ 'એક પેડ માં કે નામ' થીમ હેઠળ વૃક્ષારોપણ અને જતન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ જ શૃંખલાને વધુ મજબૂત બનાવતા ૮ થી ૧૪ જૂન દરમિયાન સમગ્ર કચ્છ જિલ્લામાં વ્યાપક વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાન થકી કચ્છના નાગરિકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરી સ્વચ્છ અને હરિયાળા જિલ્લાના નિર્માણ માટે સહભાગી થવા પ્રેરિત કરવામાં આવશે.

સામાન્ય નાગરિકોના પ્રશ્નો હલ કરવા અને તેમને યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી ૧૨ જૂન થી ૨૦ જૂન દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારની સિદ્ધિઓ દર્શાવતા પ્રદર્શન તેમજ 'જનકલ્યાણ શિબિર' કચ્છમાં યોજવામાં આવશે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી સરકારી યોજનાઓ લાભ નાગરિકોને સ્થળ પર જ આપવામાં આવશે.


કચ્છના ખેડૂત મિત્રોને આધુનિક અને ઝેરમુક્ત ખેતી તરફ વાળવા તેમજ માર્ગદર્શન આપવા માટે ૧૬ જૂન થી ૨૦ જૂન દરમિયાન જિલ્લા સ્તરે 'પ્રાકૃતિક ખેતી કાર્યશાળા'નું આયોજન કરાયું છે. આ સંપૂર્ણ પખવાડિયાના વિવિધ કાર્યક્રમોની પૂર્ણાહુતિ ૨૧ જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી સાથે કરવામાં આવશે. કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયાએ કચ્છ જિલ્લા વહીવટી તંત્ર વતી તમામ નાગરિકોને આ જનકલ્યાણકારી કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જોડાઈને લાભ લેવા અપીલ કરી છે.

રસોઈમાં રાખો થોડું ધ્યાન : ગેસ બચાવી
બનો મહાન ગેસનું સ્ટવ-બર્નર ચોખ્ખું રાખો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ



# કોલસા ચોરીના કાળા કારોબાર પર LCBનો સપાટોઃ ૨૨.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત : એક ઝડપાયો

મીઠીરોહરમાં ખુલ્લા વાડામાં સંતાડેલો ૧૬૪.૯ ટન કોલસાનો જથ્થો ઝડપાયો, ચાર શખ્સો ફરાર

## કોલસા ચોરીના પર્દાફાશ બાદ ઉઠતા અનેક સવાલો

● મીઠીરોહરના ખુલ્લા વાડામાં ૧૬૪.૯ ટન કોલસાનો જથ્થો કેટલા સમયથી એકત્ર કરવામાં આવી રહ્યો હતો? ●આ કોલસો મૂળ ક્યાંથી લાવવામાં આવતો હતો અને તેની ચોરી કે છળકપટની કડીઓ ક્યાં સુધી પહોંચે છે? ●કોલસાનો જથ્થો આગળ કયા ઉદ્યોગો, વેપારીઓ કે સ્થળોએ પહોંચાડવામાં આવતો હતો? ●આટલા મોટા પાયે કોલસાની હેરફેર દરમિયાન કયા વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેમની વિગતો શું છે? ● સ્થાનિક સ્તરે સતત ટ્રક-ટ્રેલરોની અવરજવર છતાં કોઈ સરકારી એજન્સી કે પોલીસ તંત્રના ધ્યાનમાં આ પ્રવૃત્તિ કેમ ન આવી? ●ગાંધીધામ બી ડિવિઝન વિસ્તારના કયા ભ્રષ્ટ તત્વો આ ગેરકાયદેસર કારોબારને છાવરી રહ્યા હતા?●માત્ર એક જ વ્યક્તિની ધરપકડથી સંતોષ માનવામાં આવશે કે સમગ્ર રેકેટના સૂત્રધારો સુધી તપાસ પહોંચશે? ●કોલસા ચોરી અને ગેરકાયદેસર વેચાણનું આ નેટવર્ક પૂર્વ કચ્છના અન્ય વિસ્તારોમાં પણ સક્રિય છે?●અગાઉ પણ આવા જથ્થાઓની હેરફેર થઈ હોવાની શક્યતા છે? જો હા, તો તેની તપાસ કોણ કરશે? ●LCBની કાર્યવાહીમાં ખુલાસો થયા બાદ હવે સ્થાનિક પોલીસની ભૂમિકા અંગે વિભાગીય તપાસ થશે? ●કોલસાના કાળા કારોબારમાં સંકળાયેલા આર્થિક લાભાર્થીઓ અને સફેદપોશ ચહેરાઓ સુધી તપાસનો વ્યાપ વધારવામાં આવશે? ●ફરાર ચાર આરોપીઓ ઝડપાયા બાદ આ સમગ્ર રેકેટના વધુ ચોંકાવનારા ખુલાસા સામે આવશે?

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં કોલસા ચોરી અને છળકપટથી મેળવાયેલા માલના ગેરકાયદેસર વેપાર સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા મીઠીરોહર ગામે ન્ઝમ્ની ટીમે દરોડો પાડી ૧૬૪.૯ ટન કોલસાનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો.બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં હારૂન અધાભાઈ સોઢાના કબ્જા હેઠળના ખુલ્લા વાડામાં અલગ-અલગ ટ્રક અને ટ્રેલરમાંથી ચોરી અથવા છળકપટથી મેળવાયેલ કોલસો ઉતારવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન કોલસા અંગે કોઈ બિલ કે આધારભૂત દસ્તાવેજ રજૂ ન કરી શકાતા પોલીસે સમગ્ર જથ્થો કબ્જે લીધો હતો.આ કેસમાં હારૂન અધાભાઈ સોઢાની અટકાયત કરવામાં આવી છે, જ્યારે જીગરસિંહ વાઘેલા, અકબર હજામ, સંજય વર્મા અને કમલેશ ઉર્ફે કમો ડામોર નામના ચાર આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે ૧૬.૧૯ લાખનો કોલસો, બે લોડર વાહનો અને મોબાઈલ ફોનસહિત કુલ ૨૨.૨૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પીઆઈ જે.એમ. વાળા, પીએસઆઈ ડી.જી. પટેલ અને LCB ટીમે આ સફળ કાર્યવાહી અંજામ આપી હતી. ફરાર આરોપીઓની શોધખોળ તેજ કરવામાં આવી છે.

## કોલસા ચોરોના આતંક સામે લાલઆંખ જરૂરી, નહીં તો કંડલાનો વેપાર માફિયાઓના કબજામાં!

**વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરો પર ડબલ માર, કોલસા ચોરોની સિન્ડિકેટ સામે કડક કાર્યવાહી કરવાની માંગઃ કોલસા ચોરીના કાળા કારોબારે ફરી માથું ઊંચક્યું, ભ્રષ્ટ તત્વોની ભૂમિકા પણ તપાસના ઘેરામાં : મંદીથી ત્રસ્ત વેપારીઓને વધુ એક ફટકો, ચોરો અને તેમને છાવરતા તત્વો સામે કાયદા નો ધોક્કો ઉઘામો : કંડલા બંદર આધારિત વેપાર માટે ખતરની ઘંટડી, કોલસા માફિયાઓ સામે ઝીરો ટોલરન્સની માંગ ઉઠી : આટલી મોટી ચોરી તંત્રની જાણ બહાર કેવી રીતે? કોલસા ચોરોના નેટવર્ક પર ગંભીર સવાલો : વેપારીઓના માલ પર હાથફેરો, ટ્રાન્સપોર્ટરોને નુકસાન; કોલસા ચોરો સામે કડક હિસાબનો સમય**

**એલસીબીની કાર્યવાહીથી ખુલ્યો કાળા કારોબારનો પર્દાફાશ, હવે સમગ્ર નેટવર્ક સુધી પહોંચે તપાસ : પડ્યા પર પાટા સમાન સ્થિતિમાં વેપારીઓ, કોલસા ચોરી રોકવામાં નિષ્ફળ તંત્ર સામે પણ સવાલો : કોલસા ચોરોની હિંમત પાછળ કોનો હાથ? પૂર્વ કચ્છમાં ધમધમતા કાળા કારોબારની ઊંડી તપાસની માંગ**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપાયેલો કોલસાનો જંગી જથ્થો માત્ર એક ગુનાનો પર્દાફાશ નથી, પરંતુ સમગ્ર વિસ્તારમાં ફરી માથું ઊંચકી રહેલા કોલસા ચોરીના કાળા કારોબારની ગંભીર હકીકત ઉજાગર કરે છે. એલસીબીની કાર્યવાહીએ સ્પષ્ટ કરી દીધું છે કે પૂર્વ કચ્છમાં કોલસા ચોરોની સંગઠિત સિન્ડિકેટ ફરી સક્રિય બની છે અને કરોડો રૂપિયાના વેપારને બાનમાં લેવાનો પ્રયાસ કરી રહી છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલી આર્થિક મંદી અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના કારણે કંડલા સહિતના બંદર આધારિત વેપાર પર પહેલેથી જ માઠી અસર પડી રહી છે. કોલસાના વેપારીઓ માટે પરિસ્થિતિ કફોડી બની ચૂકી છે. આવા સમયમાં મહામહેનતે મંગાવેલો કોલસો ચોરી થઈ જાય ત્યારે વેપારીઓ માટે તે પડ્યા પર પાટા સમાન સ્થિતિ સર્જે છે. એક તરફ વેપાર મંદીનો માર સહન કરવો પડે છે અને બીજી તરફ કોલસા ચોરોની સિન્ડિકેટ તેમના માલ પર હાથફેરો કરી રહી છે. માત્ર વેપારીઓ જ નહીં, પરંતુ કોલસાના પરિવહન સાથે સંકળાયેલા ટ્રાન્સપોર્ટરો પણ આ ગેરકાયદેસર કારોબારના કારણે ભારે નુકસાન ભોગવી રહ્યા છે. ડીઝલના વધતા ખર્ચ, ઓછી આવક અને સ્પર્ધાત્મક બજાર વચ્ચે સાચા ટ્રાન્સપોર્ટરો પહેલેથી જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યારે કોલસા ચોરો અને તેમના નેટવર્ક દ્વારા થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ તેમના વ્યવસાય પર વધુ એક ઘાતક પ્રહાર સમાન બની રહી છે. સૌથી મોટો સવાલ એ છે કે આટલા મોટા પ્રમાણમાં કોલસાની ચોરી, સંગ્રહ અને હેરફેર થતી હોય છતાં સંબંધિત તંત્રોને તેની જાણ ન હોય તે કેવી રીતે શક્ય બને? ભારે વાહનોની અવરજવર, ખુલ્લા સ્થળોએ જથ્થાનો સંગ્રહ અને લાંબા સમયથી ચાલતી પ્રવૃત્તિઓ કોઈની નજર બહાર રહે તે વાત સામાન્ય જનતા ગળે ઉતારે તેવી નથી. આ કારણે માત્ર કોલસા ચોરો સામે જ નહીં, પરંતુ આવા તત્વોને આડકતરી રીતે રક્ષણ આપતા અથવા આંખ આડા કાન કરતા ભ્રષ્ટ ખાખીધારીઓ અને અન્ય જવાબદાર તત્વોની ભૂમિકાની પણ નિષ્પક્ષ તપાસ થવી જરૂરી બની છે. સમયની માંગ છે કે કોલસા ચોરીના એકલદોકલ બનાવ તરીકે આ કેસને ન જોવામાં આવે. સમગ્ર નેટવર્ક, તેના આર્થિક લાભાર્થીઓ, ખરીદદારો, વાહન વ્યવસ્થા સંભાળતા તત્વો અને તેમને છાવરતા ભ્રષ્ટ તંત્રના લોકો સુધી તપાસ પહોંચવી જોઈએ. કોલસા ચોરોને માફિયા બનતા અટકાવવા માટે માત્ર ગુનો નોંધવો પૂરતો નથી, પરંતુ એવી કડક અને દાખલારૂપ કાર્યવાહી થવી જોઈએ કે ભવિષ્યમાં કોઈ પણ તત્વ કંડલા અને પૂર્વ કચ્છના વેપાર જગતને નિશાન બનાવવાની હિંમત ન કરી શકે. આખરે, સાચા વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોને બચાવવા માટે કોલસા ચોરીના કાળા કારોબાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવી જ પડશે. નહીં તો આવનારા સમયમાં કોલસા ચોરોની સિન્ડિકેટ વેપાર વ્યવસ્થાને જ બાનમાં લઈ લે તેવી ભીતિ નકારી શકાય તેમ નથી.

## ભુજ આરટીઓમાં આવતીકાલથી એઆઈ ટેસ્ટ ટ્રેક શરૂ થવાની શકયતા

**વાહન ચાલકે પોતાનો ફેસ સ્કેન કરાવવો પડશે, ટેસ્ટ પહેલા ૧૦ મિનિટનો વીડિયો જોવો ફરજીયાત : અંજારમાં શરૂઆત બાદ ભુજમાં અમલીકરણ થતાં પ્રક્રિયા વધુ પારદર્શી બનશે**

ભુજ - કચ્છઉદય : આરટીઓની મોટાભાગની કામગીરી ફેશલેસ છે, ત્યારે ભુજ આરટીઓમાં પણ એઆઈ આધારિત ટેસ્ટ ટ્રેક શરૂ થવાનો છે. અંજાર આરટીઓમાં અમલીકરણ શરૂ થયું છે અને ભુજ આરટીઓમાં પણ સંભવતઃ આવતીકાલથી એઆઈ આધારિત ટેસ્ટ ટ્રેક શરૂ થાય તેવી શકયતા છે.

ગુજરાત સરકારના પરિવહન વિભાગ દ્વારા વાહન ચાલકોની ટેસ્ટિંગ પ્રક્રિયાને વધુ પારદર્શક અને આધુનિક બનાવવા માટે લેવાયેલા નિર્ણય અંતર્ગત ભુજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે આધુનિક સ્માર્ટ ટ્રેકની કામગીરી આખરી તબક્કામાં છે. ભુજ આરટીઓ કચેરીમાં આધુનિક સિસ્ટમ માટે થોડા સમય પૂર્વે જ સફળતાપૂર્વક ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે આ ટ્રેકની તમામ ટેકનિકલ કામગીરી અને તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હોવાથી, આવતીકાલથી જ અહીં એઆઈ આધારિત સ્માર્ટ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સત્તાવાર રીતે શરૂ કરવામાં આવનાર છે. ભુજમાં આ નવી સિસ્ટમ લાગુ થતાં જ અરજદારો માટે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાના નિયમો બદલાઇ જશે. નવી વ્યવસ્થા હેઠળ અરજદારો માટે સૌથી મહત્વપૂર્ણ નિયમ વાહનના રજીસ્ટ્રેશનનો રહેશે. ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે તમે જે વાહનનો ઉપયોગ કરવાના હોવ, તે વાહનનું અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. રજીસ્ટ્રેશન વગરના અથવા ટેસ્ટ માટે નોંધણી કરાવેલા વાહન સિવાયના અન્ય કોઈ પણ વાહનમાં ટેસ્ટ આપવાની મંજૂરી સિસ્ટમ દ્વારા આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, અરજદારોએ ટેસ્ટ માટે ફાળવવામાં આવેલા નિયત સમય કરતાં વહેલા કચેરી ખાતે હાજર થવાનું રહેશે અને પોતાની સાથે વાહનના તમામ જરૂરી અને માન્ય અસલી દસ્તાવેજો પણ લાવવાના રહેશે. પરીક્ષા આપતા પહેલા ૧૦ મીનીટનો વીડિયો જોવો પડશે. ફેશ સ્કેન કરાવવું પડશે. દરેક તબક્કા માટે સમય નિશ્ચિત કરાયો છે, કેમેરા મારફતે મોનિટરીંગ થવાનું છે. ડ્રાઈવિંગ દરમિયાન થનારી નાની ભૂલ પણ આ ડિજિટલ સિસ્ટમ તુરંત પકડી પાડશે, જે અરજદાર માટે લાયસન્સ ટેસ્ટમાં નિષ્ફળતાનું કારણ બની શકે છે. આ નવી પ્રક્રિયામાં કોઈ પણ માનવ હસ્તક્ષેપ નહીં હોય, ટેસ્ટ પૂર્ણ થતાંની સાથે જ તેનું પરિણામ પણ ગણતરીની મિનિટોમાં જ અરજદારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા મોકલી દેવાશે. જેથી ભવિષ્યમાં રોડ અકસ્માતો ઘટાડી શકાય અને માત્ર કુશળ હોય તેવા ચાલકોને જ ડ્રાઈવિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે. આવતીકાલથી જ ભુજના વાહન ચાલકો માટે આ સુવિધા કાર્યરત થઈ જશે. આ બાબતે આરટીઓ અધિકારીનો સંપર્ક થઈ શકયો ન હતો.

## ધમડકા ગામે સાઇટની વાડમાંથી રૂ. ૩ લાખની કેબલ ચોરી

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના ધમડકા ગામની સીમમાં આવેલી એક સાઈટમાંથી અજાણ્યા ચોર ઈસમોએ અંદાજે ૧૧૦ મીટર જેટલી કેબલ ચોરી કરી ફરાર થઈ જતાં દુધઈ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.ફરિયાદી પરમશીલભાઈ પીતાંબરલાલ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ ૨ એપ્રિલ ૨૦૨૫થી ૩ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સોએ સાઈટની વાડમાંથી આશરે રૂ. ૩ લાખ કિંમતની કેબલ ચોરી કરી હતી. વિવિધ માલિકોની સામગ્રી એકસાથે રાખવામાં આવતી હોવાથી અને ફરિયાદ દાખલ કરવામાં વિલંબ થવાને કારણે ઘટના અંગે મોડેથી જાણ થઈ હતી.આ બનાવ અંગે દુધઈ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૦૩(૨) હેઠળ અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તપાસ પીએસઆઈ વિરેનસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજા ચલાવી રહ્યા છે.

## ભુજમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જીપીએસસીની પરીક્ષા લેવાઈ




**શહેરના ૯ પરીક્ષા કેન્દ્રો પર ૧૮૮૮ પૈકી ૧૫૦૫ ઉમેદવારોએ આપી શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા : ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને પ્રતિબંધાત્મક હુકમો વચ્ચે વહીવટી તંત્રનું સફળ સંચાલન**

ભુજ - કચ્છઉદય : ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના જાહેરાત ક્રમાંક ૯૯૯૪ અંતર્ગત આજે વિવિધ વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટેની સામાન્ય અભ્યાસની સંયુક્ત પ્રિલિમિનરી પરીક્ષા સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લાના ભુજ કેન્દ્ર ખાતે પણ ખૂબ જ શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે. આજ રોજ રવિવારે સવારે ૧૧ થી બપોરે ૨ કલાક દરમિયાન યોજાયેલી આ પ્રાથમિક કસોટીમાં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨, ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨, મદદનીશ વન સંરક્ષક વર્ગ-૨, પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ તેમજ હિસાબી અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ જેવા મહત્વના પદો માટે ઉમેદવારો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. ભુજ શહેરમાં આ મહત્વપૂર્ણ પરીક્ષા માટે કુલ ૯ જેટલા પેટા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા, જેમાં અલ્ફ્રેડ હાઈસ્કૂલ, ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, શેઠ વી. ડી. હાઈસ્કૂલ, માતૃછાયા કન્યા વિદ્યાલય, જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને સેન્ટ એન્ડ્રૂઝ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે. આ તમામ પરીક્ષા કેન્દ્રોના કુલ ૭૯ બ્લોકમાં થઈને કુલ ૧૮૮૮ ઉમેદવારો માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આ અંગે માહિતી આપતા કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાની સમિતિની દેખરેખ હેઠળ તમામ પેપરો સીલબંધ રાખીને આજે સવારે સ્ટ્રોંગ રૂમમાંથી બે નિયત રૂટ પર જોનલ અધિકારીઓ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ભુજના તમામ ૯ પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર અને નિવાસી અધિક કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ નોડલ તેમજ સબ-નોડલ અધિકારીઓ દ્વારા પરીક્ષાનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે જિલ્લામાં કુલ ૧,૮૮૮ ઉમેદવારો નોંધાયા હતા, જેમાંથી ૧,૫૦૫ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૩૮૩ ગેરહાજર રહેતા ૮૦ ટકાથી વધુની હાજરી નોંધાઈ હતી. તમામ કેન્દ્રો પર કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ વિભાગની સાથે-સાથે ઈમરજન્સી સેવાઓ માટે આરોગ્ય વિભાગની ટીમો પણ કાર્યરત કરવામાં આવી

અનુસંધાન પાના નં.૫ પર

## ભુજનો વિકાસ ભાડાની ફાઈલોમાં કેદ : ૨૫ વર્ષ જૂના ડીપી પ્લાન સામે ઈજનેરો - પ્રજાનો આક્રોશ

**ભૂકંપ ઝોન-૫માં ઊભેલી જર્જરિત ઇમારતો ગમે ત્યારે સર્જશે મોટી જાનહાનિ : ભાડા દ્વારા છેલ્લા બે દાયકાથી સ્ટાફની અછતનું બહાનું ધરીને શહેરના વિકાસનો બીજો ફેઝ કે અન્ય કોઈ નક્કર કામગીરીનો અભાવ : તંત્ર માત્ર બિલ્ડિંગ પરમિશન આપવાનું જ કામ કરાતું હોવાનો ઉઠ્યો ગંભીર આક્ષેપ**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના સર્વાંગી અને આયોજનબદ્ધ વિકાસને આગળ ધપાવવા માટે છેલ્લા પચ્ચીસ વર્ષથી ખોરંભે પડેલા ડેવલપમેન્ટ પ્લાનને રદ કરીને તાકીદે નવી ટીપી સ્કીમ અમલમાં મૂકવા માટે સ્થાનિક સ્તરેથી રજૂઆતોનો દોર શરૂ થયો છે. ભુજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા છેલ્લા બે દાયકાથી સ્ટાફની અછતનું બહાનું ધરીને શહેરના વિકાસનો બીજો ફેઝ કે અન્ય કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી અને માત્ર બિલ્ડિંગ પરમિશન આપવાનું જ કામ કરાતું હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. આ પરિસ્થિતિમાં ભુજના વિકાસ માટે લોકભાગીદારી સાથેની ખાસ કમિટીની રચના કરી નવી પોલિસી ઘડવી અનિવાર્ય બની ગઈ છે. શહેરમાં જમીનોના આસમાને પહોંચેલા ભાવો અને હોટેલ ઉદ્યોગના ઝડપી વિસ્તારને ધ્યાને રાખીને, અમુક ચોક્કસ ક્ષેત્રફળથી મોટા પ્લોટ અને બાર મીટરથી વધુ પહોળા રસ્તાઓ પર બિલ્ડિંગની ઊંચાઈ સોળ મીટર સુધી કરવાની તેમજ ચાર્જેબલ એફએસઆઈ સાથે ૧.૮થી વધુ એફએસઆઈ આપવાની મંજૂરી આપવી જોઈએ. આ ઉપરાંત છેલ્લા વીસ-બાવીસ વર્ષથી પડતર રહેલી ટીપી સ્કીમ નંબર ૧ થી ૮ ની વેરિડની કામગીરી માટે ઓથોરીટી દ્વારા ત્વરિત કોઈ સંગીન યોજના બનાવવામાં આવે તે જરૂરી બન્યું છે, કારણ કે આ લાંબા સમયગાળા દરમિયાન પેઢીઓ બદલાઈ ગઈ હોવા છતાં જનતાની સમસ્યાઓ યથાવત રહી છે.

ભુજના જાગૃત નાગરિકો જણાવે છે કે, શહેરમાં ભૂકંપ પૂર્વેના બહુમાળી એપાર્ટમેન્ટ્સ હાલમાં અત્યંત જર્જરિત અને ભયજનક હાલતમાં ફેરવાઈ ચૂક્યા છે. ભુજ શહેર હજુ પણ ઉચ્ચ ભૂકંપ જોન હેઠળ આવતું હોવાથી આ બિલ્ડિંગો ગમે ત્યારે મોટી જાનહાનિ સર્જી શકે છે. આવા સંજોગોમાં આ જર્જરિત ઈમારતોને તોડી પાડીને ત્યાં રહેતા ફ્લેટ ધારકોને નવી નીતિ અંતર્ગત ઓથોરીટી હસ્તકની વર્તમાન રિલોકેશન સાઈટ અથવા નવી સાઈટ ડેવલપ કરીને પુનઃવસન કરવું અત્યંત જરૂરી છે. આ સિવાય ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા એનઓસી ન આપવાની નીતિના કારણે પણ આવા જૂના મકાનોનું નવું બાંધકામ અટકી પડ્યું છે. ભુજના ડેવલપમેન્ટ પ્લાનમાં ખાનગી માલિકીની જમીનોને ઈન્સ્ટિટ્યૂશનલ ઝોન હેઠળ દર્શાવી દેવામાં આવી છે, જે સીજીડીસીઆરના નિયમો મુજબ પબ્લિક પર્પઝ માટે અનામત ગણાતી હોવાથી ખાનગી માલિકો પોતાની જમીનનો વિકાસ કરી શકતા નથી. વળી, પચ્ચીસ વર્ષથી ડીપી રોડ કપાત કે અન્ય પ્રોજેક્ટમાં ગયેલી ખાનગી જમીનોનું કોઈ વળતર ચૂકવાયું નથી. ઓથોરીટી દ્વારા બાંધકામ મંજૂરી આપતી વખતે ભવિષ્યમાં વળતર સાથે કબજો લેવાની

અનુસંધાન પાના નં.૫ પર

## – તો મુંદરા કોકેઈન કેસમાં રહસ્યના આટ્ટાપાટ્ટા ખુલે

**ટ્રેકીંગ ડીવાઈસની તપાસ થાય તો ઘણું બધુ બહાર આવશે : પ્રથમ જ વખત ઝડપાયું છે ટ્રેકીંગ ડીવાઈઝ : આંતરરાષ્ટ્રીય કક્ષાએથી ડ્રગ્સની ખેપ પર કોણ રાખી રહ્યું છે નઝર?**

### ઘરના ઘાતકી કોણ?

**નાની બોટ મારફતે ડ્રગ્સની હેરફેરની કડીને ઉઘાડી પાડો**

ગાંધીધામ : એટીએસને બાતમી મળી હતી કે, જહાજ મુંદરા તરફ આવી રહ્યું છે અને તેમાં કોકેઈન છે. આ માલ મુંદરા ખાતે ફીશીંગ બોટમાં ડીલીવરી થવાનો હતો. ત્યાંથી દિલ્હીમાં આરોપીઓ સુધી પહોંચાડવાનો હતો. જો કે, દરિયામાં જ માલ પકડી લેવામાં આવ્યો હતો. ખરેખર મુંદરામાં ફીશીંગ બોટ લઈને ૧૧૮૦ કરોડનો ડ્રગ્સ લેવા માટે કોણ જવાનું હતુ ? તેની તપાસ કરવી જરૂરી છે. સ્થાનિકનો કોઈ વ્યક્તિ છે કે કેમ ? તેની ભૂમિકા તપાસવી જરૂરી છે. અગાઉ પણ આંતર રાષ્ટ્રીય ખેપમાં સ્થાનિક વ્યક્તિઓના નામ મદદગાર તરીકે સામે આવી ચુકયા છે. એક તરફ અબડાસાના દરિયા કાંઠે પોલીસ બીનવારસુ પેકેટ પકડે અને મુંદરામાં ફીશીંગ બોટ મારફતે કોઈ ડ્રગ્સ લેવા જાય આ પણ એક મોટો ષડયંત્રનો ભાગ હોઈ શકે. પોલીસને અબડાસાના દરિયા કાંઠે વ્યસ્ત રાખી મુંદરાથી માલ ઘૂસાડવાની પેરવી હતી. ખરેખર મુંદરા વિસ્તારમાં એજન્સીઓને આવી બોટ કે વ્યક્તિઓ નજરે આવ્યા કે કેમ ? તે દિશામાં તપાસ થવી જરૂરી છે.

ગાંધીધામઃ મુંદરાના દરિયામાંથી અઠવાડિયા અગાઉ ૧૧૮૦ કરોડનું કોકેઈન કબજે કરવામાં આવ્યું હતું. આ જથ્થો બ્રાઝીલથી લોડ કરવામાં આવ્યો હતો. કાર્ગો બોટમાં ડ્રગ્સના પેકેટની હેરફેર કરવામાં આવતી હતી. એટીએસ અને કોસ્ટગાર્ડે એક શખ્સને પકડયો હતો. જયારે એક દરિયામાં કુદી ગયો હતો. જે કોકેઈન કબજે કરવામાં આવ્યું તેના પેકેટ પર એપલના એરટેગ લગાવેલા હતા. એટલે કે, તેની પર નજર રાખવામાં આવતી હતી. આ મુદ્દે વધુ તપાસ થાય તો આંતર રાષ્ટ્રીય સિન્ડિકેટના નામો ખુલવાની શકયતા છે. ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. ડ્રગ્સના કન્સાઈનમેન્ટની અંદરથી અત્યંત આધુનિક ઈલેક્ટ્રોનિક ટ્રેકિંગ ડિવાઈસ મળી આવ્યા હતા. આ પુરાવા દર્શાવે છે કે એક અત્યંત સંગઠિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટ દ્વારા આ કરોડોના ડ્રગ્સના મુવમેન્ટ પર નજર રાખવામાં આવી રહી હતી. તપાસ એજન્સીઓનું માનવું છે કે આ ટ્રેકિંગ ડિવાઈસ ડ્રગ્સ સપ્લાય કરનારા હેન્ડલર્સ દ્વારા વાપરવામાં આવતા હતા, જેથી ડ્રગ્સ ક્યા લોકેશન પરથી રવાના થયું અને ક્યા રૂટ દ્વારા ભારત સુધી પહોંચ્યું તેની ચોક્કસ ડિજિટલ માહિતી મળી શકે. આ ડિવાઈસ દ્વારા ડ્રગ નેટવર્કના સમગ્ર સપ્લાય ચેઈન અને તેમાં સામેલ લોકોના સગડ મેળવવામાં મોટી મદદ મળશે. મહત્વનું છે કે, ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, યુરોપના કાર્ગો જહાજમાં તેના ક્રુ મેમ્બર દ્વારા મળતીયાઓ મારફતે બ્રાઝીલથી છ થેલામાં ૧૫૦ કિલો માદક પદાર્થ લાવવામાં આવ્યો છે અને ૨૬ તારીખે મુંદરા ખાતે કોઈ ફીશીંગ બોટમાં આ ડ્રગ્સની ડીલીવરી કરવાના છે. જે બાતમી આધારે દરિયામાંથી જ આ બોટને રોકી એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. એટીએસ અને કોસ્ટગાર્ડને જોઈને કેટલાક વજનદાર થેલા પાણીમાં ફેંકયા હતા. જેમાં પાંચ થેલા રિકવર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૧૫ પેકેટમાંથી ૧૧૮.૯૭૭ કિલો કોકેઈન મળી આવ્યું હતું. આ સાથે ચાર એપલ એરટેગ મળી આવ્યા હતા. કાર્ગો વહાણમાંથી નાસીરો જુમા નામનો શખ્સ પાણીમાં કુદી ગયો હતો. જે હજુ સુધી મળ્યો નથી. આ સિવાય વહાણના સ્ટીયરીંગ રૂમમાંથી જર્મન કંપનીના બે જીપીએસ સેટેલાઈટ કોમ્યુનીકેટર પણ મળી આવ્યા હતા. ટાન્ઝાનિયાના નાગરિક જુમા નાસિર ઓમારે કબૂલાત કરી હતી કે, તે નવેમ્બર ૨૦૨૫ માં અન્ય ક્રૂ મેમ્બર્સની જાણ બહાર આ કોકેઈન બ્રાઝિલથી છુપાવીને લાવ્યો હતો, અને તેને શિપના મોટર રૂમમાં સંતાડ્યું હતું. તે આંતરરાષ્ટ્રીય હેન્ડલર્સના ઈશારે આ કામ કરી રહ્યો હતો. ઓપરેશન દરમિયાન અન્ય એક ટાન્ઝાનિયન ક્રૂ મેમ્બર નિંગીતે નાસોરો જુમાને દરિયામાં કૂદી ગયો હતો, અને તેની શોધખોળ હજી ચાલુ છે. આ કન્સાઈનમેન્ટ મેળવનારા બે મુખ્ય આરોપીઓ નાઈજીરીયન નાગરિક કેલ્વિન ચુકવુમા અને યુગાન્ડાના નાગરિક બ્યારુહંગા જેમ્સની દિલ્હીના દ્વારકા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.